ISSN 0976 - 9809 V-Vidyanagar

વર્ષ : ૧૫ અંક : ૨ ફેબ્રુઆરી ૨૦૧૩ સળંગ અંક : ૪૯૬

# વિ-વિદ્યાનગર




चारुतर विद्यामंडल - वल्लभ विद्यानगर

कर्मण्येवाऽधिकारस्ते ।

**CHARUTAR VIDYAMANDAL**

**VALLABH VIDYANAGAR**




ચારુતર વિદ્યામંડળસંચાલિત સી.ઝેડ. કૉલેજ ઑફ બિઝનેસ એન્ડ મેનેજમેન્ટના વાર્ષિકોત્સવમાં અધ્યક્ષસ્થાને સીવીએમના અધ્યક્ષ ડૉ. સી.એલ. પટેલ અને માનવંતા મહેમાન તરીકે કૉલેજના દાતાશ્રી અને આહોઆના ડિરેક્ટર શ્રી સી.ઝેડ. પટેલ તથા આહોઆના અધ્યક્ષ શ્રી અલ્કેશ પટેલ, આહોઆના પૂર્વ અધ્યક્ષ એમ.પી. રામા તથા આહોઆના ડિરેક્ટર શ્રી સી.કે. પટેલ ઉપસ્થિત હતા. આ પ્રસંગે સીવીએમના માનદ કાર્યકારી મંત્રી પ્રિ. એસ.એમ. પટેલ, કૉલેજના નિયામક ડૉ. નિખિલ ઝવેરી અને આચાર્ય ડૉ. અતુલ બંસલ ઉપરાંત સ્ટુડન્ટ કાઉન્સિલના વાઈસ પ્રેસિડેન્ટ પ્રા. નિશિથ દવે અને મહામંત્રી વ્રજ પટેલ ઉપરાંત અધ્યાપક મંડળ દશ્યમાન છે. ઈન્સેટમાં આહોઆના અધ્યક્ષ શ્રી અલ્કેશ પટેલને આવકારતા સીવીએમના અધ્યક્ષ ડૉ. સી.એલ. પટેલ સાથે શ્રી સી.ઝેડ. પટેલ.



ચારુતર વિદ્યામંડળ અને વલ્લભ વિદ્યાનગરના આદ્યસ્થાપકદ્વય પૈકીના એક એવા પૂજ્ય ભાઈકાકાની સ્મૃતિમાં પ્રતિવર્ષ યોજાતા સ્મૃતિ વ્યાખ્યાનની શ્રેણીમાં આ વર્ષનું ૪૦મું વ્યાખ્યાન જાણીતા અર્થશાસ્ત્રી અને સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાતના ચાન્સેલર ડૉ. યોગીન્દર અલઘે આપ્યું હતું. આ પ્રસંગે સીવીએમના અધ્યક્ષ ડૉ. સી.એલ. પટેલ મુખ્ય વક્તાનું બહુમાન કરતા જણાય છે.



# વિ – વિદ્યાનગર


**ચારુતર વિદ્યામંડળ પ્રકાશન**

ફેબ્રુઆરી ૨૦૧૩
વર્ષ : ૧૫ અંક : ૨
(સળંગ અંક ૪૯૬)

**ચારુતર વિદ્યામંડળ**
વલ્લભ વિદ્યાનગર ૩૮૮ ૧૨૦

**સ્થાપના વર્ષ**
૧૯૪૫

कर्मण्येवाऽधिकारस्ते

**અધ્યક્ષ**
ડૉ. સી.એલ. પટેલ

**માનદ મંત્રી**
પ્રિ. આર.પી.પટેલ

**માનદ કાર્યકારી મંત્રી**
પ્રિ. એસ.એમ. પટેલ

**માનદ સહમંત્રીઓ**
શ્રી વી.એમ. પટેલ • શ્રી બી.પી. પટેલ
ડૉ. એસ.જી. પટેલ • શ્રી એમ.જે. પટેલ • ડૉ. જે.ડી. પટેલ

**તંત્રી**
રાજેન્દ્રસિંહ જાડેજા • હરિ દેસાઈ

**પરામર્શન**
રમેશ એમ. ત્રિવેદી • જયન્ત ઓઝા

**સંપાદન**
ભગીરથ બ્રહ્મભટ્ટ • સુધીર મુખરજી

**સંપાદન-સહાય**
શૈલેષ ઉપાધ્યાય • ગિરીશ ચૌધરી

**પ્રકાશક**
પ્રિ. આર.પી.પટેલ
માનદ મંત્રી, ચારુતર વિદ્યામંડળ
વલ્લભ વિદ્યાનગર - ૩૮૮ ૧૨૦

•

**મુદ્રક**
આણંદ પ્રેસ, ગામડી


## વૃત્તિ અને પ્રવૃત્તિએ વિદ્યાનગરની વિભાવનાને મૂર્ત કરતું વિશાળ જ્ઞાનસંકુલ

પ્રાથમિક અને માધ્યમિક કક્ષાએ ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમમાં શિક્ષણ સુવિધાઓ • ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સંકુલના વિજ્ઞાન, સામાન્ય, ગૃહવિજ્ઞાન પ્રવાહ • ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, યંત્રવિજ્ઞાન, ઈજનેરી વિજ્ઞાન, ઔષધ વિજ્ઞાન, લલિત કલાઓ – ચિત્ર, સંગીત, નૃત્ય, શારીરિક શિક્ષણ, આયુર્વિજ્ઞાન, બાયોટેક્નોલૉજી, હૉટેલ મેનેજમેન્ટ ટુરીઝમ ટ્રાવેલના અભ્યાસક્રમોને આવરી લેતી કૉલેજ ઑફ બિઝનેસ ઍન્ડ એડમિનિસ્ટ્રેશન, અંગ્રેજી ભાષાશિક્ષણ તથા પ્રશિક્ષણ વ્યવસ્થાની કૉલેજ • અનુસ્નાતક કક્ષાએ વાણિજ્ય અને વ્યવસ્થાપન, વિજ્ઞાન, ઔષધવિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, ઈજનેરી, દર્શનશાસ્ત્ર, અંગ્રેજી પ્રશિક્ષણના અભ્યાસક્રમો • વિવિધ વિદ્યાશાખાઓમાં વ્યાપક સંશોધનની સુવિધાઓ • કલા, વિજ્ઞાન અને માનવવિદ્યાઓના વિમર્શની ભૂમિકા રચી આપતાં પુસ્તકો-સામયિક પ્રકાશનો • વિદ્યાકીય વાતાવરણને ધબકતું રાખતી વિવિધ વ્યાખ્યાનમાળાઓ • સર્જકો, સારસ્વતો,કર્મચારીઓના સન્માનની ઉજ્જવળ પરંપરા • રમતગમત ક્ષેત્રે રાષ્ટ્રીય સ્પર્ધાઓનું યુવકોન્મુખ આયોજન • પ્રાથમિકથી લઈ અનુસ્નાતક કક્ષાનાં વિદ્યાર્થી ભાઈબહેનો માટે છાત્રાલયો, અધ્યાપક નિવાસો તેમજ આચાર્ય નિવાસોની સુવિધાઓ • સતત વિકાસની પરંપરામાં વલ્લભ વિદ્યાનગર ઉપરાંત ન્યૂ વલ્લભ વિદ્યાનગર ટાઉનશીપમાં વિવિધ અભ્યાસક્રમોવાળી શિક્ષણસંસ્થાઓની સ્થાપના થતી રહી છે. • રાજ્યની પ્રથમ મહિલા ઈજનેરી કોલેજ, સરદાર પટેલના જીવન અને કાર્ય માટે દેશની સર્વપ્રથમ સંશોધન સંસ્થા તેમજ સમગ્ર ગુજરાતમાં અંગ્રેજી માધ્યમની સ્નાતકકક્ષાની પત્રકારત્વ અને સમૂહ માધ્યમોની કોલેજ • ગુજરાતની યુવાપેઢીને સનદી સેવાઓમાં પ્રવેશ અપાવવા માટેની સીવીએમ આઈએએસ એકેડેમી. • કાયદાશાસ્ત્ર અને ન્યાયશાસ્ત્રની અનોખી કૉલેજ • ઈન્ટિરિયર ડિઝાઈન અને આર્કિટેક્ચરની સ્કૂલ ઉપરાંત ફાઈન આર્ટ્સની ડિગ્રી કૉલેજ.


**• અંકની છૂટક કિંમતઃ ₹ ૧૫/- • રવાનગી ખર્ચઃ ₹ ૧૦/- • વાર્ષિક લવાજમઃ ₹ ૧૫૦/-**

**• વિદ્યાર્થી લવાજમઃ ₹ ૧૦૦/- • આજીવન લવાજમઃ ₹ ૧૫૦૦/-**

વલ્લભ વિદ્યાનગરના આદ્યસ્થાપકો પૈકી એક ભાઈકાકાએ ઈ. સ. ૧૯૬૪માં આ વિદ્યાકેન્દ્ર ઉપરથી એક સામયિક પ્રકાશિત થાય જેમાં સાહિત્ય અને શિક્ષણવિષયક સંસ્કારલક્ષી સામગ્રી રજૂ થાય અને ઉચ્ચ અભ્યાસ અર્થે આવતી કિશોર-યુવાપેઢી એથી લાભાન્વિત થાય; વિદ્યાર્થીઓ અને અધ્યાપકો પણ એમાં સક્રિય રસ લેતા થાય એવી મનીષા પ્રગટ કરી હતી. ફલસ્વરૂપ ૧૯ નવેમ્બર ૧૯૬૪ના રોજ 'વલ્લભ વિદ્યાનગર' પાક્ષિકનો આરંભ થયો. પછીથી એ માસિક સ્વરૂપે 'વિદ્યાનગર' નામે પ્રગટ થતું રહ્યું. । વિ । નામે એનો ત્રીજો અવતાર થયો ત્યારથી વર્તમાન અધ્યક્ષ ડૉ. સી.એલ.પટેલની નિસ્બત અને ઉદારતાના ફળસ્વરૂપે તે નવપલ્લવિત થયું, અને ઈ.સ. ૧૯૯૯ થી નિયમિતપણે 'વિ-વિદ્યાનગર' એ નામથી પ્રકાશિત થતું રહ્યું છે.

**વિ-વિદ્યાનગર**

'વિ-વિદ્યાનગર' ચારુતર વિદ્યામંડળની વેબસાઈટ

**www.ecvm.net**

પર મૂકવામાં આવે છે. દેશ-વિદેશના વાચકોને પ્રતિભાવ જણાવવા વિનંતી.

__આ માસની વિચારકણિકા__

**ભિક્ષાવૃત્તિને ઉત્તેજન આપવું**
**એમાં પુણ્ય નથી, પણ પાપ છે.**

● સરદાર પટેલ


# વિ-વિદ્યાનગર

## ચારુતર વિદ્યામંડળ પ્રકાશન

ફેબ્રુઆરી ૨૦૧૩

વર્ષ : ૧૫ અંક : ૨

(સળંગ અંક ૪૯૬)

**ISSN 0976 - 9809 V-Vidyanagar**


**यं हि न व्यथयन्त्येते पुरुषं पुरुषर्षभ ।**
**समदुःखसुखं धीरं सोऽमृतत्वाय कल्पते ॥**
**भगवद्गीता । २:१५ ।**

**તે પીડી ન શકે જેને, સમ જે સુખદુઃખમાં,**
**તે ધીર માનવી થાય પામવા યોગ્ય મોક્ષને.**
ભગવદ્ગીતા ૨:૧૫


॥ અધ્યક્ષસ્થાનેથી ॥ યુવાધન અને તેની યોગ્ય દોરવણી ★ ડૉ.સી.એલ.પટેલ
॥ પ્રાથમ્ય ॥ ખરો રાષ્ટ્રનાયક રાણા પ્રતાપ ★ હરિ દેસાઈ / 1
॥ આપણો વારસો અને વૈભવ ॥ પદ્ય વિભાગ ॥ ★ નરસિંહ મહેતા, નર્મદ, ઉમાશંકર જોશી, પ્રજારામ રાવળ, સુન્દરમ્ / 3
॥ ગદ્ય વિભાગ ॥ કયે અખાડે જશું? ★ ઝવેરચંદ મેઘાણી / 4
॥ નવાં કાવ્યો ॥ ★ નીલેશ પટેલ, કિશોર મોદી, નિખિલ જોશી / 5
॥ પ્રેરણા ॥ જુદી જ શક્તિવાળો ★ મંજુલા રાવ / 6
॥ લઘુનવલ ॥ ફૂલ વિનાની વેલ ★ કિરીટ ગોસ્વામી / 7
॥ વિમર્શ ॥ સંક્રાન્તિ ૨૦૧૩ ★ પ્રકાશ ન. શાહ / 10
॥ વિમર્શ ॥ સોમનાથ : ઈતિહાસના પરિપ્રેક્ષ્યમાં ★ રોમિલા થાપર / 10
॥ સંશોધન ॥ સોમનાથ, ઈતિહાસલેખન અને કોમી એકતા ★ ગૌરાંગ જાની / 12
॥ સંશોધન ॥ સોમનાથ અને કોમવાદ ★ ઉર્વીશ કોઠારી / 16
॥ સંશોધન ॥ ઈસ્લામિક સાહિત્યમાં સોમનાથ ★ ઝેનામાબીબી કાદરી / 18
॥ સંશોધન ॥ મલેક ગોપીનાથનું સુરતના વિકાસમાં પ્રદાન ★ દીપકભાઈ એમ. પટેલ, મનીષાબેન કે. પટેલ / 22
॥ વ્યાખ્યાન ॥ સ્કૂલ ઑફ લૉ ઍન્ડ ગવર્નન્સ ★ માધવ મેનન / 28
॥ ડાયસ્પોરા ॥ ભારતી પંકજની કવિતા ★ અદમ ટંકારવી / 37
॥ વિજ્ઞાન ॥ બ્રહ્માંડ કિરણો(Cosmic Rays)ની સદી ★ હેતલ કિરીટકુમાર ગાંધી / 39
॥ Key-note ॥ Innovations in Social Science and Language Education ★ G. Srinivas / 40
॥ Key-note ॥ New Trends in Mechanical Engineering ★ Jiju Antony / 47
॥ Key-note ॥ Global Challanges ★ S. Channiwala / 48
॥ રમન્તે તત્ર દેવતા ॥ સ્ત્રીનાં વિવિધ સ્વરૂપ★ પારુલટીના દોશી / 49
॥ વિદ્યાવૃત્ત ॥ / 51

# યુવાધન અને તેની યોગ્ય દોરવણી

આપણો દેશ ભારત યુવાનોના દેશની ગણતરીમાં આવે છે કારણ ૪૦ ટકાથી વધારે વસ્તી યુવાન ભાઈ-બહેનોની છે. કોઈપણ વ્યક્તિ યુવાન હોય ત્યારે તેનામાં જોશ હોય. એ જોશનો પૂરેપૂરો ઉપયોગ તેના પોતાના ઉત્કર્ષ માટે અને દેશના ઉત્કર્ષ માટે થાય તો દેશ ખૂબ સારો વિકાસ કરી શકે છે. હમણાં ગુજરાત રાજ્યની ચૂંટણી પૂરી થઈ. શ્રી નરેન્દ્રભાઈ મોદીની આગેવાનીમાં છેલ્લી બે મુદતથી જે વિશ્વાસ સંપાદન કર્યો હતો તેવો જ ફરીને રાજ્યની પ્રજાએ શ્રી નરેન્દ્રભાઈ મોદીમાં વિશ્વાસ મૂક્યો. દરેક પક્ષના પોતાના ચૂંટણી ઢંઢેરામાં ઘણી બધી બાબતો રાજ્ય ચલાવનાર સરકાર માટે જવાબદારીના રૂપમાં જરૂરી બને છે તેવાં વચનો ઉપરાંત બીજાં ભ્રામક વચનો પણ દરેક પક્ષના ચૂંટણી ઢંઢેરામાં જોવા મળ્યાં. ચૂંટાયેલી સરકાર માટે યુવાનોના જોશનો પૂરેપૂરો ઉપયોગ કરવા માટેનો પડકાર છે તે પાંચ વર્ષમાં કઈ રીતે પૂરો કરશે તે રાજ્ય સરકાર અને તેના મંત્રીઓ પોતાનાં ખાતાંની જવાબદારીઓને પૂરી કરવા માટે પંચવર્ષીય મુસદ્દો તૈયાર કરવા લાગી ગયા છે. એ કામે ના લાગ્યા હોય તો આપેલાં વચનો પૂરાં કરવા માટે વધુ સમય ના વેડફાય તે રીતે કાર્યવાહી કરવી જરૂરી છે.

સરકારને લાગેવળગે છે ત્યાં લગી સરકારી ખાતાંની જવાબદારી સંભાળતા જુદા જુદા વિભાગોની નિષ્ક્રીયતા દિનપ્રતિદિન વધતી જાય છે. ગરીબ અને તવંગર વચ્ચેની ખાઈ વધતી જાય છે. આ સંજોગોમાં ગુજરાતની સરકારે વિચારવું પડશે કે આપેલાં વચન મુજબ યુવાનોના જોશને સારા માર્ગે વાળવા માટે સમયબદ્ધ આયોજન વહેલી તકે કરવું પડશે. આપણે છેક આસામના બોડો આંદોલન, પશ્ચિમ બંગાળ, ઓરિસ્સા અને બિહારનાં માઓવાદી આંદોલનો અને બીજા આદિવાસી વિસ્તારોમાં થતાં આંદોલનો તથા દક્ષિણમાંની નક્સલ પ્રવૃત્તિમાંથી બોધપાઠ લેવો પડશે. ગુજરાતમાં પણ ચીમનભાઈ પટેલની સરકારે નવનિર્માણ આંદોલનનો સામનો કરવો પડ્યો હતો. આ બધા માટે સરકારે પોતાનામાં જાગૃતિ કેળવવી પડશે અને સમાજના દરેક વર્ગની જરૂરિયાત સાથે બધા જ વિસ્તારમાં લોકોને જીવવા માટે મથામણ ન કરવી પડે તેવું આયોજન થાય તે જરૂરી છે. રાજ્યમાં સાક્ષરતા, ગરીબી નાબૂદી માટે રાજ્ય સરકારે તબક્કાવાર કાર્યક્રમો હાથ ધરવા પડશે.

ભારતના બંધારણમાં વ્યક્તિવિશેષને જે મહત્ત્વ આપેલું છે તેની પૂરેપૂરી જવાબદારી રાજ્ય અને ભારત સરકાર સમજી વિચારીને ઉપાડે, જેથી ગરીબ અને તવંગર વચ્ચેની ખાઈ ઓછી થાય અને ગરીબી રેખા નીચે જીવતા સમુદાય નહીંવત તાય. દેશમાં કે રાજ્યમાં ઔદ્યોગિક વિકાસ જરૂરી છે, પરંતુ આવા વિકાસમાં પ્રજાના ભોગે ઔદ્યોગિક વિકાસ થાય તેમાં પ્રજાને ફાયદો નથી. ફક્ત ઉદ્યોગો જ કમાણી કરે છે. આજે તો સારી દુનિયા ગ્લોબલ વૉર્મિંગની

ભૂમરાણ મચાવે છે, પરંતુ રાજ્ય કે કેન્દ્ર સરકાર ઔદ્યોગિક વિકાસ વખતે પર્યાવરણની કાળજી લેતી નથી. એટલે આ બાબતને ખૂબ ગંભીરતાથી વિચારી કાર્યવાહી કરવી ઘટે.

કેળવણીની બાબતમાં સરકારશ્રી પોતાની સંસ્થાઓ અથવા તો અનુદાનથી ચાલતી સંસ્થાઓમાં જરૂરી નાણાં સમયસર નહીં ફાળવવાને લીધે અને શૈક્ષણિક તથા બિનશૈક્ષણિક ખાલી જગ્યાઓ સમયસર નહીં ભરાવાને લીધે વિદ્યાર્થીઓનું ઘડતર બરાબર થતું નથી. આપણા વિદ્યાર્થી સક્ષમ પૂરવાર થતા નથી. આમ રાજ્યમાં સ્થપાયેલા ઉદ્યોગોમાં પણ રાજ્યના યુવાધનને યોગ્ય સ્થાન પ્રાપ્ત થતું નથી. આ માટે ખૂબ જાગૃતિપૂર્વક સરકારશ્રીએ પોતાની જવાબદારી નિભાવી સંસ્થાઓ સારી રીતે ચાલે, યુવાનોને જરૂરી શિક્ષણ પ્રાપ્ત થાય અને પ્રેક્ટિકલ અનુભવ મળે તે માટે ખાલી જગ્યાઓ માટે તાત્કાલિક ભરતી કરવી અને પ્રયોગશાળાઓ માટે જરૂરી સાધનો વિગેરેની વ્યવસ્થા કરવી જોઈએ.

જેઓ શિક્ષણકાર્ય સાથે જોડાયેલા છે તેઓ આ કાર્યને વધુ સારી રીતે પાર પાડી શકે તે માટે પોતાની જાતને વધુ સારી રીતે તૈયાર કરે. શિક્ષણ મૂલ્ય આધારિત(વેલ્યુ બેઈઝ્ડ) થાય તો જ આ દેશના ૪૦ ટકા યુવાધનને આપણે દેશના ઉત્કર્ષ માટે જોડી શકીએ. હમણાં હમણાં રાજ્ય સરકાર પોતાના પ્રદેશમાં યુનિવર્સિટીની સંખ્યા વધે તેને માટે ખૂબ પ્રયત્ન કરે છે. રાજ્યમાં ખાનગી યુનિવર્સિટીઓ સ્થપાયા બાદ તેમનું મૂલ્યાંકન નિષ્ણાત શિક્ષણશાસ્ત્રીઓ મારફત કરાવવું જરૂરી છે. ઘણી ખાનગી યુનિવર્સિટીઓમાં તો કુલપતિઓની પસંદગી પણ યોગ્ય રીતે થતી નથી. તેવી જ રીતે રાજ્ય સરકારના નિધિથી ચાલતી યુનિવર્સિટીઓમાં જે કુલપતિઓની નિમણૂકો થાય છે તેમાં પણ રાજ્ય સરકાર તરફથી પૂરતી જવાબદારી નહીં લેવાને કારણે યુનિવર્સિટીમાં ચાલતા અભ્યાસક્રમો ખોડંગાતા ચાલતા હોય ત્યાં નવા નવા અભ્યાસક્રમો દાખલ કરવાની વાત જ ક્યાં કરવી? દુનિયાના વિકસિત દેશોનો દાખલો લઈને આપણે આપણી યુનિવર્સિટીઓ અને તેમના સંચાલનમાં ધળમૂળથી ફેરફાર કરવાની જરૂર છે. આજે યુનિવર્સિટી કોઈપણ નવો અભ્યાસક્રમ તેની જોડાણવાળી કૉલેજમાં મંજૂર કરે ત્યારે આવી જરૂરિયાતને પહોંચી વળવાની ક્ષમતા માટે યુનિવર્સિટી કોઈ ચિંતા નથી રાખતી તેવું માલૂમ પડ્યું છે. પાંચ-પાંચ વર્ષથી વધુ સમયમાં રાજ્ય સરકારથી ચાલતી, અનુદાનપ્રાપ્ત કરતી અને સ્વનિર્ભર સંસ્થાઓમાં કાયમી આચાર્ય કે અધ્યાપકો નહીં હોવા છતાં યુનિવર્સિટી જોડાણ આપે છે, એટલું જ નહીં કાયમી જોડાણ પણ આપે છે. રાજ્ય સરકારનો શિક્ષણ વિભાગ નિષ્ક્રિયતા છોડી જરૂરી નિર્ણય લે તે ખૂબ જરૂરી છે.

(૨૨ જાન્યુઆરી ૨૦૧૩)

સી. એલ. પટેલ

# ખરો રાષ્ટ્રનાયક રાણા પ્રતાપ

ભારતના ‘હીરો’ તરીકે કોને લેખવા એ મુદ્દે અલગ અલગ સમયે અલગ પ્રાંતમાંથી અલગ અલગ નામ આગળ કરાતાં રહ્યાં છે. મુશ્કેલી એ વાતની છે કે, હજુ સુધી આપણે ત્યાં રાષ્ટ્રનાયક કોને ગણવા એ વાતે સર્વાનુમત શક્ય બન્યો નથી. પૌરાણિક પાત્રોમાંથી ભગવાન રામને આ દેશના મસ્લિમો અને ખ્રિસ્તીઓએ પણ રાષ્ટ્રપુરુષ ગણવા જોઈએ એવી શીખ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વિચારપુરુષ માધવ સદાશિવ ગોલવલકર(ગુરુજી) આપતા રહ્યા છે, પણ છેલ્લી પાંચ સદીઓના ઈતિહાસમાં થઈ ગયેલી વ્યક્તિઓમાંથી રાષ્ટ્રનાયક કોણ એ હજુ વિવાદનો જ વિષય છે. રાષ્ટ્રપિતા તરીકે મોહનદાસ કરમચંદ ગાંધીનું નામ ઠરાવાયું, પણ સંઘ-ભાજપના એકથી વધુ વરિષ્ઠ નેતાઓ આજે પણ પ્રગટપણે એવું કહીને ગાંધીજીને રાષ્ટ્રપિતા માનવાનું નકારતા રહ્યા છે કે આ દેશ કાંઈ ૧૯૪૭માં જ બન્યો નથી. એ તો પાંચ હજાર વર્ષથી અસ્તિત્વમાં છે. વર્તમાન સ્વરૂપમાં ભારત પાંચ હજાર વર્ષથી અસ્તિત્વમાં હોવાની વાત વાસ્તવિક કરતાં કાલ્પનિક વધુ લાગે છે. હા, ભારતીય સંસ્કૃતિ અને પરંપરા હજારો વર્ષ પુરાણી છે એ વાત સૌએ સ્વીકારવી જ પડે.

તો રાષ્ટ્રનાયક કોણ? ગાંધીજી કે પછી બીજું કોઈ? કૉંગ્રેસીઓએ રાષ્ટ્રનાયક ગણાવવા હોય તો પંડિત જવાહરલાલ નેહરુને ગણાવશે કે પછી રાજીવ ગાંધીને? જોકે રાષ્ટ્ આખું જેના નામથી ગૌરવ અનુભવે અને જેના ભણી આદર વ્યક્ત કરે એવાં નામોમાંથી ત્રણ નામ પ્રગટવાં સ્વાભાવિક છેઃ રાણા પ્રતાપ, છત્રપતિ શિવાજી અને ટીપુ સુલતાન. વધુ નામોનાં ઉમેરણ પણ આ યાદીમાં થઈ શકે. જોકે રાષ્ટ્રનાયક ઠરાવવા માટેના તમામ માપદંડ નિર્ધારિત કરવામાં આવે અને એ દૃષ્ટિએ રાષ્ટ્રનાયક નક્કી કરવાની કવાયત હાથ ધરીએ તો અમુક નામો બાકાત થઈ જાય. ટીપુ સુલતાનનું મુસ્લિમ હોવું એ બહુમતી હિંદુ પ્રજા માટે રાષ્ટ્રનાયક તરીકેની સ્વીકૃતિ આપવામાં અવરોધ બની શકે. અન્યથા અંગ્રેજો સામે સતત ઝઝૂમતા રહેલા અને મોતને પણ ભેટેલા ટીપુ સામે લડનારા અંગ્રેજોના પક્ષે પેશવા-મરાઠા હતા એ વાતને રખે આપણે ચૂકીએ. ટીપુને રાષ્ટ્રપતિ ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામે ભારતીય લશ્કરી મિસાઈલ વિદ્યાનો જ નહીં, વિશ્વમાં પણ આ વિદ્યાનો જનક ગણાવ્યો એ કાંઈ અમસ્તુ નહીં જ. જોકે ટીપુએ શૃંગેરીના શંકરાચાર્યનો પડ્યો બોલ ઝીલ્યો. મરાઠાઓએ આક્રમણ ટાણે તોડેલાં મંદિરોનો જીર્ણોદ્ધાર શંકરાચાર્યના કહેવાથી જ ટીપુએ હોંશભેર કરાવ્યો હોવાની હકીકતને નકારવાનું શક્ય નથી. આમ છતાં ટીપુએ તેના રાજકીય વિરોધી એવા કેરળના હિંદુઓ પર અત્યાચાર ગુજાર્યા અથવા કેટલાકને ઈસ્લામ કબૂલ કરવાની ફરજ પાડી એ વાતે આજેય રાજયકીય ઉહાપોહ મચે છે. ટીપુના ‘વડાપ્રધાન’ તથા ‘સરસેનાપતિ’ હિંદુ હતા. ફોજ અને દરબારમાં હિંદુ હતા.

રાષ્ટ્રનાયક તરીકેનું બીજું નામ છત્રપતિ શિવાજીનું લઈ શકાય, પણ શિવાજી ક્યારેક મુઘલ બાદશાહ ઔરંગઝેબની સેનાના સરદાર તરીકે લડ્યા હતા એ ઈતિહાસને નકારવાનું શક્ય નથી. વળી શિવાજીના પિતા શહાજી બિજાપુર(કર્ણાટક)ના સુલતાનના સરદાર રહ્યા હતા. શિવાજીને રાજપૂત ગણવાનો ઈનકાર કરીને મહારાષ્ટ્રના બ્રાહ્મણો તેમના રાજયાભિષેક માટે તૈયાર નહોતા, ત્યારે છત્રપતિ થવાની હોંશ ધરાવતા શિવાજીએ વારાણસીથી ગાગા ભટ્ટને તેડાવીને પોતાને ચિત્તોડના સિસોદિયા રાજપૂતોનો વંશજ ગણાવવાની માન્યતા મેળવીને રાજયાભિષેક કરાવી લીધો હતો. શિવાજીએ ૧૬૭૪માં ૪૪ વર્ષની વયે ‘ગોબ્રાહ્મણ પ્રતિપાલક ક્ષત્રિયકુલવંત શ્રી રાજા શિવછત્રપતિ શિવાજી’ તરીકે રાજ્યાભિષેક કરાવ્યો તો ખરો, પણ એમને ‘રાજા’નું બિરુદ માર્ચ ૯, ૧૬૬૮ના રોજ ઔરંગઝેબ કનેથી જ મળ્યું હોવાની હકીકત નકારી શકાય નહીં. શિવાજીએ મુઘલ બાદશાહ ઔરંગઝેબ પાસેથી સરદેશમુખી કે દેશમુખી ૧૬૬૭માં મેળવ્યાનો ઉલ્લેખ ત્ર્યંબક શંકર સેજવલકરલિખિત ઈતિહાસમાં સર વિલિયમ ફૂટરને ટાંકીને કરાયો છે.

શિવાજી ૧૬૭૪થી ૧૬૮૦ સુધી જ રાજવી રહ્યા. એમની આઠ પત્નીઓમાંથી એક એવાં સોયરાબાઈએ ઝેર આપીને એમનો અંત આણ્યાની વાત ઈતિહાસના દસ્તાવેજોમાં હજુ વિવાદ બનીને પ્રગટે છે. જોકે સુરત લૂંટતી વેળા શિવાજીએ ઔરંગઝેબના ઈલાકામાં

આવતા આ શહેરના હિંદુ-મુસ્લિમોની કત્લેઆમ ચલાવી, પણ અંગ્રેજોને કેમ હાથ ના લગાડ્યો એ પ્રશ્ન થવો સ્વાભાવિક છે. શિવાજીના 'હિંદવી સ્વરાજ' માટે કેટલાક રાજકીય સત્તાકાંક્ષીઓ 'હિંદુ રાજ' જેવો શબ્દપ્રયોગ કરીને છત્રપતિને અન્યાય કરી બેસે છે. શિવાજી માત્ર હિંદુઓના હિતમાં કામ કરનારા રાજવી નહોતા. એ સમગ્ર પ્રજાનું કલ્યાણ ઝંખતા હતા. શિવશાહી એ સ્વરાજવ્યવસ્થા હતી, પરંતુ એમાં હિંદુઓની તુલનામાં મુસ્લિમોને અન્યા થયાનું ક્યારેય બન્યું નહોતું. શિવાજીના અંગત વિશ્વાસુ સરદારોમાં મુસ્લિમોનો પણ સમાવેશ હતો. તેમની સુરક્ષાની જવાબદારી પણ ઘણી વાર મુસ્લિમ સાથીઓ કને હતી. કૉમરેડ શ્રીપાદ અમૃત ડાંગે નોંધે છેઃ 'શિવાજીએ ધર્મ જાળવ્યો, પણ ધર્માંધતા આવવા દીધી નહોતી.' નેતાજી પાલકરે ઈસ્લામ કબૂલીને મુઘલોની સેવામાં રહ્યા પછી એ ફરી હિંદુ થયા ત્યારે શિવાજીએ તેમની ત્રીજી પત્ની સકવારબાઈની દીકરી કમલાને નેતાજીના દીકરા સાથે પરણાવી હતી.

સમગ્ર રાષ્ટ્રની વાત કરવાની હોય ત્યારે વિદેશી આક્રમણકારો તથા વિદેશી શાસકોને ક્યારેય ઝૂકેલા નહીં એવા મેવાડના સિસોદિયા રાજવીઓનું નામ ગૌરવથી લેવું પડે. રાણા પ્રતાપે મૃત્યુ પૂર્વે પુત્ર અમરસિંહને ગાદી સોંપતાં પ્રતિજ્ઞા લેવડાવી હતી કે એ તુર્કોથી દેશનું રક્ષણ કરશે. ક.મા. મુનશી નોંધે છેઃ 'આમેર(જયપુર)ના રાજા બિહારીમલે પોતાની દીકરી જોધાબાઈને મુઘલ બાદશાહ અકબરને પરણાવી. પુત્ર ભગવાનદાસ અને પૌત્ર માનસિંહ મુઘલ દરબારની ચાકરીએ રખાવ્યા છતાં પેઢીઓની પેઢીઓ સુધી મુઘલો અને વિદેશીઓ સામે ઝઝૂમતા રહેલા ચિત્તોડના વંશજોને એમનાથી નીચલી કક્ષાએ મુકાય એ શેં સહન થાય?'

મુનશીની આ વેદના સ્વાતંત્ર્યપ્રાપ્તિ પછી સરદાર પટેલે રાજસ્થાન સંઘના રાજપ્રમુખ તરીકે મહારાજા ઑફ જોધપુરને પસંદ કર્યા અને જયપુર હાઉસને રાજસ્થાનનું મુખ્ય સત્તાકેન્દ્ર લેખ્યું ત્યારની છે. એમણે સરદારને વાત કરીને વિરોધ નોંધાવ્યો. અંતે વચલો માર્ગ કાઢતાં સરદારે મહારાણાને મહારાજ-પ્રમુખના હોદ્દે મૂક્યા હતા.

મુઘલોને ક્યારેય ચિત્તોડના રાજવીઓએ દીકરીઓ આપી નહીં. રાણા પ્રતાપના વિશ્વાસુ સાથીઓ અને સરદારોમાં પણ મુસ્લિમો હતા. તેમની સેનામાં પઠાણો પણ હતા. એમણે જંગલવાસ કરવાનું પસંદ કર્યું, પણ વિદેશીઓ સાથે સમાધાન કરીને તેમની ગુલામી વહોરીને સાહેબી ભોગવવાનું ક્યારેય પસંદ ના કર્યું. એમના વારસોએ પણ ૧૯૪૭ની સ્વાતંત્ર્યપ્રાપ્તિ વખતે પણ પોતાના પૂર્વજોના વલણને પુરસ્કૃત કરીને ભારત સાથે જ રહેવાનું નક્કી કર્યું. એના કારણે જ આજનો ભારતીય નકશો ઘડાયો છે.

રાણા પ્રતાપ સામેના જંગમાં બાદશાહ અકબરના સેનાપતિ તરીકે રાજપૂત રાજા માનસિંહ જ ટકરાયા હતા. હલ્દીઘાટીનું યુદ્ધ તો ખૂબ મશહૂર છે. રાણાએ હારીને જંગલની જિંદગી વહોરી, પણ લોભામણી ઑફરો સ્વીકારી નહોતી. ભામાશા જેવાના સહયોગથી ફરીને સેના ઊભી કરીને જંગે ચડવા એ સજ્જ થયા, પણ સૂર્યવંશી સિસોદિયા રાજપૂતના લોહીને હલકું થવા દીધું ન હતું.

કે.કા. શાસ્ત્રી જેવા ગુજરાતના વિદ્વાન પણ નોંધે છેઃ 'જયપુરના રાજવી સહિતના રાજપૂત રાજાઓએ મુઘલોની ગુલામી કરી એટલું જ નહીં, પોતાની દીકરીઓ પણ એમને પરણાવી. એકમાત્ર મેવાડના મહારાણાએ જ આ બેઉ બાબતો ક્યારેય કબૂલી નહીં.'

સંયોગ તો જુઓ – જયપુરના રાજા માનસિંહે બાદશાહ અકબરના સેનાપતિ તરીકે રાણા પ્રતાપ સામે જંગ ખેલ્યો અને મિર્ઝા રાજા જયસિંહે શિવાજી સામે ઔરંગઝેબ વતી યુદ્ધ ખેલ્યું. રાજપૂત રાજાઓએ મુઘલોથી લઈને અંગ્રેજો સુધીના શાસકોની સેવાચાકરી કબૂલી હતી, એકમાત્ર અપવાદ હતું ચિત્તોડ. ક્યારેક મેવાડે બ્રિટિશ એજન્ટને કબૂલવો પડ્યો એવા સંજોગોમાં પણ એના ચલણી નાણાં પર અંગ્રેજોની મહારાણી અને એના સિક્કાના વ્યવહારને કબૂલવાને બદલે મેવાડી સિક્કા પર 'લંડન દોસ્ત' તરીકે ઉદયપુર રાજવી ઘરાનાની આગવી છાપ અંકિત કરી હતી. મહારાણા ભૂપાલસિંહે પાકિસ્તાન સાથે જોડાવા ઉત્સુક હિંદુ મહારાજાઓની 'ભોપાલ યોજના'ની ઑફરને ઠોકર મારતાં કહ્યું હતુંઃ 'મારું ભાવિ તો મારા પૂર્વજોએ નિર્ધારિત કરી રાખ્યું છે. એમાં અમે ચૂક્યા હોત તો હૈદરાબાદ જેવડું મોટું રાજ્ય અમારી કને હોત.'

● હરિ દેસાઈ

### રૂડો માસ વસંત

આ ઋતુ રૂડી રે, મારા વ્હાલા,
રૂડો માસ વસંત;
રૂડાં તે વનમાં કેસુ ફૂલ્યાં,
રૂડો રાધાજીનો કંથ ...આ
અતિ રૂડું વૃંદાવન શોભતું,
રૂડો તે હળધર વીર ...આ
રૂડાં રંગે રબાબ વાજે,
તારુણી લેકર તાળ;
ચુતર નારી સંગ વજાડે,
મોરલી મદન ગોપાળ ...આ
રૂડા રંગ કુંકુમ કેસરના

● નરસિંહ મહેતા

### વસંતનો બહાર

આવો સુખી ગીતડાં ગાઈએ,
રુતનો રસ લઈએ ...ટેક
ખીલ્યો આ બહાર વસંતઋતુનો,
બાગમાં ફૂલડાં શોભે,
હાં રે જુઓ બાગમાં.
રંગ પરાગ ઊડી આંખે વળગે,
કો ન જુએ ઊઠી લોભે? ...આવો
સાંજ સમે પંખીડાં ગાયે,
કુંજ મનોહર લાગે'
હાં રે સુણો કુંજ.
વાદળની શોભા સહુ જોતાં,
બહુ પ્રેમ આનંદ જાગે ...આવો
નર્મદ નારી પિયુ અને પ્યારી,
રંગ રમે સુખદાયી;
હો રે બહેની રંગ.
પાડ પ્રભુનો માનીએ બહેનો,
કે આજ નથી જ જુદાઈ ...આવો

● નર્મદ

### વાયરા વાયા વસંતના

મારા પાલવને છેડલે રમતા
કે વાયરા વાયા વસંતના.

હું ના જાણું કેમ હૈયાને ગમતા,
કે વાયરા વાયા વસંતના.

બેઠી'તી મૂંગી હું તો સ્વપ્નોની કુંજમાં,
આછો સંચાર થયો પલ્લવના પુંજમાં;
ક્યાંથી આવ્યા ભુવન ભુવન ભમતા,
કે વાયરા વાયા વસંતના.

સવળ્યાં લોચન, ધસે-દિશદિશની કેડીએ,
કોની એ વાટ જુએ ચઢી મન-મેડીએ?

રમે રગેરગ માહં રૂમઝૂમતા
કે વાયરા વાયા વસંતના
મારા હૈયા પાલવમાં ઘૂમતા
કે વાયરા વાયા વસંતના.

● ઉમાશંકર જોશી

### કેરડે ફૂલ ફૂટ્યાં

કેરડે ફૂલ ફૂટ્યાં રાજ, ફૂલડાં ફૂટ્યાં
વનદેવી કાંઈ ત્રુઠ્યા રાજ, ફૂલડાં ફૂટ્યાં
કેરડે કાંટે કાંટે રાજ, ફૂલડાં ફૂટ્યાં
વગડે આડી વાટે રાજ ... ફૂલડાં ફૂટ્યાં...કેરડે
વસંતમાં નવ મહોર્યાં રાજ, ફૂલડાં ફૂટ્યાં
કાળે ઉનાળે ફોર્યાં રાજ, ફૂલડાં ફૂટ્યાં
વાયરા વસમા વાતાં રાજ, ફૂલડાં ફૂટ્યાં
ફૂલડાં ડોલે રાતાં રાજ, ફૂલડાં ફૂટ્યાં ...કેરડે
ખેતર કેરે શેઢે રાજ, ફૂલડાં ફૂટ્યાં
સીમને શેઢે શેઢે રાજ, ફૂલડાં ફૂટ્યાં
વાયરે ફૂલડાં ફરકે રાજ, ફૂલડાં ફૂટ્યાં
કંટક કાયા મટકે રાજ, ફૂલડાં ફૂટ્યાં ...કેરડે

● પ્રજારામ રાવળ

### ફાગણનું એક ફૂલ

મને ફાગણનું એક ફૂલ આપો, કે લાલ મોરા
કેસૂડો કામણગારો જી લોલ.
વનની વાટે તે વહાલા એક ફૂલ દીઠું લોલ,
એકલ કો ડાળ, એક એકલડું મીઠું લોલ,
મેં તો દીઠું દીઠું ને મન મોહ્યું કે લાલ મોરા,
કેસૂડો કામણગારો જી લોલ.
ઉત્તરના વાયરાએ ઢંઢોળ્યાં વંન લોલ
જાગી વસંત કૈંક જાગ્યાં જીવન લોલ,
મેં તો સુખડાંની સેજ તજી જોયું કે લાલ મોરા,
કેસૂડો કામણગારો જી લોલ.
રૂપલિયા વાર મારી રૂપિલિયા આજ લોલ,
સોનલા સૂરજ તારા, સોનલ ઉજાસ લોલ,
તારી વેણુમાં વેણ મેં પરોવ્યું કે લાલ મોરા,
કેસૂડો કામણગારો જી લોલ.

● સુન્દરમ્

# કયે અખાડે જશું?

માએ કહ્યું, “ભાઈ, તારી પથારી ઉપાડી લેજે હો!”

“ના, કામવાળી પાસે ઉપડાવી લેજો – મારે વ્યાયામશાળાએ જવાનું મોડું થાય છે!”

બહેને વીનવ્યું, “ભાઈ, કૂવે આવીને મને પાણી ભરી દેને, મારાથી ડોલ ખેંચાતી નથી.”

“ના, મારે તો વ્યાયામ કરવા જવાનું છે!”

બાપાએ કહ્યું, “તારી બા માંદી છે; તું વાડીએ કપડાં ધોતો આવીશ?”

“ના, મારે જવું છે અખાડે!”

કામવાળી આજે આવી નથી. વાસણ-સંજવારી રઝળે છે. ઘેર પાંચ મહેમાન છે. બા-બહેન રસોઈપાણીમાં પડ્યાં છે.

પણ વ્યાયામ કરીને આવેલો ભાઈ હાથમાં સાવરણી લેતાં શરમાય છે. એઠાં વાસણની તો સામે પણ જોતો નથી. એ કામ તો બૈરાંનું!

દસ-દસ શેરિયાં મગદળ ફેરવીને મલ્લ થયેલો ભાઈ અખાડેથી આવ્યો છે. બાપુ કહે છે, “બજારમાંથી અધમણ ઘઉં લઈ આવીશ?”

ભાઈ ઘઉં ખરીદીને બજારમાં બૂમ પાડે છેઃ “એઈ મજૂર! ચાર પૈસા લેજે, આ ઘઉં ઘેર નાખી આવ.”

ભાઈને ઘરના ઘઉં ઉપાડતાં શરમ આવે છે. …ભાઈ વ્યાયામવીર છે!

ભાઈ-ભાભી મુંબઈ જાય છે. સ્ટેશને પોતાની પત્નીની ટ્રંક ઊંચકતાં એને ભોંઠામણ આવે છે. ભાભીની કાખે છોકરું છે. તે ઉપરાંત ટ્રંક પણ એ પત્નીને માથે મેલે છે. …ભાઈ અખાડિયન છે!

અખાડાના ભાઈબંધો ભેળો ભાઈ ઊપડે છે પ્રવાસે – તળાજે, શેત્રુંજે, ઘેલા સોમનાથ. નાનાં ભાંડરડાં કહે છે, “ભાઈ, કોઈક વાર અમને સાંઢગર સુધી તો ફરવા તેડી જાવ… કો’ક દી હરણકુઈ તો બતાવો… કો’ક વાર સ્ટેશને એન્જિન જોવા તો લઈ જાવ!”

“એ મારું કામ નથી.” …ભાઈ અખાડાવીર છે!

• • •

અખાડા આપણે ત્યાં ચાલે છે, વ્યાયામવીરો પાકે છે, શરીરને ટેડાં રાખીને ઘણા ચાલે છે. પણ ઘરનાં કામ કડવાં લાગે છે. દળણું, સંજવારી ને પાણી ભરવું – એવાં સાચાં આરોગ્યદાયી અને શરીરને સુંદર સુડોળ બનાવનારાં જરૂરી ઘરકામો એ ભાઈઓ કરતા નથી. એટલું જ નહીં, પણ હલકાં ગણે છે. પોતાની જનેતા કરે તે કામ હલકાં!

સ્ત્રીઓનો પક્ષ લેવાય છે – પણ તે તો ચર્ચામાં, શબ્દના વિવાદમાં. પરંતુ રોજિંદા ગૃહજીવનમાં સ્ત્રીને આપણે કેટલી હલકી ગણી છે! શારીરિક કામ – તે તો સ્ત્રીનું! પુરુષ એ કરે તો બાયલો ઠરે. વાળવાથી ને વાસણ માંજવાથી લઈ રાંધવા અને પથારી પાથરવા સુધીનાં તમામ કામોમાં સ્ત્રી-પુરુષના ભેદો છે, ત્યાં સુધી સ્ત્રીનું પદ ઊતરતું જ છે. ત્યાં સુધી વ્યાયામશાળાની સાર્થકતા નથી.

સાચો વ્યાયામ તો સવારથી સાંજ સુધીનાં ઘરકામોમાં છલોછલ પડ્યો છે. સાચો અખાડો કુટુંબનું શ્રમજીવન છે. અખાડે જઈને દંડ પીલો છો – તો ઘરની સંજવારી પણ કાઢો; બેઠક કરો છો – તો ઘરની રસોઈમાં પણ મદદ કરો!

અખાડાનો વ્યાયામ શરીરને ઘડે છે. ઘરનો વ્યાયામ શરીરને ઘડવા ઉપરાંત પણ સાર્થક બને છે. અખાડાની કોઈ પણ કસરતને ટક્કર મારે તેવી કસરતો દળવાની ને પાણી સીંચવાની, કપડાં ધોવાની ને દાળ ખાંડવાની છે. શરીરને ઘડે, સ્વજનોને રાહત અપાવે, ગૃહને સુંદર બનાવે ને પૈસાનો દુર્વ્યય બચાવે, એવો ગૃહવ્યાયામ એ સર્વોપરી વ્યાયામ છે.

અખાડા માટે પારકી ઓશિયાળ, પૈસા ભીખવા પડે, નાલાયકોને નોતરીને સંમેલનો કરવાં પડે, ખુશામત કરીને નીચા પડવું પડે; ઉપરાંત બંધારણના અને નાણાંના ગેરવહીવટના માંહોમાંહના કજિયા જુદા! ગૃહજીવનને અખાડે પૂર્ણ સ્વગૌરવ, સંપૂર્ણ સ્વતંત્રતા અને પરમ શાંતિ.

પસંદગી પોતે જ કરી લેજો!

• ઝવેરચંદ મેઘાણી

(‘અરધી સદીની વાચનયાત્રા’માંથી)

## કરાવશું

● નીલેશ પટેલ

મૃગજળને ગર્વ હોય તો એ પણ ઉતારશું,
રેતી ઉપર જાહજને હાંકી બતાવશું,

ઈજ્જત ઉપરનો ડાઘ ઝડપથી ભૂંસાય નહિ,
કપડું નથી કે ધોઈને એ પ્હેરી નાખશું.

આગળ જવાની હોંશ છે કંકર કે ધૂળને?
સાબિત એ કરવા ધૂળ ઉપર ફૂંક મારશું.

પર્વતના રાઈ જેટલા ટુકડા કરી અને,
આ અલ્પતાનું ભાન શિખરને કરાવશું.

વરસાદનો હિસાબ શું છે વાદળો કહો?
આંખોના આંસુથી અમે ચુક્તે કરાવશું.

(શ્રી કલ્યાણી ટ્રેડર્સ, સાયણ-ઓલપાડ રોડ, મુ. પરીઆ,
પો. સાયણ, તા. ઓલપાડ, જિ. સુરત - ૩૯૪ ૧૩૦.
મો. ૯૯૯૦૯૬૩૨૨૯૧)

## આગળ ઊભો
### (સ્વાગતા ગઝલ)

● કિશોર મોદી

એકલો ખુદની આગળ ઊભો,
હું કયામતની આગળ ઊભો.

ભીતરે જળહળાટ થયો કે,
દિવ્ય એ પળની આગળ ઊભો.

જાગી માણસ થવાની તૃષા તો
દોડતો મનની આગળ ઊભો.

શબ્દ જેવું કંઈ ઉત્તમ છે નૈં,
હોઠના રવની આગળ ઊભો.

કોઈ મંઝિલ થવાનું ગમે છે,
આભમાં ધ્રુવની આગળ ઊભો.

વાત જીવનની સાંભળવી છે,
કૃષ્ણના રથની આગળ ઊભો.

કંકુવર્ણું પગલું છું કિશોર,
લાલ જાજમની આગળ ઊભો.

(1407 New York Fre Green Fllen VA B23060)

## પતંગિયાની ટોળી

● નિખિલ જોશી

શ્વાસની સાથે સાથે
ઉડાઉડ કરતા પગંતિયાઓની એક ટોળી
વારે વારે બેસીને ઓશીકે
નીંદર ને ગામ ઘર બનાવે
ધૂળના એક બગીચામાં
છાતીએ વળગાડી એમને
સમજાવું ઘણું, કરગરું ઘણું
પણ માને તો ને!

છાનામાના આવી આ પગંગિયા
રોપે છે તારી સુવાસ મારા શ્વાસમાં
ગામ ને ચોરે જઈને
વડલા નીચે ભેગા થઈને બેઠેલા
ગામલોકોની વચ્ચે જઈને
કરે છે પાંખોનો પમરાટ
ને પછી આખાય ગામમાં
સંચરતો સળવળાટ

ઘરની ઘરડી દીવાલો પર ઊંઘતા અરીસાને
ખબર ના પડે એમ લપાતો
નીકળી જાઉં હું ઘરની બહાર
ને તોય આંગણામાં આડે આવીને ઊભતી
ઉંબરની એક ચીસ
ફળિયું આમ ફેંદી ફેંદી ભૂંસવા મથતો
પતંગિયાનાં પગલાંની છાપ
પાછો વળું ત્યાંથી જ.

અગાશીની કોરેથી ડોકા કાઢતો ચંદ્ર
મારી બારીએ ઉગેલા અંધારાને ચીડવે
બારણાની તિરાડમાંથી અંદર પ્રવેશવા
હાથાપાઈ કરતો પવન પણ મોડી રાતે
થાકીને ઓસરીમાં આડો પડતો

દીવાલને પેલેપાર અંદર હું
પગથી માથા લગ ચાદર તાણીને
ટેરવે ઉપસેલા તારા સ્પર્શને સંતાડતો
બારણા પર લટકતી સાંકળને તાકતો
સૂર્ય આળસ મરડી ઊઠે એની રાહ જોતો

સવારે જાત એકઠી કરી
પગ માંડુ આંગણથી આગળ નીકળતી
ઘાસ ઊગેલ કેડી પર
ને અહીં પણ ફરી હજી પાછી
એની એ જ પતંગિયાની ટોળી
મારા ખિસ્સામાં આવીને બેસે
ને ઊગે છે પાંખ મારા પગને જાણે
તારી કને ઊડીને આવવા માટે.

(joshinikhil2007@gmail.com, www.nikhiljoshi.co.in,
wwww.shabdatirath.blogspot.com
M. 9824603013)

## જુદી જ શક્તિવાળો

મંજુલા રાવ

ચોથા ધોરણ માટે સાવ બટુક લાગે તેવો એક નાનકડો છોકરો મારા વર્ગમાં દાખલ થયો.

"હેલ્લો, તારું નામ શું છે?" મેં પૂછ્યું. તેના તોફાની સ્મિતે મારું ધ્યાન ખેંચ્યું.

"શિવદત્ત." તેણે જવાબ આપ્યો અને જે સ્પષ્ટ રીતે તે બોલ્યો તે જોઈને મને નવાઈ લાગી.

"તું તો સુંદર અંગ્રેજી બોલે છે." મેં કહ્યું.

"આભાર, મૅડમ, પરંતુ હું વાંચી કે લખી શકતો નથી." તેણે કહ્યું.

"હું આ વાત માની શકતી નથી, તો પછી તું કઈ રીતે ચોથા ધોરણમાં આવી ગયો?" મેં સામે પૂછ્યું.

"મને દર વર્ષે ઉપર ચડાવી દેવામાં આવતો હતો." તેનો જવાબ સાવ સરળ હતો.

"તું આટલું સુંદર અંગ્રેજી કઈ રીતે બોલી શકે છે?" મેં આગળ પૂછ્યું.

"મારા પિતાની હોટલ છે અને હું ઘણા બધા વિદેશીઓ સાથે વાતો કરું છું એટલે મને એ ભાષા આવડી ગઈ હતી." આ તેનો જવાબ હતો.

એ સમયે મને જાણ નહોતી કે શિવદત્ત ભણવાની અશક્તિ ધરાવતું બાળક હતો અને એ અશક્તિ જ અમને ખાસ દોસ્ત બનાવી દેવાની હતી. મને પછી જાણ થઈ કે તે ૭% માર્ક સાથે સ્કૂલમાં આવ્યો હતો. એ એક શબ્દ પણ સાચી રીતે વાંચી શકતો નહોતો કે તેણે શું લખ્યું તે ઉકેલી શકતો ન હતો. પણ તે ઉત્તમ રમતવીર હતો અને બહારની દુનિયાનું જીવન તેને ગમતું હતું.

ઘણીવાર ઈજા પામેલાં પશુ-પક્ષીઓને તે ઉંચકીને મારા ઘરે લઈ આવતો – મારા ઘરને તે પશુ-પક્ષીઓ માટેનું મ્યુઝિયમ માનતો હતો. તે જ્યારે આવા ઈજા પામેલાં પશુ-પક્ષીઓને લઈ આવતો ત્યારે તેનાં વાક્યો આ પ્રમાણે હતાં: "મૅડમ, શું આ પક્ષીને તમે તમારા ઘરમાં આશરો આપશો? તેની પાંખ તૂટી ગઈ છે." અથવા "આ મરી ગયેલો સાપ છે." લાકડી પર લટકાવેલા સાપને બતાવીને તે કહેતો.

આવા સરળ મજાના બાળક પર તમને કઈ રીતે ખીજ ચઢે, જેનો આનંદ તમને ગમતા પ્રાણીઓ જેટલો સરળ હોય?

અમે મળ્યાને ૬ મહિના થઈ ગયા પછી મેં તેના દાદાને ફરિયાદ કરી કે પરીક્ષામાં બધા મળીને તેના ૧૪% માર્ક આવ્યા છે તે કેમ ચાલે? તેના દાદાએ મને અભિનંદન આપતાં કહ્યું કે હું બહુ સારી શિક્ષક કહેવાઉં કારણ કે શિવદત્તે તો તેના ભણતરમાં સો ટકા જેટલો સુધારો કર્યો છે. ૭% ઉપરથી તે હવે ૧૪% પર પહોંચી ગયો છે. હું શું બોલું? મેં મારા હાથ ઊંચા કરી દીધા. મને તે સમયે જાણ થઈ ગઈ કે શિવદત્તને ખાસ કાળજીની જરૂર છે જે બોર્ડિંગ સ્કૂલમાં મેળવવી મુશ્કેલ હતી.

તે પછી મેં નબળા વિદ્યાર્થીઓ માટે લંચ પછી ખાસ વર્ગો લેવાનું શરૂ કર્યું, જેમાં શિવદત્તનો પણ સમાવેશ થઈ જતો હતો. તે સાવ સરળ ટૂંકી વાર્તાઓ સાંભળતો, જે કોઈ એક જણ વાંચી સંભળાવતું અને સાદા શબ્દો લખવાનો તે પ્રયત્ન કરતો. ઘણી બધી વખત તે ખોટા જ રહેતા. પરંતુ તે વાત કહેતો હતો. ક્લાસમાં બધાને પોતાના તાજેતરના શિકાર અંગે વાતો કરીને તે મજા કરાવતો અથવા પોતાના પિતાના 'રિસોર્ટ'માં રહેતા કોઈ વિદેશી વિશે વાતો કરીને બધાંને ખૂબ હસાવતો. વાચાળતાની એને કુદરતી બક્ષિસ મળેલી હતી એટલે તે સુંદર રીતે વાર્તાઓ કહી શકતો.

રમતગમત અને કુદરતે એને ભણવાના કંટાળાથી દૂર રાખ્યો હતો. પક્ષીઓ પ્રત્યેના પ્રેમના લીધે તે વહેલી સવારે જાગી જતો અને પક્ષીઓને ધ્યાનથી નીરખવા લાગી જતો. તે અનન્ય પક્ષીઓની ખોજમાં રહેતો. કૅમ્પસમાં જેટલાં પક્ષીઓ આવતાં હતાં તે બધાં તેના કૅમેરામાં કેદ થઈ ગયા હતા. તેને તે બધાં પક્ષીઓનાં નામ માલૂમ હતાં અને તે બધાં પક્ષીઓને બરાબર ઓળખી પણ જતો. એ પછી તો તેના મિત્રો તેને પક્ષી જોવા લઈ જવાનો પ્રોગ્રામ બનાવતા થઈ ગયા હતા. શિવદત્તે સ્વીકારી લીધું હતું કે ભણતર એ તેના વશની વાત નહોતી – એના બદલે એટલો સમય તે રમતગમત અને પક્ષીઓના ફોટાઓ પાડવામાં ગાળે તો તેને લાભ થશે. એટલે થયું એવું કે એક મજાના દિવસે શિવદત્તે પક્ષીઓ ઉપર સચિત્ર પુસ્તક લખવાનું નક્કી કર્યું. પુસ્તકનું લખાણ લખવામાં એક મિત્રની મદદ લેવામાં આવી જેથી કોઈપણ પ્રકારની ભૂલ ન રહી જાય. જોકે સંશોધન તો શિવદત્તનું જ રહેતું – અને હા, ચિત્રો પણ શિવદત્તનાં જ મુકવામાં આવ્યાં હતાં.

મને શિવદત્ત માટે ગર્વ હતો અને રહેશે, કારણ કે પોતાની આગવી રીતે તે કોઈપણ ઉચ્ચ અભ્યાસ કરવાવાળા કરતાં જરા ય ઊતરતો નહોતો જે એનું પુસ્તક કહી દેતું હતું.

(નવભારત સાહિત્ય મંદિરપ્રકાશિત
ઈન્ડિયન ટીચર્સ સોલમાંથી સાભાર)

*// લઘુનવલ //*

# ફૂલ વિનાની વેલ

**કિરીટ ગોસ્વામી**

**(આપણા યુવાન, સંવેદનશીલ સર્જક અને શિક્ષક શ્રી કિરીટ ગોસ્વામીની આ લુઘનવલ શિક્ષણના પરિવેશમાંથી પાત્રો લઈને માનવહૃદયના વિવિધ ભાવોનું નિરૂપણ કરે છે. 'વિ'માં તેનાં પ્રકરણો ક્રમશઃ પ્રગટ થતાં રહેશે. સુજ્ઞ વાચકોનો પ્રતિભાવ અપેક્ષિત છે.)**

(ગતાંકથી ચાલુ)

(૭)

દીપુને હૉસ્પિટલમાંથી રજા મળી તેને સાતેક દિવસ થયા હશે. માલતી અને બકુલ, ઢળતી સાંજે હિંચકે બેઠાં હતાં. બકુલે કહ્યું – "માલતી, હવે દીપુ ધીમે-ધીમે સાજો થતો જાય છે એટલે ફરી તેને કૉલેજ જવાનું પણ થશે..."

"હા, પરન્તુ હવે તેને બાઈક લઈને હું નહીં જવા દઉં!" માલતીએ તરત જ કહ્યું.

"અરે, એ સાજો થઈ જાય પછી તને શું વાંધો છે, બાઈક લઈ જવા દેવામાં?!" બકુલે બૂછ્યું.

"વાંધો!? અરે, આ બાઈકના કારણે જ તો બધું થયું છે બકુલ!" માલતી જાણે બકુલને બધું સમજાવવા લાગી.

બકુલ બોલ્યો – "પણ આ તો એક અકસ્માત હતો, માલતી! ને અકસ્માત કંઈ રોજ-રોજ થોડાં જ થાય છે?! અને આ બાઈક લેવાનો આગ્રહ પણ તારો જ હતોને!"

"હા, ખરી વાત છે! મેં જ જો તેને બાઈક અપાવવાની જીદ ન કરી હોત તો આ બધું થાત જ નહીં, બકુલ!"માલતી પોતાની જાતને કોસતાં બોલી.

"ખેર, જવા દે! એવું બધું તો ચાલ્યા કરે! એમાં તારો કંઈ દોષ નથી! આ તો કુદરતને જે મંજૂર હતું, એમ થયું છે! તું ખોટી ચિંતા ન કર, માલતી!" બકુલ, માલતીને આશ્વાસન આપલા લાગ્યો.

થોડીવાર બન્ને ચૂપ રહ્યાં.

અચાનક બકુલને કંઈક યાદ આવ્યું હોય એમ તે બોલ્યો – "અરે, હા, માલતી! એક વાત તો તને કહેવાની રહી જ ગઈ!"

"કઈ વાત, વળી?" માલતીએ ઉત્સુકતાથી પૂછ્યું.

"એ જ કે, મેં ગઈકાલે મોટાભાઈ અને ભાભીને ફોન કર્યો હતો! એ લોકો આજકાલમાં અહીં આવવાનાં છે!" બકુલે કહ્યું.

માલતી તરત જ હાંફળી-ફાંફળી થઈ ગઈ. તેણે પૂછ્યું – "બકુલ, તેં એમને દીપુના અકસ્માત વિશે પણ જણાવી દીધું છે?!"

"હા..." બકુલે સ્વસ્થતાથી કહ્યું.

"આ તેં શું કર્યું, બકુલ?! વનલતાભાભી તો આ વાત જાણીને મારો જીવ જ ખેંચી કાઢશે! એક તો એમની મરજીની વિરુદ્ધ દીપુ આપણી સાથે રહે છે એ વાતથી તેઓ નારાજ હશે અને ઉપરથી આ અકસ્માત..." માલતીના ચહેરા પર ભય અને ચિંતાની એકસામટી કૈં-કેટલીયે રેખાઓ ઉપસી આવી.

બકુલ, તેને આશ્વાસ આપતાં સમજાવવા લાગ્યો – "તું નાહક જ ચિંતા કરે છે, માલતી! એવું કશું નહીં થાય! આ તો અકસ્માત છે! એમાં તારો કોઈ જ વાંક નથી! આટલી વાત તો ભાઈ અને ભાભી પણ સમજે જ છે ને!"

"ના બકુલ, તું હજી વનલતાભાભીને ઓળખતો નથી! તેઓ તો આવી તકની જ રાહ જોતાં હશે! જોજે ને, આવતાંવેંત, તેઓ જૂની રામાયણ ખોલીને બેસી જશે! ને આખરે મારે જ બધું સાંભળવું પડશે..." માલતીની અકળામણ વધવા લાગી.

બકુલ આગળ કશું બોલે એ પહેલાં જ, અચાનક બારણું ખખડ્યું. બકુલે જઈને જોયું તો સુધીરભાઈ અને વનલતાભાભી જ આવ્યાં હતાં. એ બન્નેને જોઈને બકુલ તો રાજી થઈ ગયો – "આવો, આવો, મોટાભાઈ, ભાભી! અમે હમણાં તમને જ યાદ કરતાં હતાં! અરે, માલતી...! જો તો કોણ આવ્યું છે!"

માલતીએ ઓસરીની બારીમાંથી જોઈ લીધું. વનલતાભાભીને જોતાં જ તેના ચહેરાનો રંગ ઉડી ગયો. શરીર આખામાં એક કંપારી છૂટી ગઈ!

ભાઈ અને ભાભી ઓસરીમાં આવી ગયાં તેમ છતાં, માલતી ચૂપ જ ઊભી હતી. તેને જોઈને વનલતાભાભીએ તરત જ કહ્યું – "શું નીચું જોઈને ઊભી છે, માલતી! અમને 'આવકારો'ય નહીં આપે?!"

"અરે, આવો-આવો, ભાભી!" માલતી જરા ભોંઠપ અનુવતાં બોલી.

વનલતાભાભીની આંખોમાં ભારોભાર રોષ ભર્યો હતો – એ માલતી સ્પષ્ટ જોઈ શકતી હતી. ચૂપચાપ તે રસોડામાં જઈને ભાઈ-ભાભી માટે પાણી લઈ આવી. પાણીનો ગ્લાસ લેતાં, વનલતાભાભીએ તરત જ, માલતીની આંખમાં આંખ પરોવતાં પૂછ્યું – "મારો દીપુ ક્યાં છે?"

"અંદર ઘરમાં, સૂતો છે..." માલતી નીચું જોઈને ધીમા અવાજે બોલી.

પાણીનો ગ્લાસ મૂકીને તરત જ વનલતાભાભી ઘરમાં ગયાં. દીપુ ઊંઘતો હતો. માલતી પણ તેમની પાછળ-પાછળ ઘરમાં આવી. તેણે વનલતાભાભીને કહ્યું – "ભાભી, દીપુ ભલે સૂતો; તેને જગાડશો નહીં. હજી હમણાં જ તેને નીંદર આવી છે, આરામ કરવા દો!"

વનલતાભાભીએ તરત જ કડી આંખે માલતી તરફ જોયું અને પછી કટાક્ષમાં બોલ્યાં – "દીપુની બહુ ચિંતા થાય છે, નહીં તને?!"

"હા..." માલતી ડરતાં-ડરતાં બોલી.

વનલતાભાભીનો ક્રોધાગ્નિ ભભૂક્યો – "શરમ નથી આવતી તને? મારા એકના એક દીકરાને પહેલાં તો તેં મારી વિરુદ્ધ ભડકાવીને, મારાથી તેને અલગ કર્યો! ને એટલાંથીયે તને શાંતિ ના વળી તે, તેના આવા હાલ કર્યા?! ને ઉપરથી ચિંતા અને લાગણીનું નાટક કરે છે પાછી!"

"ના, ના, ભાભી! એવી વાત નથી!" માલતી એટલું બોલતાં તો ભીતર સુધી ધ્રૂજી ગઈ.

"ચૂપ રહે! તારી એક પણ વાત નથી સાંભળવી મારે! અરે, તું સમજે છે શું અમને?! દીપુ અમને છોડીને અહીં રહેવા આવી ગયો એ કડવો ઘૂંટડો તો હું ચૂપચાપ ગળી ગઈ... પણ આ અકસ્માત! હવે તો હું ચૂપ નથી જ બેસવાની..." વનલતાભાભીનો ક્રોધ, સાતમા આસમાને પહોંચી ગયો.

"પણ ભાભી –" માલતી કશુંક બોલવા ગઈ પણ તેનો કંઠ રૂંધાઈ ગયો. આમ પણ વનલતાભાભી, તેને કશુંય બોલવાની તક પણ ક્યાં આપે તેમ હતાં! તેઓ પોતાનો બધો રોષ, એકસામટો ઠાલવ્યે જ જતાં હતાં – "જો, માલતી! હવે બહુ થાય છે! હદ થઈ ગઈ હવે તો! મારે મારો દીપુ જોઈએ છે! હવે તું, તેને એક પળવાર માટેય નહીં રાખી શકે!"

વનલતાભાભીનો અવાજ સાંભળીને હવે દીપુ પણ જાગી ગયો. તે કંઈક બોલવા ગયો પણ તરત જ વનલતાભાભીએ તેને પણ ચૂપ કરી દીધો!

માલતી કરગરવા લાગી – "ભાભી, માન્યું કે, બધો મારો જ વાંક છે! પણ એની સજા તમે, દીપુને ના આપો! દીપુને તમે, મારાથી અલગ ના કરો! એ મારા વિના નહીં રહી શકે, ભાભી!"

"જા, જા, હવે! એવાં ખોટાં નાટક કર મા! તારી અને દીપુની વચ્ચે એવો કોઈ સંબંધ જ ક્યાં છે?! દીપુ તો મારો દીકરો છે, ફક્ત મારો! ને મારો દીકરો, મારી સાથે જ રહેશે... તારે એમાં વચ્ચે આવવાની બિલકુલ જરૂર જ નથી!" વનલતાભાભી એકીશ્વાસે બધું બોલી ગયાં.

દીપુ વચ્ચે બોલી ઊઠ્યો – "ના, મમ્મી, હું તો અહીં જ રહીશ, માલતી કાકીની પાસે!"

"નાલાયક!" વનલતાભાભીએ ગુસ્સાભેર એક તમાચો દીપુના ગાલે ચોડી દીધો. પછી દાંત કચકચાવતાં બોલ્યાં – "આ બેશરમની સાથે રહીને તું પણ શરમ વગરનો થઈ ગયો છે! તારી તો હું ઘેર જઈને ખબર લઈશ..."

"ભાભી! ભાભી! તમે આ બધું શું કરો છો? જુવાન દીકરા પર હાથ ઉપાડતાં તમને શરમ નથી આવતી? ને પોતાના એકના એક દીકરાની સાથે કોઈ આવું વર્તન કરતું હશે?!" માલતીએ દલીલ કરતાં કહ્યું.

"શરમ તો તને આવવી જોઈએ, માલતી! કોઈના દીકરાને આમ, છીનવી લઈને તેને પાલવમાં સંતાડીને બેઠી છે! ને એની માલિક થવા જાય છે પાછી..." વનલતાભાભીની જીભ, આડું-અવળું વેતરવા લાગી.

આ બધો અવાજ સાંભળીને બકુલ અને સુધીરભાઈ પણ ઘરમાં આવ્યા. સુધીરભઈએ પૂછ્યું – "શું ચાલે છે આ બધું? કઈ વાતનો દેકારો મચાવો છો તમે બન્ને?"

વનલતાભાભી બોલ્યાં – "સુધીર, હું હવે અહીં એકપળવારેય રોકાવા રાજી નથી! દીપુને લઈને આપણે અહીંથી અત્યારે જ નીકળી જવું છે..."

"અત્યારે?! પણ વનલતા –" સુધીરભાઈ કંઈક બોલવા ગયા પણ વનલતાભાભી, અધવચ્ચે બોલી ઊઠ્યાં – "બસ, સુધીર, બસ! હવે મારે કોઈની કસીય વાત સાંભળવી નથી!"

એ જ ક્ષણે વનલતાભાભી, દીપુનો હાથ પકડીને ચાલતાં થયાં. માલતી અને બકુલે, તેમને રોકવાની કોશિશ કરી પણ ભાભી, એકના બે ન થયાં. સુધીરભાઈની પણ તેમણે એકેય વાત ન સાંભળી.

જતાં-જતાં વનલતાભાભીએ, માલતીને ગાળો ભાંડતાં કહ્યું – "સાલ્લી, વાંઝણી! હવે પછી મારા દીકરા પર નજર પણ નાખીશ તો તારી આંખો ફોડી નાખીશ! આજ પછી, તારું આંગણું ચડે એ બીજા! આજથી તારે ને અમારે કાંઈ નહીં! બધા સંબંધ ભૂલી જજે, સાલ્લી, કુલટા! ને મારા દીપુનું તો નામ લીધું છે ને, તો તારી ખેર નથી..."

માલતી અને બકુલ ચૂપચાપ બધું સાંભળતાં રહ્યાં. દીપુ, ન ઈચ્છવા છતાં, લાચાર થઈને ભાઈ અને ભાભીની સાથે ચાલ્યો ગયો.

માલતીએ ભીંતનો ટેકો લઈ લીધો. પળમાં જાણે તેનાં સુખનું સરોવર સૂકાઈ ગયું! સૂનકારના કાદવમાં ફરીથી તેનું મન ખૂંપવા લાગ્યું...

(ક્રમશઃ)

(એફ-૨૦/૬૬૬, પ્રથમ માળ, રણજિતનગર,
જામનગર – ૩૬૧ ૦૦૫. મો.: ૯૮૭૯૪૦૧૮૫૨)

## લેખ સામગ્રી અને ગ્રંથાવલોકન

ચારુતર વિદ્યામંડળના પ્રતિષ્ઠિત મુખપત્ર 'વિ-વિદ્યાનગર' માટે લેખસામગ્રી સહિતની મૌલિક રચનાઓ તંત્રીશ્રીના સરનામે પાઠવવા સાહિત્ય-સાહિત્યેતર ક્ષેત્રના કલમકશો અને સંશોધકોને ભાવભીનું ઈજન છે. આપને ખાસ વિનંતી એ કરવાની કે આપની અન્યત્ર પ્રકાશિત ના થયેલી અથવા ના પાઠવેલી મૌલિક કૃતિનું મૂળ લખાણ જ પાઠવવું અથવા ટાઈપ થયેલી નકલ હોય તો તેની સાથે સાથે પત્રનોંધમાં 'વિ-વિદ્યાનગરને પાઠવેલી કૃતિ/લેખ અન્ય કોઈ સામયિક/પ્રકાશનમાં પ્રકાશિત થયેલી નથી' એવી બાંહેધરીની નોંધ અચૂક મૂકવી. આ સિવાયની લેખ/કૃતિ કે અન્ય સામગ્રી પ્રકાશન માટે સ્વીકારવામાં નહીં આવે. 'વિ-વિદ્યાનગર'માં ગ્રંથાવલોકન ઈચ્છુક પ્રકાશકો-સર્જકોએ નવપ્રકાશિત ગ્રંથની બે નકલ તંત્રીના નામે પાઠવવી અનિવાર્ય છે.

### વાચક પ્રતિભાવ

'વિ-વિદ્યાનગર' સામયિક હવે ચારુતર વિદ્યામંડળની વેબસાઈટ *www.ecvm.net* પર જાન્યુઆરી-૨૦૧૦થી મૂકાય છે. સામયિકના ગ્રાહકો-વાંચકોના પ્રતિભાવો, સૂચનો અને અન્ય પ્રકાશનયોગ્ય સામગ્રી માટે પણ નિયમિત રીતે જગ્યા ફાળવાશે. તમારા પ્રતિભાવો ગુજરાતી, હિંદી કે અંગ્રેજીમાં પાઠવવાની મોકળાશ અનુભવશો.

તમે ઈમેઈલઃ *editor.vidyanagar@gmail.com* પર પણ પાઠવી શકો છો.

*॥ વિમર્શ ॥*

## સંક્રાન્તિ ૨૦૧૩

**પ્રકાશ ન. શાહ**

(હમણાં અમદાવાદમાં ઉમાશંકર જોશી સ્મૃતિ વ્યાખ્યાન આપવા ઇતિહાસકાર પ્રા. રોમિલા થાપર પધાર્યાં. સોમનાથ મુદ્દે બોલ્યાં. ગુજરાતના બૌદ્ધિકો અને કર્મશીલોમાં ભારે ચર્ચા જાગી. વિચારપત્ર 'નિરીક્ષક'માં ડિબેટ થયાનોય ઉલ્લેખ કરવો પડે. 'વિ' પણ ચર્ચાને આવકારે છે.)

એક ઇતિહાસકાર તરીકે રોમિલા થાપરનું માર્મિક અવલોકન એ છે કે સોમનાથ પરના ગઝનીના આક્રમણને કોઈ મુસ્લિમ વિ. હિંદુ એવી સ્થાયી ભાવનાના સીમિત સંદર્ભમાં ખતવી શકાય એમ નથી. સોમનાથ પહોંચતાં પૂર્વે ગઝનીએ મુલતાનની મસ્જિદ પણ તોડી હતી. તે જમાનાના બાદશાહો અને રાજાઓ લગભગ સહજ વ્યાયામની પેઠે આવું કરતા રહેતા. ગઝનીના લશ્કરમાં હિંદુઓનું મોટી સંખ્યામાં હોવું પણ સૂચવે છે કે આ આક્રમણનું સ્વરૂપ કોઈ સામસામી રાષ્ટ્રીય સંરચનાઓનું નહોતું. રાષ્ટ્ર, રાષ્ટ્રીયતા અને રાષ્ટ્રવાદના જે ખયાલો ૧૯મી સદી ઊતરતે હતા તે આઠસો વરસ પાછળ પરબારાં લાગુ કરવા તે કંઈ નહીં તોપણ કાલવ્યુત્ક્રમ (એનેક્રોનિઝમ) તો છે જ.

બૌદ્ધિક શિસ્ત અને આબાદ અભિવ્યક્તિના વિરલ દૃષ્ટાંતરૂપ આ વ્યાખ્યાનને ખાસી સરલીકૃત ઢબે અહીં રજૂ કરવાનો આશય માત્ર એટલી એક પાયાની સમજ ઘૂંટવાનો છે કે હિંદુમુસ્લિમ એવી શ્વેતશ્યામ સમજ વીસમી સદીમાં કોઈક તબક્કે એકમાત્ર વાસ્તવની જેમ સામે આવી હોય તોપણ ઇતિહાસની વિગતો આવી સાંકડી સમજની મોહતાજ નથી. અડવાણી 'જય સોમનાથ'નો ઉલ્લેખ હુલાવીફુલાવીને કરતા રહ્યા છે, પણ નવલકથાકાર મુનશીએ સુધ્ધાં પોતે કોઈ ઇતિહાસ નથી લખી રહ્યા અને વિગતો આમ જ નથી, એ સ્પષ્ટ કરેલું છે.

દેશના ઇતિહાસને હિંદુ અને મુસ્લિમ એવા અપૂરતા ને અધકચરા ખાનામાં મૂકીને જોવાનું સાંસ્થાનિક વલણ આપણા ભૂતકાળને સમ્યક્ પરિપ્રેક્ષ્યમાં જોવામાં ગોથું ખવડાવતું રહ્યું છે અને રાષ્ટ્રવાદ તેમજ રાષ્ટ્ર-રાજ્યની યુરોપીય અવધારણાથી ગ્રસ્ત રાજકારણ (જેને અડવાણીએ 'સાંસ્કૃતિક રાષ્ટ્રવાદ'નું નામ આપ્યું છે) આપણા વર્તમાનને સારુ પણ વિષાક્તપણે વિભાજક-વિઘાતક અનુભવાતું રહ્યું છે. જોવાનું એ છે કે સંસ્થાનવાદ અને યુરોપની ભેટ સમાન આ સંકુચિત અભિગમને ભારતની ભવ્ય ઇતિહાસધારા તરીકે વર્ણવવામાં આવે છે.

(પ્રકાશ બંગલો, નવરંગપુરા, પોસ્ટ ઓફિસ પાછળ,
નવરંગપુરા, અમદાવાદ - ૩૮૦ ૦૦૯. મો.: ૯૮૭૯૯૧૯૪૨૧)

*॥ વિમર્શ ॥*

## સોમનાથ : ઇતિહાસના પરિપ્રેક્ષ્યમાં

## રોમિલા થાપર

પચાસ વર્ષ પહેલાંના ઇતિહાસકારો કરતાં આજના ઇતિહાસકારો ભૂતકાળના બનાવોના સ્વરૂપનું વધુ પૃથક્કરણ કરે છે અને વિવેચક દૃષ્ટિથી તપાસે છે. આપણે જે વાચનાઓનો સ્રોત તરીકે ઉપયોગ કરીએ છીએ અને જે વાચનાઓ છેલ્લી એક સદીથી તો પ્રચલિત છે જ, તેનો હું ઉલ્લેખ કરીશ. જોકે ઇતિહાસકારોએ ભૂતકાળની કેવળ પસંદ કરેલી વાચનાઓનો ઉપયોગ કરવાનું વલણ દર્શાવ્યું છે, આજે આપણે વિષયને અનુલગતા જે કોઈ પણ સ્રોતો મળે તે તમામને ચકાસીએ છીએ. વ્યાપક ક્ષેત્રમાં વાચનાઓની તપાસ આપણને વધુ પ્રમાણમાં પુરાવા પૂરા પાડે છે અને એને લીધે જે વિષયની ચર્ચા કરીએ તેને વિશેની આપણી જાણકારી વધે છે. આ વક્તવ્યમાં મારું પ્રયોજન કેવળ સોમનાથના મંદિરનો ઇતિહાસ પૂરો પાડવાનું નથી, પરંતુ એની સાથે સંકળાયેલા સ્થળ અને બનાવોનો ઉપયોગ એ દર્શાવવા કરવાનો છે કે ઇતિહાસકારને કેવી રીતે વિવિધ સ્રોતોને ચકાસવા પડે છે, કેવી રીતે એ એનું વિવેચક દૃષ્ટિથી પૃથક્કરણ કરે છે અને ત્યારબાદ ભૂતકાળને સમજાવવાનો પ્રયત્ન કરે છે.

પચાસ વર્ષ પૂર્વે સોમનાથનો ઇતિહાસ કેવળ એક જ પ્રકારની વાચનાઓ-તુર્કી અને પર્શિયન ભાષામાં લખાયેલી અનેક સુલતાનોના દરબારોની તવારીખોના આધારે વર્ણવવામાં આવતો હતો, કેમ કે આ દરબારોનો ઇતિહાસ મહંમદ ગઝનીના મંદિર પરના આક્રમણની સાથે શરૂ થતો હતો. સંસ્કૃત સ્રોતો, જેમ કે સોમનાથ પાસેના શિલાલેખો અને ચૌલુક્ય રાજાઓના ઇતિહાસ વિશેના જૈન પ્રબંધો જેમાં વધુ વિગતવાર ઇતિહાસ સમાયેલો હતો, તેની ઉપેક્ષા કરવામાં આવી હતી. આનું મુખ્ય કારણ એ હતું કે બ્રિટિશ વિદ્વાનોએ દલીલ કરી કે ભારતનો ઇતિહાસ ત્રણ યુગમાં વહેંચવો જોઈએ : હિન્દુ, મુસ્લિમ અને બ્રિટિશ. હિન્દુ યુગ ઇસવીસન ૧,૦૦૦ સુધી ચાલ્યો અને સંસ્કૃત પાઠોના આધારે લખાયેલો હતો. મુસ્લિમ યુગ ભારતમાં બ્રિટિશ લોકોના આગમન સુધીનો હતો અને પર્શિયન પાઠોના આધારે લખવાનો હતો. આમ મહંમદ ગઝનીનું આક્રમણ જે ૧૦૨૬માં થયું

તે મુસ્લિમ કાળ દરમિયાન થયેલું ગણાયું અને તેથી કેવળ પર્શિયન વાચનાઓને માહિતી માટે ચકાસવામાં આવી. મારા વક્તવ્યમાં હું ત્રણેય પ્રકારોના પુરાવા વિશે વાત કરીશ અને સમજાવવાનો પ્રયત્ન કરીશ કે સંસ્થાનવાદી સત્તાધારીઓએ શા માટે ભારતના ઈતિહાસની એક સામાન્ય ઘટનાને એક ખૂબ મોટા મુદ્દામાં ફેરવી દીધી.

સુલતાનોના દરબારની તવારીખોએ મહંમદના આક્રમણની સ્વાભાવિક જ યશોગાથા ગાઈ છે અને ઈસ્લામના ઈતિહાસના એક મહત્ત્વના બનાવ તરીકે અતિશયોક્તિપૂર્વક વર્ણવ્યો છે. જે લોકો બાદશાહી દરબારોની અને વંશાવળીની તવારીખો લખે છે, તેમણે રાજાઓની પ્રશસ્તિ કરવી પડે છે કે કેમ કે તેઓને એ માટે તો પૈસા ચૂકવવામાં આવે છે. આ પ્રથા છેક પહેલાંના કાળથી ચાલતી આવી છે એ ભારતના જુદા જુદા પ્રદેશોમાં દરબારી કવિઓએ લખેલી 'પ્રશસ્તિ'માં કરેલી હિન્દુ રાજાઓની સ્તુતિ પરથી સ્પષ્ટ થાય છે. આ એક પ્રકારની લેખન પદ્ધતિ છે, જેમાં રાજાની પ્રશંસા કરવી જ પડે છે!

આ પર્શિયન તવારીખોની રસપ્રદ બાબત એ છે કે તેઓ નક્કી નથી કરી શકતા કે મહંમદે ખરેખર શેનો નાશ કર્યો હતો. કોઈક કહે છે, એ શિવલિંગ હતું; બીજા કહે છે કે એ પયગંબરે જેનો નાશ કરવાનો આદેશ આપ્યો હતો તે ઈસ્લામ પૂર્વેની અરબ દેવીઓમાંની એક મનાત દેવીના પ્રતીકરૂપ પથ્થર હતો; વળી બીજા કહે છે કે એ પથ્થરના બનેલા માનવ સ્વરૂપ એક દેવ હતા અને જ્યારે એમનું પેટ ચીરાયું ત્યારે એમાંથી રત્નોનો જથ્થો બહાર નીકળી આવ્યો હતો; અને વળી બીજું એક વૃત્તાંત કહે છે કે એ ધાતુની બનેલી એક મૂર્તિ હતી જે એક બહુ મોટા ચુંબકની મદદથી હવામાં વચ્ચે લટકતી હતી. આમ સ્પષ્ટ રીતે એ મૂર્તિ શું હતી એ વિશે કોઈ નિશ્ચિતતા ન હતી અને આ બયાનોમાં ખાસ્સી કાલ્પનિકતા હતી. ત્યાર બાદ આ બયાનો કહે છે કે મંદિરને મસ્જિદમાં ફેરવવામાં આવ્યું હતું. પરંતુ થોડાક દસકાઓ પછી કોઈ સુલતાન પોતે મંદિર પર હુમલો કર્યો અને એને મસ્જિદમાં ફેરવ્યું એમ દાવો કરે છે. આ તર્કવિહીન છે, કેમ કે પહેલા હુમલા પછી તેઓ મસ્જિદ પર હુમલો કરતા હશે. એની સાથે સાથે મંદિર તો એક મુખ્ય હિન્દુ મંદિર તરીકે ચાલુ જ રહ્યું, જેમાં પંદરમી સદી સુધી તો પૂજા ચાલુ રહી જે પછી એ ઉપેક્ષિત થયું હોય એમ લાગે છે.

મંદિરની આસપાસના સંસ્કૃત શિલાલેખો જે બનાવ પછી તરત જ અને પછીની ત્રણ સદીઓ સુધી લખાયેલા હતા તે મહંમદનો ઉલ્લેખ કરતા નથી. જોકે મંદિર એ આ શિલાલેખોનું કેન્દ્ર છે. ઘણા નાના શિલાલેખો સ્થાનિક રાજાઓ કેવી રીતે મંદિરમાં પૂજા કરવા આવતા યાત્રાળુઓને લૂંટતા તેમ જ તેમની પાસેથી યાત્રાળુ કરની માંગણી કરતા તેની વાત કરે છે. ચૌલુક્ય વહીવટીતંત્રને યાત્રાળુઓને રાજાઓથી રક્ષણ આપવું પડતું. બારમી સદીનો એક લાંબો આલેખ એ કાનૂની દસ્તાવેજ છે જે નુરૂદ્દીન ફીરોઝ નામના એક અરબ વેપારીએ લખ્યો હતો. એમાં એ વેપારીને સોમનાથ મંદિરની સ્થાવર મિલકતમાંથી અને બીજાં મંદિરોની સ્થાવર મિલકતમાંથી જમીનના જુદા જુદા ટુકડાઓ વેચ્યાની નોંધ છે. આ જમીનનો ઉપયોગ મસ્જિદ બાંધવા માટે અને તેની સંભાળ માટે કરવાનો હતો, જે નુરૂદ્દીને બનાવી હતી. આ વેચાણ માટે સ્થાનિક રાજા અને પંચ-કુળ—હોદ્દેદારો અને જમીનમાલિકોના બનેલા સ્થાનિક શહેર વહીવટીતંત્ર—ની સંમતિ હતી. આલેખ નોંધે છે કે જમીનનો સોદો એ સામાન્ય પ્રક્રિયા હતી.

સો વર્ષ પછી ચૌલુક્ય વંશના રાજા કુમારપાળના સમયમાં મંદિરના મુખ્ય પૂજારી ભાવ બૃહસ્પતિ દ્વારા એક લાંબો આલેખ પ્રસિદ્ધ થયો હતો. તે જણાવે છે કે મંદિર સ્થાનિક વહીવટકારોની ઉપેક્ષાને કારણે બિસ્માર હાલતમાં હતું અને તેને ફરીથી બાંધવા માટે રાજાને સમજાવવા માટે તે પોતે કારણભૂત હતો. એ વાત ફરીથી ધ્યાન ખેંચે છે કે મંદિરની જીર્ણ હાલત માટે મહંમદને જવાબદાર ગણવાનો કે મંદિરનું મસ્જિદમાં પરિવર્તન થયાનો કોઈ ઉલ્લેખ અહીં નથી. જો એનું પુનરાવર્તન થયું હોત તો એ મંદિર તરીકે ફરીથી બંધાયું ન હોત.

જૈન વિદ્વાન મેરુતુંગે ચૌદમી સદીમાં ગુજરાતનો ઈતિહાસ લખ્યો હતો જેમાં એ ચૌલુક્ય વંશનું વિસ્તારથી વર્ણન કરે છે અને તેનો મંદિર સાથેનો સંબંધ વર્ણવે છે. ફરીથી મહંમદનો કોઈ ઉલ્લેખ નથી. આ ઈતિહાસનું એક મુખ્ય કેન્દ્રબિંદુ કુમારપાળ દ્વારા મંદિરનો જિર્ણોદ્ધાર એ છે. પરંતુ આ હેવાલ જૈન દૃષ્ટિકોણથી લખાયેલો છે અને તેથી મંદિરના મુખ્ય પૂજારી ભાવ બૃહસ્પતિના કથનથી વિપરીત છે. મેરુતુંગ લખે છે કે, દરિયાની છાલકોને લીધે મંદિરની જીર્ણ દશા થઈ હતી, કેમ કે એ દરિયાને લગોલગ અડીને આવેલું હતું. એ નિશ્ચયપૂર્વક કહે છે કે કુમારપાળના જૈન મંત્રી, મહાન વિદ્વાન હેમચંદ્રાચાર્યે

રાજાને મંદિર ફરીથી બાંધવા માટે સમજાવ્યા. આ પ્રક્રિયા દરમિયાન રાજાએ જૈન ધર્મ અંગીકાર કર્યો.

ઇતિહાસકારો માટે મંદિર વિશે આ ત્રણ વિભિન્ન પરિપ્રેક્ષ્ય છે. આમાંથી કોઈપણ મહંમદના આક્રમણને કારણે હિન્દુ અને મુસલમાનો વચ્ચે ઊંડી અને કાયમી દુશ્મનાવટ થઈ એવી કોઈ નોંધ કરતા નથી. ઊલટાનું નુરૂદ્દીનનો આલેખ સૂચવે છે કે બે કોમો વચ્ચે સામાન્ય વ્યવહાર હતો. આક્રમણના તુરંત બાદ હિન્દુઓમાં થોડા આક્રોશની અપેક્ષા રાખી શકાય, પરંતુ આલેખો બતાવે છે કે તે લાંબા સમય સુધી ટક્યો નહીં અને મંદિર હિન્દુઓના પવિત્ર સ્થળ તરીકે પૂજાતું રહ્યું. આથી પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે પરસ્પર દુશ્મનાવટ અંગેનું આ વિધાન કોણે અને ક્યારે ફેલાવ્યું?

એ રસપ્રદ બીના છે કે એનો સૌપ્રથમ ઉલ્લેખ ઓગણીસમી સદીની શરૂઆતમાં લંડનમાં બ્રિટનની સંસદનાં ગૃહોમાં મહંમદ અને સોમનાથ પરની ચર્ચામાં થયો. સંસ્થાનવાદી વિદ્વાનો એ સાબિત કરવા તત્પર હતા કે હિન્દુ અને મુસલમાનો હંમેશાં એકબીજા સામે વેરભાવ રાખતા અને મહંમદના હુમલાની આ વાત એમને ફાવતી આવી ગઈ. ભારતના સંસ્થાનવાદી ઇતિહાસે મહંમદના આક્રમણથી હિન્દુઓને થયેલા આઘાત પર ભાર મૂકવાનું શરૂ કર્યું.

મૂંઝવનારો પ્રશ્ન એ છે કે વીસમી સદીમાં રાષ્ટ્રવાદી રાજકારણીઓએ અને ઇતિહાસકારોએ આ કથાનું તુર્કો-પર્શિયન તવારીખો પર આધારિત સંસ્થાનવાદી વૃત્તાંત શા માટે સ્વીકાર્યું? એ સમયના ઇતિહાસકારોએ બીજા સ્રોતો તપાસ્યા નહીં, જે બીજી જ વાત કહે છે. આક્રમણ થયું ન હતું એ મુદ્દો નથી, પરંતુ ખરેખર શું બન્યું અને એથી હિન્દુ-મુસલમાનો વચ્ચે દુશ્મનાવટ થઈ કે નહીં એ પ્રશ્ન છે.

ઇતિહાસકારોને આ બે પાઠ શીખવે છે. એક તો એ કે ભૂતકાળમાં શું બન્યું એ કહેતા પહેલાં આપણે ખાતરી કરવી જોઈએ કે આપણે વિષય પરના બધા શક્ય એટલા સ્રોતો વિવેચક-દૃષ્ટિથી તપાસ્યા છે. બીજું એ કે સંસ્થાનવાદી ઇતિહાસલેખનની વિચારધારા સંસ્થાનવાદની નીતિઓને પુષ્ટ કરનારી હતી. એથી આપણે એમનાં વિધાનોને પહેલાં એમની સામે સવાલ ઉઠાવ્યા વગર સ્વીકારવા જોઈએ નહીં.

[ઉમાશંકર જોશી સ્મૃતિ વ્યાખ્યાન (અમદાવાદ, તા.૨૯-૧૨૦૧૨)]

*// સંશોધન //*

## સોમનાથ, ઇતિહાસલેખન અને કોમી એકતા

**ગૌરાંગ જાની**

વર્ષ ૧૯૪૭ના નવેમ્બરની નવમી તારીખે ભારતીય લશ્કર જૂનાગઢમાં પ્રવેશે છે અને નવાબના સૈનિકો શસ્ત્રો હેઠાં મૂકી શરણાગતિ સ્વીકારે છે. તેની સાથે જ વિલીનીકરણની પ્રક્રિયાના મહત્ત્વના પ્રકરણનો અંત આવે છે. આ વિજયની ઉજવણીના ભાગરૂપે ૧૩ નવેમ્બરે (દિવાળીના દિવસે) જૂનાગઢમાં સરદાર વલ્લભભાઈ પટેલનું જાહેર સન્માન થાય છે. બીજા દિવસે એટલે કે બેસતા વર્ષે વલ્લભભાઈ તેમના કેબિનેટ સાથી એન. વી. ગાડગીલ સાથે સોમનાથ મંદિરની મુલાકાતે પધારે છે. મંદિરની ખરાબ હાલત જોઈ બંને મહાનુભાવો ચિંતિત થાય છે. આ સંદર્ભે વલ્લભભાઈના જીવનચરિત્ર લેખક રાજમોહન ગાંધી જણાવે છે, "ગાડગીલ માનતા હતા કે મંદિરનો જીર્ણોદ્ધાર થવો જોઈએ. તેમણે આ વિચાર પટેલને જણાવ્યો અને તેઓ પણ સંમત થયા. એ સમયે નવાનગરના જામસાહેબ તેઓની સાથે હતા. તેમણે તત્કાળ એક લાખ રૂપિયા દાન કર્યા. સામળદાસ ગાંધીએ જાહેર કર્યું કે આરઝી હકૂમત રૂ. એકાવન હજાર આપશે. ગાડગીલના પબ્લિક વર્ક્સ ખાતાએ આ કામનું બીડું ઝડપ્યું અને કેબિનેટે મંજૂરી પણ આપી દીધી. પરંતુ મહાત્મા ગાંધી સાથેની ચર્ચા બાદ નક્કી થયું કે મંદિરના જીર્ણોદ્ધાર અર્થે એક ટ્રસ્ટ બનાવવું અને લોકફાળાનો ઉપયોગ કરવો."

સોમનાથ મંદિરના જીર્ણોદ્ધાર અંગે સરદાર પટેલના ઉત્સાહ અને વલણને ગાંધીજીની દરમિયાનગીરીથી કંઈક જુદી જ દિશા મળી. એટલું જ નહીં ભારત સરકારના નિર્ણયો પણ બદલાયા. ૨૮ નવેમ્બર, ૧૯૪૭ના રોજ દિલ્હીની પ્રાર્થનાસભામાં ગાંધીજી સોમનાથ મંદિરના જીર્ણોદ્ધારની વાત માંડે છે અને 'બિનસાંપ્રદાયિક' સરકાર સંદર્ભનો તેમનો દૃષ્ટિકોણ સ્પષ્ટ કરતાં દર્શાવે છે, "જ્યારે સરદાર અહીં આવ્યા ત્યારે મેં એમને જણાવ્યું કે તેઓ સરકારમાં હોવાને કારણે હિંદુવાદને ઇચ્છે એટલા નાણાની મદદ અર્થે સંમતિ આપી શકે છે. પરંતુ ખરેખર તો આપણે તો સૌ માટે સરકાર બનાવી છે. તે બિનસાંપ્રદાયિક સરકાર છે, એ કોઈ ઈશ્વરાધીન

સરકાર નથી. તેથી એ કોઈપણ પ્રકારનો ખર્ચ જાતિ-કોમને ધ્યાનમાં રાખીને તો ના જ કરી શકે. તેના માટે તો મહત્ત્વનું તો એ છે કે સૌ ભારતીય છે. વ્યક્તિગત રીતે સૌ પોતાના ધર્મને અનુસરી શકે છે. મારો ધર્મ હું અનુસરું. તમે તમારો અનુસરો.'' (સંદર્ભ : કલેક્ટેડ વર્ક્સ ઑફ મહાત્મા ગાંધી, ગ્રંથ-૯૦, પૃ. ૧૨૭).

નવેમ્બર ૧૯૪૭નો આ પૂર્વરંગ આપણે એક એવા રાજ્યમાં સંભારી રહ્યા છીએ જ્યાં છેલ્લા પાંચ દાયકામાં સમયાંતરે હિંદુ-મુસ્લિમ સંઘર્ષો થતા રહ્યા છે. ભારતના આધુનિક ઈતિહાસમાં ગુજરાત આ સંદર્ભે નંબર વન છે. વર્ષ ૧૯૬૯, ૧૯૮૫, ૧૯૯૨ અને ૨૦૦૨ અને એ ઉપરાંતની અનેક ઘટનાઓ. આ વાસ્તવિકતા હોવા છતાં તાજેતરમાં એક વિચાર ફેલાવવામાં આવ્યો છે કે વર્ષ ૨૦૦૨ના મુસ્લિમ વિરોધી હુલ્લડને ભૂલવા માંડો. તેનો પડઘો ના તો રાજકારણમાં કે ના તો સમાજકારણમાં દેખાવો જોઈએ. આમ તો ગુજરાતના બૌદ્ધિક જગતમાં તો વર્ષ ૨૦૦૨ બાદ ગણતરીના મહિનાઓમાં રાજ્યમાં કશું બન્યું નથી એવી 'ખામોશી' છવાઈ ગઈ હતી. રાજ્યની એક માત્ર યુનિવર્સિટી કે અન્ય શૈક્ષણિક સંસ્થાઓમાં એકાદ અપવાદ સિવાય ૨૦૦૨નાં કારણો અને પરિણામોની ચર્ચા અર્થે ના તો કોઈ પરિસંવાદ થયો કે ના યુજીસી કે આઈસીઆઈસીઆર સંશોધન પ્રોજેક્ટ હાથ ધરાયો. 'વાંચે ગુજરાત' અંતર્ગત પણ રાજ્યમાં હિંદુ-મુસ્લિમ એકતા અંગે કંઈ વંચાણું નહીં. અર્થાત્ ગુજરાત બહુમતી હિંદુ વસતીનું રાજ્ય છે અને તેમાં કોમી સંઘર્ષોને કોઈ સ્થાન નથી એવો 'કોન્ટેમ્પરરી હિસ્ટ્રી' રચવા તરફનો ઝોક દેખાઈ રહ્યો છે. આ ઈતિહાસના ભાગરૂપે છેલ્લા દાયકામાં રાજ્યમાં ક્યાંય કરફ્યુ નથી નંખાયો તેની આંકડાકીય માહિતીને સંગ્રહિત કરવામાં આવી રહી છે.

આ વાતાવરણમાં ડિસેમ્બર, ૨૦૧૨ના અંતિમ અઠવાડિયામાં યોજાયેલ ઉમાશંકર જોશી વ્યાખ્યાનમાળાએ ગુજરાતમાં કોમી સંબંધો સંદર્ભે આંખ અને કાન બંનેને સક્રિય કર્યાં. ૨૯ ડિસેમ્બર ૨૦૧૨ના રોજ અમદાવાદ સાહિત્ય પરિષદના સભાખંડમાં ભારતના આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત ઈતિહાસકાર પ્રોફેસર રોમિલા થાપરે સ્મૃતિ વ્યાખ્યાન આપ્યું. વિષય હતો 'સોમનાથ : ઈતિહાસના પરિપ્રેક્ષ્યમાં'.

રોમિલા થાપરના વ્યાખ્યાન પૂર્વે ગુજરાતમાં સોમનાથ મંદિરને લઈને બે ઘટનાઓ બની તેનો ઉલ્લેખ કરીએ તો સમજાશે કે ઈતિહાસલેખન ક્યાં અને શા માટે આવશ્યક છે. ગુજરાત વિધાનસભાની તાજેતરની ચૂંટણીઓના ભાજપના પ્રચારની શરૂઆત મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ સોમનાથ મંદિરમાં 'દાદા'ના દર્શન કરી તેમના 'આશીર્વાદ' લઈ કરી. બીજી ઘટના ડિસેમ્બર, ૨૦૧૨માં સોમનાથ મંદિરના ગર્ભગૃહને એક ભક્ત દંપતીએ સોનાથી મઢી ઝળાંઝળાં કરી. આ બંને ઘટનાઓ અને તેની અખબારી નોંધો તાજેતરનો ઈતિહાસ બની. આવી જ સોમનાથ સંદર્ભની અનેક સદીઓની નોંધો, લેખો, શિલાલેખો વગેરે સ્રોતોને આધારે રોમિલા થાપરે અંગ્રેજીમાં તૈયાર કરેલું પુસ્તક ખાસી ચર્ચામાં છે. જોકે આ પુસ્તક કરતાં તેમના અમદાવાદના વ્યાખ્યાને ગુજરાતીઓમાં સોમનાથના 'મુનશી ઈતિહાસ'ને પુનઃતપાસવાનો વિચાર અવશ્ય વહેતો કર્યો છે.

પ્રો. રોમિલા થાપર હાલ દિલ્હી સ્થિત જવાહરલાલ નેહરુ વિશ્વવિદ્યાલયમાં પ્રોફેસર એમરિટસ તરીકે કાર્યરત છે. તેમણે સોમનાથ મંદિરના ઈતિહાસ સંબંધિત લખેલા અંગ્રેજી પુસ્તકની ખાસી ચર્ચા દેશ-વિદેશમાં થઈ છે. સ્મૃતિ વ્યાખ્યાનમાં તેમણે સોમનાથ મંદિરના ઈતિહાસ સંબંધિત અનેકવિધ સ્રોતો અને સામગ્રી દ્વારા એ સ્પષ્ટ કરવાનો પ્રયત્ન કર્યો કે ઈતિહાસકારોએ અમુક ચોક્કસ માહિતીનો ઉપયોગ કરી મંદિરના ઈતિહાસને એકાંગી બનાવી દીધો. વ્યાખ્યાનના પ્રકાશિત સંક્ષેપના પ્રારંભે તેઓ જણાવે છે તેમ ''આ વક્તવ્યનું મુખ્ય પ્રયોજન એ બતાવવાનું છે કે પચાસ વર્ષ પહેલાંના ઈતિહાસકારો કરતાં આજના ઈતિહાસકારો ભૂતકાળના બનાવોના સ્વરૂપનું વધુ પૃથક્કરણ કરે છે અને વિવેચક દૃષ્ટિથી તપાસે છે.''

આપણે સૌ જાણીએ છીએ કે ભારતમાં મુસ્લિમ શાસનકાળ દરમિયાન વર્ષ ૧૦૨૬માં મહંમદ ગઝનીનું આક્રમણ થયું. એ સમયે સોમનાથ મંદિર પર પણ હુમલા અને આક્રમણ થયાં. તેને ખંડિત કરવાનો પ્રયત્ન કર્યો. તેને પગલે પગલે સોમનાથ મંદિર એક તરફ હિંદુઓની આસ્થાનું અને બીજી તરફ ઇસ્લામવિરોધી માનસનું પ્રતીક બની ગયું . આ વાસ્તવિકતા સંદર્ભે રોમિલા થાપર માને છે કે ત્યારબાદના ઈતિહાસની રજૂઆત કરનારાઓએ મર્યાદિત સામગ્રીનો ઉપયોગ કરીને સામાજિક સંબંધોની સાચી હકીકત પ્રકાશમાં લાવવામાં અવરોધો ઊભા કર્યા. તેમના જ શબ્દોમાં, ''પચાસ વર્ષ પૂર્વે સોમનાથનો ઈતિહાસ કેવળ એક જ પ્રકારની વાચનાઓ-તૂર્કી અને પર્શિયન ભાષામાં લખાયેલી અનેક સુલતાનોના દરબારોની તવારીખોના આધારે વર્ણવવામાં

આવતો હતો, કેમ કે આ દરબારોનો ઇતિહાસ મહંમદ ગઝનીના મંદિર પરના આક્રમણની સાથે શરૂ થતો હતો. સંસ્કૃત સ્રોતો, જેમ કે સોમનાથ પાસેના શિલાલેખો અને ચૌલુક્ય રાજાઓના ઇતિહાસ વિશેના જૈન પ્રબંધો જેમાં વધુ વિગતવાર ઇતિહાસ સમાયેલો હતો, તેની ઉપેક્ષા કરવામાં આવી હતી.''

ભૂતકાળમાં સુલતાનો કે રાજાઓના સમયમાં સત્તાધારીઓની તવારીખો લખનારાઓના આધારે ઇતિહાસ રચવાનો પ્રયત્ન કરીએ તો હકીકતો અને વાસ્તવિકતાઓને સમજી શકાતી નથી. તેને કારણે સમય જતાં લખાયેલા ઇતિહાસને આધારે પૂર્વગ્રહો અને સંકુચિત વિચારસરણી વિકસી શકે. ધર્મો અને સંપ્રદાયો વચ્ચે પણ આ કારણે મતભેદો અને સંઘર્ષો પેદા થઈ શકે. ઇતિહાસ લખનારાઓએ આ કારણે એકથી વધુ સ્રોતોનો ઉપયોગ કરવો જોઈએ. આ મુદ્દાને સપષ્ટ કરતાં પ્રો. થાપર દર્શાવે છે, ''સુલતાનોના દરબારની તવારીખોએ મહંમદના આક્રમણની સ્વાભાવિક જ યશોગાથા ગાઈ છે અને ઇસ્લામના ઇતિહાસના એક મહત્ત્વના બનાવ તરીકે અતિશયોક્તિપૂર્વક વર્ણવ્યો છે. જે લોકો બાદશાહી દરબારોની અને વંશાવળીની તવારીખો લખે છે, તેમણે રાજાઓની પ્રશસ્તિ કરવી પડે છે કેમ કે તેઓને એ માટે તો પૈસા ચૂકવવામાં આવે છે. આ પ્રથા છેક પહેલાંના કાળથી ચાલતી આવી છે. એ ભારતના જુદા જુદા પ્રદેશોમાં દરબારી કવિઓની લખેલી પ્રશસ્તિમાં કરેલી હિન્દુ રાજાઓની સ્તુતિઓ પરથી સ્પષ્ટ થાય છે. આ એક પ્રકારની લેખન પદ્ધતિ છે જેમાં રાજાની પ્રશંસા કરવી જ પડે છે!''

પ્રો. રોમિલા થાપર એ મુદ્દા પર ભાર મૂકે છે કે પ્રશસ્તિમાં લખાણોને આધારે વિરોધાભાસી હકીકતો સોમનાથ મંદિર સંદર્ભે ઊપસી આવે છે. ઉદાહરણરૂપે તેઓ સમજાવે છે, ''આ પર્શિયન તવારીખોની રસપ્રદ બાબત એ છે કે તેઓ નક્કી નથી કરી શકતા કે મહંમદે ખરેખર શેનો નાશ કર્યો હતો. કોઈક કહે છે, એ શિવલિંગ હતું; બીજા કહે છે કે એ પયગંબરે જેનો નાશ કરવાનો આદેશ આપ્યો હતો તે ઇસ્લામ પૂર્વેની અરબ દેવીઓમાંની એક મનાત દેવીના પ્રતીકરૂપ પથ્થર હતો; વળી બીજા કહે છે કે પથ્થરના બનેલા માનવ સ્વરૂપ દેવ હતા અને જ્યારે એમનું પેટ ચીરાયું ત્યારે એમાંથી રત્નોનો જથ્થો બહાર નીકળી આવ્યો હતો; અને વળી બીજું એક વૃત્તાંત કહે છે કે એ ધાતુની બનેલી એક મૂર્તિ હતી જે એક બહુ મોટા ચુંબકની મદદથી હવામાં વચ્ચે લટકતી હતી. આમ સ્પષ્ટ રીતે એ મૂર્તિ શું હતી એ વિશે કોઈ નિશ્ચિતતા ન હતી અને આ બયાનોમાં ખાસ્સી કાલ્પનિકતા હતી. ત્યારબાદ આ બયાનો કહે છે કે મંદિરને મસ્જિદમાં ફેરવવામાં આવ્યું હતું. પરંતુ થોડાક થોડાક દસકાઓ પછી કોઈ સુલતાને પોતે મંદિર પર હુમલો કર્યો અને એને મસ્જિદમાં ફેરવ્યું એમ દાવો કરે છે. આ તર્કહીન છે, કેમ કે પહેલા હુમલા પછી તેઓ મસ્જિદ પર હુમલો કરતા હશે. એની સાથે સાથે મંદિર તો એક મુખ્ય હિન્દુ મંદિર તરીકે ચાલુ જ રહ્યું જેમાં પંદરમી સદી સુધી તો પૂજા ચાલુ રહી જે પછી એ ઉપેક્ષિત થયું હોય એમ લાગે છે.''

રોમિલા થાપરની દૃષ્ટિએ એ સ્પષ્ટ છે કે ઇતિહાસકારોએ સોમનાથ મંદિર વિશે દર્શાવેલાં ત્રણ વિભિન્ન પરિપ્રેક્ષ્યમાં ક્યાંય એવી નોંધ નથી કે મહંમદના આક્રમણના કારણે હિન્દુ અને મુસલમાનો વચ્ચે ઊંડી અને કાયમી દુશ્મનાવટ થઈ હોય. ઊલટાનું બારમી સદીમાં નરૂદ્દીન ફીરોઝ નામના આરબ વેપારીના લખાણ પ્રમાણે તો બે કોમો વચ્ચે સામાન્ય વ્યવહાર હતો. આક્રમણના તુરંત બાદ હિંદુઓમાં થોડા આક્રોશની અપેક્ષા રાખી શકાય, પરંતુ આલેખો બતાવે છે કે તે લાંબા સમય સુધી ટક્યો નહીં અને મંદિર હિન્દુઓના પવિત્ર સ્થળ તરીકે પૂજાતું રહ્યું. પ્રો. થાપર આ સંદર્ભમાં સવાલ ઉઠાવે છે, ''આથી પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે પરસ્પર દુશ્મનાવટ અંગેનું આ વિધાન કોણે અને ક્યારે ફેલાવ્યું?''

બ્રિટિશરોએ સોમનાથના પ્રશ્ને હિંદુ-મુસલમાનોમાં પરસ્પર દ્વેષ ઊભા કરવામાં ભૂમિકા ભજવી હતી એ સંદર્ભે રોમિલા થાપરનો અભ્યાસ કંઈક આમ સ્પષ્ટતા કરે છે : ''એ રસપ્રદ બીના છે કે એનો સૌપ્રથમ ઉલ્લેખ ઓગણીસમી સદીની શરૂઆતમાં લંડનમાં બ્રિટનની સંસદના ગૃહોમાં મહંમદ અને સોમનાથ પરની ચર્ચામાં થયો. સંસ્થાનવાદી વિદ્વાનો એ સાબિત કરવા તત્પર હતા કે હિન્દુ અને મુસલમાનો હંમેશા એકબીજા સામે વેરભાવ રાખતા અને મહંમદના હુમલાની આ વાત એમને ફાવતી આવી ગઈ. ભારતના સંસ્થાનવાદી ઇતિહાસે મહંમદના આક્રમણથી હિન્દુઓને થયેલા આઘાત પર ભાર મૂકવાનું શરૂ કર્યું. મૂંઝવનારો પ્રશ્ન એ છે કે વીસમી સદીમાં રાષ્ટ્રવાદી રાજકારણીઓએ અને ઇતિહાસકારોએ આ કથાનું તુર્કી-પર્શિયન તવારીખો પર આધારિત સંસ્થાનવાદી વૃત્તાંત શા માટે સ્વીકાર્યું? એ સમયના ઇતિહાસકારોએ બીજા સ્રોતો તપાસ્યા નહીં, જે બીજી જ વાત કહે છે. આક્રમણ થયું ન હતું એ મુદ્દો નથી, પરંતુ ખરેખર શું

બન્યું અને એની હિન્દુ-મુસલમાનો વચ્ચે દુશ્મનાવટ થઈ કે નહીં એ પ્રશ્ન છે.''

સોમનાથ મંદિરની આસપાસના સંસ્કૃત શિલાલેખો જે બનાવ પછી તરત જ અને પછીની ત્રણ સદીઓ સુધી લખાયેલા હતા તે મહંમદનો ઉલ્લેખ કરતા નથી એવું પ્રો. થાપરનું સંશોધન છે. તેઓ દર્શાવે છે કે ''જોકે મંદિર એ શિલાલેખોનું કેન્દ્ર છે. ઘણા નાના શિલાલેખો સ્થાનિક રાજાઓ કેવી રીતે મંદિરમાં પૂજા કરવા આવતા યાત્રાળુઓને લૂંટતા તેમ જ તેમની પાસેથી યાત્રાળુ કરની માંગણી કરતા તેની વાત કરે છે. ચૌલુક્ય વહીવટતંત્રે યાત્રાળુઓને રાજાઓથી રક્ષણ આપવું પડતું. સો વર્ષ પછી ચૌલુક્ય વંશના રાજા કુમારપાળના સમયમાં મંદિરમાં મુખ્ય પૂજારી ભાવ બૃહસ્પતિ દ્વારા એક લાંબો આલેખ પ્રસિદ્ધ થયો હતો. તે જણાવે છે કે મંદિર સ્થાનિક વહીવટકારોની ઉપેક્ષાને કારણે બિસ્માર હાલતમાં હતું.''

જૈન વિદ્વાન મેરુતુંગે ચૌદમી સદીમાં ગુજરાતનો ઈતિહાસ લખ્યો હતો જેમાં એ ચૌલુક્ય વંશનું વિસ્તારથી વર્ણન કરે છે અને તેનો મંદિર સાથેનો સંબંધ વર્ણવે છે. ફરીથી મહંમદનો કોઈ ઉલ્લેખ નથી. આ ઈતિહાસનું એક મુખ્ય કેન્દ્રબિંદુ કુમારપાળ દ્વારા મંદિરનો જીર્ણોદ્ધાર એ છે. પરંતુ આ હેવાલ જૈન દૃષ્ટિકોણથી લખાયેલો છે. તેથી મંદિરના મુખ્ય પૂજારી ભાવ બૃહસ્પતિના કથનથી વિપરીત છે. મેરુતુંગ લખે છે કે, દરિયાની છાલકોને લીધે મંદિરની જીર્ણ દશા થઈ હતી, કેમ કે એ દરિયાને લગોલગ અડીને આવેલું હતું. એ વિશ્વાસપૂર્વક કહે છે કે કુમારપાળના જૈન મંત્રી, મહાન વિદ્વાન હેમચંદ્રાચાર્યે રાજાને મંદિર ફરીથી બાંધવા માટે સમજાવ્યા. આ પ્રક્રિયા દરમિયાન રાજાએ જૈન ધર્મ અંગીકાર કર્યો.

રોમિલા થાપરના અભ્યાસ આધારિત દૃષ્ટિકોણને સમજ્યા પછી એ જાણવું રસપ્રદ રહેશે કે 'જય સોમનાથ'ના રચયિતા શ્રી કનૈયાલાલ મુનશી તેમના ઈતિહાસલેખન વિશે શું કહે છે. 'જય સોમનાથ'ના આમુખમાં (૨૦-૫-૪૦) તેઓ નોંધે છે : ''ઈસ્ટ એન્ડ વેસ્ટ'' નામના અંગ્રેજી માસિકના ૧૯૧૧ નવેમ્બર-ડિસેમ્બરના અંકમાં મેં 'સોમનાથની જીત' નામનો ઐતિહાસિક લેખ લખેલો ત્યારથી મને આ વિષયમાં રસ છે... આ આક્રમણનાં મૂળ સાધનો મુસ્લિમ તવારીખોમાં મળે છે. પણ અનેક સામગ્રીઓ જોયા પછી એમાં તથ્ય ઓછું છે એમ મને લાગે છે. નવલકથાના હેતુ વિશે તેઓ સ્પષ્ટ છે. પણ આ વાર્તામાં મારો ઈરાદો સુલતાન મહંમદનું આક્રમણ ચીતરવાનો નથી. ગુજરાતે કરેલો પ્રતિરોધ વર્ણવવાનો છે. જો આ આક્રમણ પાયાદાર માનીએ તો એનો સામનો કરતાં સોલંકીઓના ગુજરાતને બળ મળ્યું છે એમ માનવું પડે છે. આ વાર્તામાં ચીતરેલા ગુજરાતના મહાપ્રયત્નના આમુખ વિના -ગંગ સર્વજ્ઞ, ભીમ અને સામંતની ભીષ્મ અડગતા વિના, ગંગાના આત્મસમર્પણ ને ચૌલાની પ્રાણવિહ્વળ ભક્તિ વિના - દેવપ્રસાદ, મુંજાલ ને કાક, મીનલ ને મંજરીનું ગુજરાત શક્ય નથી.''

મ્લેચ્છ આક્રમણકારો (મુસ્લિમ) સામે ગુજરાતના વીરોના સંઘર્ષ અને આત્મબલિદાનને ઉજાગર કરી ગૌરવ બક્ષવા મુનશી 'ઘોઘાબાપા'નું ચિત્રણ 'જય સોમનાથ'માં કરે છે. સાથે રજપૂતાણીઓના બલિદાનને (સતી) પણ સાંકળી 'હિંદુત્વ'ને વીસમી સદીના ગુજરાતી વાચકો સમક્ષ પીરસે છે. 'જય સોમનાથ'માં આ સંદર્ભનું વર્ણન જોઈએ : ''પછી ભાઈ, ધ્રૂજતે હાથે મેં મારું કર્તવ્ય કર્યું. મંદિરના ચોકમાં મેં ચંદનકાષ્ઠની ચિતાઓ ખડકી ને, ભાઈ જેને મેં પરણાવી, જેના સીમંત મેં કર્યાં, જેના છોકરાંઓને મેં ભણાવ્યાં, તે બધી સુકુમાર લાડલી સ્ત્રીઓ વસ્ત્રાભૂષણ સજી બહાર નીકળી... પતિઓને મળવા અભિસારિકા સમી તત્પર તે વીરાંગનાઓએ મારું અર્ચન કર્યું. મારી સતી ને પૂત્રવધૂ મારે પગે પડ્યાં.'' ને નન્દિદત્તે એક ધ્રૂસકું ખાધું... ''ભાઈ, અગ્નિ ભડભડ ચેત્યો.'' સ્ત્રીઓને વીરાંગના કહી મુનશીએ પરંપરાગત વિચારસરણીને હકીકત સાથે સાંકળતા હોય એમ લખે છે, ''એમણે (આક્રમણકારોએ) બળતી ચિતા જોઈ, છસેં વીરાંગનાનાં શબ જોયાં.''

ગુજરાતના શિક્ષિતોએ સોમનાથના ઈતિહાસને માણ્યો, શાસકોએ તેને ગૌરવવંતો કર્યો અને પરિણામે 'વીર હિંદુત્વ'નું વાતાવરણ સર્જાયું. રોમિલા થાપરે આ ઈતિહાસને હિંદુ-મુસ્લિમ સંબંધોના તાણાવાણા અને તેમાંથી નિષ્પન્ન થતા સામાજિક-સાંસ્કૃતિક માળખાને વર્ણવવા રજૂ કર્યો.

**સંદર્ભ:**


૧. Yagnik, Achyut, Seth Suchitra (2005), The Shaping of Modern Gujarat: Plurality, Hindtva and Beyond, Penguin Book India, New Delhi.

૨. મુનશી, ક.મા. (૨૦૧૨), જય સોમનાથ, ગૂર્જર પ્રકાશન, અમદાવાદ.



(સમાજશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, સમાજવિદ્યાભવન, અમદાવાદ ૩૮૦૦૦૯. મો.:૯૪૨૬૦૬૮૧૮૬)

## સોમનાથ અને કોમવાદ

ઉર્વીશ કોઠારી

સોમનાથ પરની ચડાઈ વિશે વાત કરતાં પ્રો. રોમિલા થાપરે કહ્યું હતું કે દરબારી ઇતિહાસકારો રાજાનો મહિમા કરવામાં પ્રમાણભાન ભૂલી જાય એ બહુ સામાન્ય બાબત છે. આ સિલસિલો એકવીસમી સદીમાં લોકશાહી ઢબે ચૂંટાયેલા નેતાને 'ધ ચોઝન વન' ગણાવતા 'બંધ બારણે છપ્પન મિનિટ' છાપ કટારલેખકો સુધી લંબાય, એ સૂચવે છે કે ઇતિહાસબોધ કેવળ ભૂતકાળની નિર્જીવ ચીજ નથી. સોમનાથ અને હિંદુ-મુસ્લિમ સંબંધોની તવારીખ પણ ઇતિહાસના જીવંત અનુસંધાનનો નમૂનો છે.

પ્રચલિત કરાયેલી છાપ એવી છે કે ગઝનીના મહમૂદે ઇ.સ. ૧૦૨૬માં સોમનાથ પર ચડાઈ કરી, ત્યારથી હિંદુ-મુસ્લિમો વચ્ચે વેરનાં મૂળ નંખાયા. એટલે કે હિંદુ-મુસ્લિમો વચ્ચેનો વેરભાવ એક સહસ્રાબ્દી જેટલો જૂનો છે. હિંદુ-મુસ્લિમો વચ્ચે 'સ્વાભાવિક શત્રુવટ'ના પાયા પર ચાલતા કોમવાદના રાજકારણને આ થિયરી બહુ માફક આવે એવી છે. પરંતુ રોમિલા થાપર આધારપુરાવા ટાંકીને આ માન્યતા ખોટી ઠરાવે છે.

ઉમાશંકર જોશી સ્મૃતિવ્યાખ્યાનમાં આપેલા આશરે ૭૦ મિનિટના પ્રવચન અને તેના ટૂંકા ગુજરાતી સારમાં પ્રો. થાપરની રજૂઆતને મુખ્ય ત્રણ ભાગમાં વહેંચી શકાય.

(૧) મહેમૂદની સોમનાથ પરની ચડાઈને મુસ્લિમોનું હિંદુઓ પરનું આક્રમણ કહી શકાય નહીં. ઇસ્લામના ઉદય પહેલાંથી સૌરાષ્ટ્ર સાથે આરબોને વ્યાપારી સંબંધ હતા. આરબોએ મુસ્લિમ ધર્મ અપનાવ્યા પછી અને મહેમૂદના આક્રમણ પછી પણ એ ચાલુ રહ્યા. સ્થાનિક લોકો હુમલાખોર-લૂંટારુ તુર્કો અને વ્યાપારી સંબંધો ધરાવતા આરબોને એકસરખા (મુસ્લિમ) ગણતા ન હતા. એવી જ રીતે, મહેમૂદના દરબારમાં અને તેના સૈન્યમાં હિંદુઓ ઊંચા હોદ્દા પર હતા. સુન્નીપંથી મહમૂદે રસ્તામાં આવતા હિંદુ મંદિર ઉપરાંત શિયા અને ઇસ્માઇલિયા ફાંટાનાં કેટલાક ધર્મસ્થાનો પણ નષ્ટ કર્યાં હતાં.

આ પ્રકારની ચડાઈનો મુખ્ય હેતુ લૂંટફાંટ અને તેની પાછળનું મુખ્ય પ્રેરકબળ દ્રવ્યલાલસા હતું જેને પરાક્રમ તરીકે ખપાવવા માટે તેની પર ધાર્મિકતાનો ઢોળ જરૂરી બન્યો. દરબારી ઇતિહાસકારો એ બાબત ધ્યાનમાં રાખીને આક્રમણખોરોની પ્રખર ધાર્મિક એટલે કે મૂર્તિભંજક-વિધર્મી સંહારક તરીકેની છબી બઢાવી-ચઢાવીને ઊભારવા પ્રયત્નશીલ રહેતા. ઇસ્લામની સંકુચિત સમજણ ધરાવતા કે સુલતાનના કૃપાવાંચ્છુક ધર્મગુરુઓએ સોમનાથની ચડાઈ પછી મહમૂદને ધાર્મિક ખિતાબોથી નવાજ્યો હતો.

(૨) મહમૂદની ચડાઈ પછીનાં સો-બસો વર્ષના જૈન-સંસ્કૃત ગ્રંથો ને શિલાલેખોમાં સોમનાથના મુદ્દે હિંદુ-મુસ્લિમ વચ્ચે તંગદિલી હોય એવા કોઈ ઉલ્લેખ નથી. તેથી ઊલટું, એમની વચ્ચે સામાન્ય-સૌહાર્દપૂર્ણ સંબંધોના પુરાવા મળે છે. તેના આધારે કહી શકાય કે મહમૂદની ચડાઈ પછી હિંદુ માનસ પર દીર્ઘજીવી ટ્રોમા (ચોટ) કે ગુજરાતના હિંદુ-મુસ્લિમો વચ્ચે ઊંડો વેરભાવ-બંનેમાંથી કશું પેદા થયું ન હતું.

(૩) સોમનાથના મુદ્દે હિંદુ-મુસ્લિમ વેરભાવનો ખયાલ સંપૂર્ણપણે અંગ્રેજોની ભાગલાવાદી નીતિની પેદાશ છે.

ગુજરાતી ઇતિહાસકાર શંભુપ્રસાદ દેસાઈના અભ્યાસપૂર્ણ ગ્રંથ 'પ્રભાસ અને સોમનાથ' (૧૯૬૫) માં પ્રો. થાપરના ત્રણમાંથી પહેલા બે મુદ્દાને પુષ્ટિ

મળે છે, પરંતુ એ પુસ્તકમાં મૂકાયેલી મહમૂદની ચડાઈ પછીના હુમલાઓની વિગત પ્રો. થાપરના ત્રીજા મુદ્દા સામે કેટલાક પ્રશ્નો ઊભા કરે છે.

ભૂતકાળના બનાવોનો સમય-સંદર્ભ ઓગાળીને, તેમનો વર્તમાન કોમવાદી રાજકારણમાં ઉપયોગ કરવા સામે પ્રો. થાપર જેટલો જ શંભુપ્રસાદનો પણ વિરોધ છે. સાથોસાથ, 'ઐતિહાસિક ઘટનાક્રમ લેખે તેમણે નોંધ્યું છે કે ઇ.સ. ૧૦૨૬માં મહમૂદ ગઝનવીએ સોમનાથના પવિત્ર દેવાલયનો ધ્વંસ કર્યો, તે પછી પોણા ત્રણસો વર્ષ શાંતિમાં પસાર કરી, પ્રજાએ ઇ.સ. ૧૩૦૦માં અલાઉદ્દીન ખિલજીના પ્રબળ સૈન્યો દ્વારા સોમનાથનો વિનાશ જોયો અને તે પછી ચાર સદી સુધી એ જ કાર્યક્રમ વારંવાર નિહાળ્યો.'

આ અવતરણ મહમૂદના આક્રમણ પછી હિંદુ-મુસ્લિમો વચ્ચે કાયમી વેરઝેર નહીં થયાની પ્રો. થાપરની દલીલને સમર્થન આપે છે. પરંતુ પ્રો. થાપરે પ્રવચનમાં ફક્ત શાંતિનાં પોણા ત્રણસો વર્ષની અને ત્યાર પછી ઇ.સ. ૧૮૪૩માં બ્રિટિશ સંસદમાં થયેલી ચર્ચાની જ વાત કરી. એ સમયગાળાની વચ્ચેનો, શંભુપ્રસાદના પુસ્તકમાં નોંધાયેલો ઘટનાક્રમ પ્રો.થાપરે કેમ ધ્યાનમાં નહીં લીધો હોય એવો સવાલ થાય. સોમનાથ પર એ દરમિયાન થતા રહેલા હુમલાની વિગતો પણ તેમણે મૂકી હોત તો? મહમૂદની ચડાઈનાં એક હજાર વર્ષ પછી પણ લોકસ્મૃતિમાં આ વાત કેવી રીતે ટકી? એની આટલી નવાઈ તેમને કદાચ ન લાગી હોત.

નમૂના લેખે, ઇ.સ. ૧૫૯૪માં અકબરનો સેનાપતિ મિર્ઝા કોકા પ્રભાસ આવ્યો ત્યારે ત્યાંના કાજી અને સ્થાનિક લશ્કરી અધિકારીએ શહેરના સર્વ નિવાસીઓ મૂર્તિપૂજક હોવાથી તેમની કતલ કરવી અને સોમનાથનું મંદિર તોડી પાડવું એ મતલબની અરજી કરી હતી. આ હકીકત સાથે શંભુપ્રસાદે એ પણ નોંધ્યું છે કે અકબરની સહિષ્ણુતાની નીતિને કારણે મિર્ઝાએ આ વિનંતીનો અસ્વીકાર કર્યો.

એવી જ રીતે, ઇસ્ટ ઇન્ડિયા કંપનીનું સૈન્ય અફઘાન યુદ્ધ હારી ગયું, ત્યાર પછી નવા આવેલા ગવર્નર જનરલ એલનબરોએ ઘડી કાઢેલી કથાનો 'પ્રભાસ અને સોમનાથ'માં વિગતે ઉલ્લેખ આવે છે. મહમૂદના મકબરાને લગાડેલા દરવાજા સોમનાથના મંદિરના છે, એવી એલનબરોએ ઇ.સ. ૧૮૪૨માં ઉપજાવેલી કથાનો હેતુ કંપની માટે લડતા હિંદુ સૈનિકોને ઉશ્કેરીને કાબુલ-ગઝની જીતવાનો તથા અગાઉની હારનો બદલો લેવાનો હતો. એ યુદ્ધ જીત્યા પછી ભારત આવેલા દરવાજા સોમનાથના નથી, એવું શંભુપ્રસાદે દરવાજાના માપ ટાંકીને પુરવાર કર્યું છે. પરંતુ ઇ.સ. ૧૮૧૨થી સોમનાથમાં શરૂ થઈ ચૂકેલી કોમી તકરારની શંભુપ્રસાદે આપેલી વિગતોનો અછડતો ઉલ્લેખ પણ પ્રો. થાપરના પ્રવચનમાં મળતો નથી.

આમ, મહમૂદની ચડાઈ પછી હિંદુ-મુસ્લિમો વચ્ચે કાયમી વેરભાવ ઊભો થયો ન હતો, એવી પ્રો. થાપરની દલીલ અડીખમ રહે છે, પરંતુ સોમનાથના મુદ્દે હિંદુ-મુસ્લિમો વચ્ચે વેરભાવ અંગ્રેજોએ ઊભો કર્યો, એ દાવો 'પ્રભાસ અને સોમનાથ'ની વિગતોના પ્રકાશમાં સંદેહાસ્પદ ઠરે છે. અલબત્ત, ભારત જ્યારે રાષ્ટ્ર સ્વરૂપે એક ઓળખ ધરાવતું ન હોય ત્યારે સોમનાથમાં થયેલા હિંદુ-મુસ્લિમો વચ્ચેના વિખવાદને 'બે કોમ વચ્ચેના મૂળભૂત વેરભાવ' તરીકે રજૂ કરી શકાય નહીં. એ હકીકત પર પ્રો. થાપર જેટલો જ ભાર શંભુપ્રસાદ દેસાઈએ મૂક્યો છે અને તેના આધારે કોમવાદનું રાજકારણ ખેલવા સામે ચેતવણીનો સૂર ઉચ્ચાર્યો છે.

સોમનાથના મુદ્દે આછીપાતળી વિગતોમાં કલ્પનાના ભરપૂર રંગ પૂરનાર 'જય સોમનાથ'કાર કનૈયાલાલ મુનશી વિશે ઘણા એવું માને છે કે તેમણે આ નવલકથા લખતાં પહેલાં ઇતિહાસનો ઊંડો અભ્યાસ કર્યો હતો. એટલે તેમના આલેખનને ગંભીરતાથી લેવું રહ્યું. 'જય સોમનાથ'ની પ્રસ્તાવનામાં મુનશીએ મુસ્લિમ ઇતિહાસકારો પાસેથી મળતી ચડાઈસંબંધી વિગતોને યોગ્ય રીતે જ ઓછા તથ્યવાળી ગણાવી છે. એ વિગતો સામે છ મુદ્દા ઊભા કરીને તેમણે લખ્યું છે, ''આ શંકાઓ વિચારવા જેવી છે. છતાં એ આક્રમણમાં સત્ય છે એમ માની આ વાર્તા રચી છે... આ વાર્તામાં મારો ઇરાદો સુલતાન મહમૂદનું આક્રમણ ચીતરવાનો નથી, ગુજરાતે કરેલો પ્રતિરોધ વર્ણવવાનો છે. જો આ

આક્રમણ પાયાદાર માનીએ તો એનો સામનો કરતાં સોલંકીઓના ગુજરાતને બળ મળ્યું છે એમ માનવું પડે છે.'' (૧૯૪૦) મુનશીના તર્કથી સાવ વિરુદ્ધનું તારણ 'એન એડવાન્સ્ડ હિસ્ટ્રી ઑફ મોર્ડન ઇન્ડિયા' (૧૯૬૫) માં મળે છે. તેના લેખકો (આર.સી. મજુમદાર, એચ. સી. રાયચૌધરી, કાલિકિંકર દત્ત) નોંધે છે કે સોમનાથ પર મહમૂદની ચડાઈને કારણે (ત્યાર પછીના અરસામાં) હિંદુ સૈન્યોનો જુસ્સો ભાંગી પડ્યો.

મહમૂદની ચડાઈથી સોલંકીઓને બળ મળ્યાનો મુનશીનો તર્ક સમજવો અઘરો છે, કારણ કે વાસ્તવમાં ભીમદેવ સોલંકીએ પ્રતિરોધ કર્યો જ નથી. મહમૂદ આવ્યો ત્યારે અને સોમનાથ લૂંટીને પાછો ગયો ત્યારે, એમ બબ્બે વાર તેના મુકાબલાના પ્રસંગે રણમેદાનમાં ઊતરવાને બદલે ભીમદેવ ભાગી છૂટ્યો હોવાનું ઇતિહાસમાં નોંધાયું છે. પરંતુ મુનશી તેમની કલ્પનાને અનુસરીને ભીમદેવને પરાક્રમી નાયક તરીકે ચીતરે છે.

'જય સોમનાથ'ને વાજબી રીતે ઇતિહાસ ન ગણતા પ્રો. થાપર 'પ્રભાસ અને સોમનાથ'ની સામગ્રી વિશે શું માને છે અને તેને કેવી રીતે જુએ છે એ જાણવાની ઉત્સુકતા રહેશે. પરંતુ સોમનાથનું મંદિર સ્થાનિક લોકોની મરજી વિરુદ્ધ છેલ્લે ક્યારે અને કોણે તોડ્યું હશે? કલ્પના આવે છે?

જવાબ છે : આઝાદી પછી, સોમનાથ ટ્રસ્ટે. શંભુપ્રસાદે લખ્યું છે, ''અનેક વખત ખંડિત થયા છતાં કાલ સામે અટ્ટહાસ્ય કરી ઊભેલા ભગવાન મહાકાલ સોમનાથના મંદિરને તોડીને તે સ્થળે નૂતન મંદિર બાંધવાનો નિર્ણય સોમનાથ ટ્રસ્ટનો હતો. (તેના અધ્યક્ષ જામસાહેબ હતા અને મંદિરના નવનિર્માણની ઘોષણા સરદાર પટેલે કરી હતી.)... પ્રભાસના પ્રજાજનો, પ્રભાસ ઇતિહાસ સંશોધન સભા, સૌરાષ્ટ્ર ઇતિહાસ પરિષદ વગેરે સંસ્થાઓ અને વ્યક્તિઓએ (જૂનું મંદિર પાડવા સામે) સખત વાંધા લીધા. સોમનાથ ટ્રસ્ટે આ વાંધા અમાન્ય કરી પુરાતત્ત્વના અપ્રતિમ નમૂના જેવા આ મંદિરને પાયેથી તોડી નાખવા નિર્ણય લીધો.''

(લુહારવાડ, મહેમદાવાદ. મો.: ૯૯૯૮૨૧૬૭૦૬)

*// સંશોધન //*

# ઇસ્લામિક સાહિત્યમાં સોમનાથ

**ઝેનામાબીબી કાદરી**

ભારતના પ્રખ્યાત જ્યોતિર્લિંગોમાં પ્રથમ સ્થાન સોમનાથનું છે. જેથી આખા વિશ્વના હિંદુઓની શ્રધ્ધા તેની સાથે જોડાયેલી છે. સોમનાથનું મૂળ મંદિર શ્રીકૃષ્ણના કાળમાં સોનાનું બંધાયું હતું. તે પછી તેના પર અનેક આક્રમણો થયા અનેકવાર તૂટયું. પરંતુ સોમનાથની તોડફોડનો ઈતિહાસ આપણે માત્ર થોડાક વૃત્તાંતોમાંથી જ જાણી શકીએ છીએ. જેમાં સૌથી વધુ માહિતી મુસ્લિમ ઈતિહાસકારોએ આપી છે. સોમનાથ પર ઈ.સ. ૧૦૨૬ માં પ્રથમ આક્રમણ કરનાર મહમૂદ ગઝની હતો. તેના સોમનાથ પરના આક્રમણની વિસ્તૃત માહિતી તેની સાથે ભારત આવનાર ઈતિહાસકાર અલબિરૂની અને ફર્રૂખ્ખીએ જ આપી છે. ઈ.સ. ૧૦૫૦ આસપાસ થઈ ગયેલા કવિ ધનપાળે તથા મુનિશ્રી જિનપ્રભુસુરિએ 'તીર્થકલ્પતરુ'[૧] માં આ ચડાઈ વિષેનું થોડુંક વર્ણન આપ્યું છે.

આ ઈતિહાસકારો કે વૃત્તાંતકારોએ કોઈકે નજરે જોઈને લખ્યું છે તો કોઈકે અન્ય પાસેથી માહિતી મેળવીને લખ્યું છે. તેમાં પણ અતિશયોક્તિનો ભાવ વધુ જોવા મળે છે. પરંતુ આપણી પાસે જ્યારે એ યુગના સાધનોનો અભાવ હોય ત્યારે આ મુસ્લિમ ઈતિહાસકારોના વર્ણનોને જ સત્યની વધુ નજીક હોવાનું માનવું પડે તેમ છે. એ દૃષ્ટિને ધ્યાનમાં રાખીને આ લઘુનિબંધમાં સોમનાથના મુસ્લિમ તવારિખકારોએ કરેલા વર્ણનોને અહીં સંશોધનાત્મક રીતે નિરૂપિત કરવાનો પ્રયાસ કરેલો છે.

**ભારતમાં મુસ્લિમ શાસનનો પ્રવેશ :-**

મહંમદ પયગંબર સાહેબે અરબ દેશમાં ઈસ્લામની સ્થાપના કરી તેના નેજા હેઠળ મુસ્લિમ રાજયસત્તાનો

ઈ.સ. ૬૩૦માં પાયો નાખ્યો એ પછીના સવાસો વર્ષના ગાળામાં ઈ.સ. ૭૫૦ સુધી તો અરબ શાસન વિશ્વ વિજયી સત્તા બની ચૂકયુ હતું.

બીજા ખલીફા ઉમરના[૨] શાસનકાળ (ઈ.સ. ૬૩૪-૪૪) માં ભારત ઉપર પોતાનો પ્રભાવ પ્રસારવાની મહેચ્છા સાથે નૌકાદળ દ્વારા મુંબઈ, ગુજરાત, સિંધના બંદરો પર મુસ્લિમ અરબ સૈન્ય લાંગરવામાં આવ્યું. ઈ.સ. ૬૩૭ના આ પ્રથમ આક્રમણ વખતે સિંધના સૂબા 'ચચે' મુસ્લિમ સૈન્યને હાર આપી ત્યારબાદ લગભગ ત્રણ આક્રમણોમાં મુસ્લિમોને હારનો સામનો કરવો પડયો.

ઈ.સ. ૭૧૧માં અરબ સરદાર હજજાજે તેના જમાઈ મહંમદ-બીન-કાસિમને ભરપૂર લશ્કર અને સરંજામ સાથે સિંધ પર આક્રમણ કરવા મોકલ્યો. તેણે ત્રણ દિવસના ઘેરાને અંતે સિંધના રાજા (દાહિર) ને હરાવ્યો. ત્યારપછી ઈ.સ. ૭૨૪માં ખલિફા હિશામે જુનાઈદ નામના સરદારને સિંધનો હાકેમ નિમ્યો. તેણે નવ નગરો જીત્યા અને વલ્લભીનો નાશ કર્યો. તેણે જીતેલા નગરોમાં કયાંય 'પ્રભાસ' કે 'સોમનાથ'નો ઉલ્લેખ નથી. તેનો અર્થ એ થયો કે ઈ.સ. ૭૭૦ પહેલાં ગુપ્તો અને વલ્લભીઓના સમયમાં સોમનાથની કીર્તિ ભારત બહાર ફેલાઈ ન હતી.

**મુસ્લિમ તવારિખકારો :-**

ઈસુની બારમી સદીથી ઓગણીસમી સદી સુધી થઈ ગયેલા અનેક મુસ્લિમ ઈતિહાસ લેખકોએ મહમૂદની સોમનાથ ચડાઈ વિશે વર્ણનો કરેલા છે. જેમાં મહમૂદ ગઝનીના સમકાલીન લેખક અલબિરૂની[૩] અને ફર્રૂખ્ખી મુખ્ય છે. આ ઉપરાંત 'તારીખુસ્સસબકતગીન' નો લેખક બઈહાકી, 'દિવાને ઉન્સુરી' નો લેખક હસન બીન અહમદ ઉન્સુરી કે જે મહમૂદનો રાજય કવિ હતો. 'ઝૈનુલ અખબાર' નો લેખક ગારદીઝી, 'જામે ઉલ હીકાયત' ના કર્તા મુહમ્મદ ઉફી, 'અલ કામીલ ફીત તારીખ' નો લેખક ઈબ્ન અસીર, 'મંતિકુયતર' ના લેખક શેખ ફરીદુદીન અતાર,[૪] 'તબકાતે નાસીરી' ના લેખક જુઝજાની, 'સફરનામા' ના લેખક જીકરિયા જીકની, 'બુસ્તાન' કાવ્ય સંગ્રહના લેખક શેખ સાદી 'કુતુહ' અપ્રગટ ગ્રંથના લેખક સલાતિન, 'જમીયુત તવારીખ' ના લેખક રશીદુદ્દીન, 'તારીખે ગુઝીદા' ના લેખક હમદુલ્લાહ, 'તારીખે મહમૂદી' ના લેખક મુહમ્મદ બીન હામદખાની, 'રૌઝ તુસ સફા' ના લેખક મીર ખ્વાન્દ, 'ખુલાસા તુત તવારીખ' ના લેખક ખ્વાન્દમીર, 'તારીખે અલ્ફી' ના લેખક મુલ્લા અહમદ થાટવી અને અસફખાન, 'તબકાતે અકબરી' ના કર્તા નિઝામુદીન અહમદ, 'ગુલ્શને ઈબ્રાહીમી' ના કર્તા ફરિશ્તા, 'મિરાતે મસુદી' ના કર્તા અબ્દુર રહેમાન ચિશ્તી, 'કિસ્સએ મંગલુરીશાહ' ના લેખક શેખ દીન આમ વીસથી વધુ તવારિખકારોએ મહમૂદ ગઝનીની સોમનાથની ચડાઈ વિષેની માહિતી પોતાના ગ્રંથોમાં આપી છે.

આ લેખકોના ગ્રંથોમાં ચડાઈનો સમય, ચડાઈનો માર્ગ, સોમનાથનું સ્થાન, સોમનાથની જાહોજલાલી, મહમૂદની ક્રૂરતા, ધનલાલશા વગેરેની વિગતો આવરી લીધી છે. કેટલીક જગ્યાએ તેમણે કરેલા વર્ણનો અતિશયોકિત ભરેલા અને અસત્ય પણ જણાઈ આવે છે. કેટલાક ભારતીય અને યુરોપીયન લેખકોએ તેમના વર્ણનો સત્ય માની તેના આધારે લેખો, વાર્તાઓ કે કવિતાઓ લખી નાખ્યા છે. અહીં આપણે આ લેખકોએ પોતાના ગ્રંથોમાં 'સોમનાથ' વિષે કરેલા વર્ણનોને અન્ય આધારો સાથે મુલવીએ.

**સોમનાથ મંદિરનું સ્થાન અને સમય :-**

લિંગોમાં જયોતિર્લિંગ શ્રેષ્ઠ ગણવામાં આવે છે. તેમની સ્થાપનાનો ઈતિહાસ પુરાણોમાં જોવા મળે છે. પરંતુ ઐતિહાસિક દષ્ટિએ જોતા જણાઈ આવે છે કે જયારે મનુષ્યાકાર શિવની પૂજા બંધ થઈ અને લિંગપૂજાનો પ્રારંભ થયો ત્યારે ઘેર ઘેર અને ગામે ગામ મંદિરો ન હતા. ભારતના ઉતમ પવિત્ર અને પ્રસિદ્ધ બાર સ્થાનોમાં જે શિવલિંગોની સ્થાપના કરવામાં આવી તે જયોતિર્લિંગ થયાં. તેમાં પ્રથમ જયોતિર્લિંગ સોમનાથ છે.

જયોતિર્લિંગની સ્થાપના થયા પછી તેના પર ભવ્ય મંદિર જરૂર બંધાયું હશે. પણ તે કોણે અને કયારે બાંધ્યું તેની કોઈ માહિતી ઉપલબ્ધ નથી. પરંતુ 'પ્રભાસખંડ' ના લેખક સોમને આકાશનો ચંદ્રમાં કલ્પીને કથા આપે છે. પરંતુ મૂળ મંદિર બંધાયાનું વર્ષ કે અન્ય વિગતો આપતા નથી.

અલબિરૂનીએ ઈ.સ. ૧૦૩૧ આસપાસના સમયમાં 'તારીખુલ હિંદ' નામનું પુસ્તક લખ્યું. અલબિરૂની તટસ્થ લેખક હતો. તે દરેક બાબતમાં પૂરો અભ્યાસ કરીને જ કોઈ વિધાન કરતો હોવાનું જણાઈ આવે છે. તેણે 'સોમપુરાણ'નો ઉલ્લેખ કરીને તેના આધારે પ્રજાપતિએ ચૅને આપેલા શાપ અને મુક્તિની વાત આલેખી છે.[૫] સમુદ્રમાં થતી ભરતી તથા ઓટના કારણે જ ત્યાંની એ મૂર્તિને 'સોમનાથ' નામ આપવામાં આવ્યું હોવાનું તે જણાવે છે. તથા સોમનાથનું મંદિર સરસ્વતીના મુખથી ત્રણ માઈલ દૂર હોવાનું અને મહમૂદે જે મંદિર ભાંગ્યું તે માત્ર સો વર્ષ જૂનું હોવાનું જણાવે છે.

ઈ.સ. ૧૧૬૯ ના 'ભદ્રકાલી' ના શિલાલેખ માંથી મંદિરની સ્થાપનાનો અસ્પષ્ટ ઈતિહાસ જાણવા મળે છે.[૬] એ અનુસાર સોમનાથનું આદિમંદિર સોમરાજાએ બંધાવ્યું. પણ તેમાં આ 'સોમ' એ આકાશનો ચંદ્રમાં હતો તેમ જણાવ્યું નથી. આ સોમરાજા કયાંનો, કયા વંશનો અને કયારે થયો તે વિગતો પણ દર્શાવી નથી. તેમાં એમ પણ જણાવ્યું છે કે, આ મંદિર સુવર્ણનું હતું. પરંતુ કદાચ સુવર્ણકળશોવાળું હોવાનું સંભવી શકે. આ સોમરાજા એ યદુકુળનો ચંદ્રવંશીય રાજા હોવાનું સંભવ છે. આ આદિમંદિર ઈ.સ.પૂર્વે ૬૦૦ ની આસપાસ બંધાયું હોવાનું સંભવ છે.

હાલ જયાં સોમનાથનું નૂતન મંદિર બંધાયું છે તે જ સ્થળે આદિમંદિર હતું. તેમાં કોઈ શંકાને સ્થાન નથી કેમકે, સરસ્વતીના મુખથી ત્રણ માઈલ દૂર મંદિર હોવાનું અલબિરૂની લખે છે પરંતુ ઈ.સ. ૧૦૨૬માં સરસ્વતીનું મુખ ચોકકસ કયા સ્થળે હતું તે વિશ્વાસપૂર્વક કહી શકાય તેમ નથી. કેમકે, નદીઓના મુખ દર વર્ષે આઘાપાછા થયા કરે છે.

### જયોતિર્લિંગ કે મૂર્તિ ? :-

કેટલાક મુસ્લિમ લેખકોએ સોમનાથનું લિંગ હતું તે વાત સ્વીકારી છે જયારે કેટલાક તે મૂર્તિ હતી તેમ કહી વિચિત્ર કથાઓ આપે છે.

સોમનાથના મંદિરના લિંગને અલબિરૂનીએ ગોળ ઠોસ લિંગ કહ્યું છે, જે લિંગ ઉપર સોનું અને રત્નો જડેલા હતા. પૂર્ણિમા અને અમાસને દિવસે લિંગને વિશેષ સ્નાન કરાવવામાં આવતું હતું. તેના ઉપર કિંમતી વત્રો અને અલંકારો હતા. તેના સ્નાન અને પૂજન માટે દરરોજ ગંગાજી થી ગંગાજળ અને કાશ્મીરથી ફૂલો આવતા હતા.

તે લખે છે કે "મહમૂદે એવી આજ્ઞા આપી કે લિંગના ઉપરના ભાગને તોડી નાખી નીચેનો ભાગ અને તેની ઉપરના કિંમતી આભૂષણો અને વસ્ત્રો ગઝની મોકલી દેવા." લિંગના શેષભાગને ચક્રસ્વામી નામની કાંસાની મૂર્તિ સાથે નગરની રંગભૂમિમાં ફેંકી દેવામાં આવ્યો. સોમનાથના લિંગનો ભાગ ગઝનીની મસ્જિદના દરવાજા સામે પડયો છે. જેના પર લોકો પગમાં ચોટેલા મલિન પદાર્થો અને ભીનાશને દૂર કરવા પોતાના પગ ઘસ્યા કરે છે.[૭]

ઈબ્ન અસીર લખે છે કે 'મૂર્તિ' (લિંગ) ની ઉંચાઈ પાંચ હાથ અને ગોળાઈ ત્રણ હાથ હતી. બે હાથ જેટલી ભૂગર્ભમાં હતી અને કોઈએ ઘડી કાઢી હોય તેવું લાગતું ન હતું. તે સ્વયંભૂ હોવાનો નિર્દેશ આપે છે.

ઈ.સ. ૧૨૬૩માં ભારત પ્રવાસે આવેલો[૮] જીકરિયા જીકની પોતાના 'સફરનામા' નામના ગ્રંથમાં લખે છે કે "સોમનાથની મૂર્તિ મનુષ્યના માપની હતી. મૂર્તિનો રંગ રતાશ પડતો શ્યામ હતો તેની આંખોમાં હીરાઓ જડેલા હતા. આ મૂર્તિની નીચે કે ઉપર કાંઈ આધાર ન હતો છતાં મૂર્તિ લટકતી રહેતી. મહમૂદે આ નિરાધાર લટકતી મૂર્તિની સત્યતાની ખાતરી કરવા ઉપરની છતમાંથી બે પથ્થરો કાઢી નાખવાની આજ્ઞા આપી. છતમાં લોહચુંબકનો પત્થર જડેલો હોવાથી પથ્થરો કાઢી નાખતા મૂર્તિ હલવા માંડી અને જમીન ઉપર સ્થિર થઈ ગઈ."

ફરિશ્તા લખે છે કે "મંદિરની મધ્યમાં સોમનાથની દશ હાથ ઊંચી પથ્થરની મૂર્તિ હતી. મહમૂદે પ્રતિમા પાસે જઈને તેના નાક ઉપર ગુર્જનો પ્રહાર કર્યો અને તેના નાકને ભાંગી નાખ્યું."

શેખ ફરીદુદીન અતાર લખે છે કે, મહમૂદે સેવકોને મૂર્તિની આસપાસ અગ્નિ પ્રજવલિત કરવા આજ્ઞા આપી અને તાપથી સોમનાથની મૂર્તિ ધડાકા સાથે ફાટી અને તેના પેટાળમાંથી વીસ મણ જેટલા વજનના બહુમૂલ્ય રત્નો નીકળી પડયા.

ફર્રૂખ્ખી સોમનાથ પરની ચડાઈ વખતે મહમૂદની સાથે હતો પરંતુ તેણે લિંગના પોલા હોવા અંગેનો કે તેમાંથી રત્નો નીકળ્યા હોવા અંગે કોઈ નોંધ કરી નથી.

આ બધા મતમતાંતરોને અંતે ઈ.સ. ૧૯૩૯માં ઠક્કુર નારાયણ વિસનજીએ 'જયોતિર્લિંગની સોમનાથની

મૂર્તિ' નામનો વિદ્વતાપૂર્ણ લેખ લખી એ મૂર્તિ નહિં પણ લિંગ હતું અને તે પોલું ન હતું એમ સચોટ પણે સાબિત કરી આપ્યું છે.

**મહમૂદની સોમનાથ પર ચડાઈ :-**

મહમૂદ ગઝનીએ ઈ.સ. ૧૦૦૦ થી ૧૦૨૭ સુધીમાં ભારત પર સતર વખત ચડાઈ કરી. તેણે ઈ.સ. ૧૦૨૬ માં ગુજરાતમાં આવેલા અતિપ્રસિદ્ધ સોમનાથ મંદિર પર ચડાઈ કરી તેને ભાંગ્યું. તેની મહેચ્છા 'સોમનાથનો ધનકોષ પ્રાપ્ત કરી જગતના કોઈ રાજાના ખજાનામાં ન હોય તેટલું ધન પ્રાપ્ત કરવાની હતી.' તેના જાસુસોએ સોમનાથના અઢળક ધનભંડારની બાતમી આપી તેની લોભવૃત્તિને ઉતેજી હતી.[૯] તે લૂંટી લેવા તે તત્પર બન્યો અને આ કાર્યને ધાર્મિક રંગે રંગવા 'જેહાદ'નું નામ આપ્યું.

૧૮/૧૦/૧૦૨૫ ના રોજ સોમવારે ત્રીસ હજાર ધોડેસવારો લઈ મુલતાન થઈ થરનું રણ ઓળંગી ગુજરાત આવી પહોંચ્યો. તેણે ગઝનીથી પ્રભાસનું અંતર માત્ર ૮૦ દિવસોમાં કાપી નાખ્યું.

ફર્રૂખ્ખી મહમૂદનો દરબારી કવિ હતો. તે મહમૂદની સોમનાથની ચડાઈ વખતે ભેગો આવ્યો હતો. તે લખે છે કે માર્ગમાં સુલતાને ઘણા કિલ્લાઓ અને શહેરો કબજે કરી તેને જમીનદોસ્ત કર્યા હતા. તેણે મોઢેરા અને દેલવાડાનું વર્ણન કર્યુ છે. એ સમયે ગુજરાતનો રાજા ભીમદેવ અણહિલવાડથી પલાયન થઈ ગયો અને મોઢેરામાં વીસ હજાર હિંદુઓએ મહમૂદની ફોજનો સામનો કર્યો અને શહીદી વ્હોરી. ત્યાંથી માંડલ, કચ્છનું નાનું રણ, વઢવાણ વગેરે માર્ગે સોરઠમાં દાખલ થયો. ઉના પાસે આવેલું દેલવાડા લૂંટી સોમનાથ પહોંચ્યો. જાન્યુઆરી ૧૦૨૬માં તે સોમનાથ પહોંચ્યો તે દિવસે ગુરુવાર હતો. સોમનાથમાં કોઈ સૈન્ય હતું નહિ, જે હતા તે માત્ર રક્ષકો જ હતા. તેમણે મહમૂદનો પ્રતિકાર કર્યો. બીજા દિવસે શુક્રવારે મહમૂદે પોતાના સૈનિકોને ઉશ્કેર્યા. મુસ્લિમોને સોમનાથનો ધ્વંસ કરી ધન લૂંટવાની અને ગાઝીપદ મેળવવાની તમન્ના હતી તો હિંદુઓમાં તેમના ધર્મસ્થાનના રક્ષણ માટે મરી ફીટવાનો અડગ નિશ્ચય હતો.

મહમૂદની ફોજે પચાસ હજાર રક્ષકોનું બલિદાન લઈ, મંદિરનો કબજો લીધો, જ્યોતિર્લિંગની પાષાણમૂર્તિને ભાંગી નાખી અને લાકડાના મંદિરને બાળી નાખ્યું.[૧૦]

મહમૂદ સોમનાથથી પાછો ફર્યો તે વિશે ગારદીઝી લખે છે કે મહમૂદને બીક લાગી કે હિંદુ રાજા પરમાર દેવ માર્ગમાં આવશે અને તેથી તેણે પ્રાપ્ત કરેલો મહાન વિજય બરબાદ જશે તેથી તેણે સીધો રસ્તો ન લેતાં મન્સુરાના માર્ગે કૂચ કરી અને તેમ કરતાં કરતાં મુલ્તાન પહોંચ્યો. તેના સૈનિકો રણના શુષ્કપણાને કારણે તથા જાટોના ત્રાસે બહુ દુઃખી થયા. ઘણા પશુઓ અને સૈનિકો માર્ગમાં મૃત્યુ પામ્યા.[૧૧]

તબકાતે નાસીરીમાં જુઝજાની લખે છે કે "સોમનાથથી મહમૂદ 'મનાત' નામની જે મૂર્તિ લાવ્યો હતો તેના ચાર ભાગ કર્યા. એક ભાગ રાજમહેલના સિંહદ્વારે, બીજો ભાગ ગઝનીની જામે મસ્જિદમાં, ત્રીજો ભાગ મકકા અને ચોથો ભાગ મદીનામાં રાખવા પ્રબંધ કર્યો."[૧૨] અહીં જુઝજાની કંઈક અલગ જ નવીન વાર્તા કહી જાય છે.

**મૂલ્યાંકન :-**

સોમનાથ વિશે જે - જે કોઈ મુસિલમ તવારિખકારોએ વર્ણનો કરેલા છે આ તમામ વર્ણનોની ઐતિહાસિકતા અને વિશ્વસનિયતા તપાસતાં એમ જણાય છે કે આમાના મોટા ભાગના ઈતિહાસકારોએ ધાર્મિક દષ્ટિથી પ્રેરાઈને વધુ પડતું આલેખન કર્યુ છે. મહમૂદની પ્રશંસા કરવા માટે અતિશયોકિતથી ભરપૂર લખાણો કરવા જાણે કે સ્પર્ધા કરી હોય તેમ જણાય છે. તેમણે મહમૂદના આ કાર્યને ન્યાયી ઠરાવવા કલ્પનાતીત વાર્તાઓ પણ લખી છે. પરંતુ મહમૂદના આ ધૃણિત કાર્યની વિપરીત અસર એ થઈ કે, ઈસ્લામ લૂંટારાઓનું સ્વરૂપ છે. એવી લાગણી હિંદુઓમાં ઊભી થઈ અને ઈસ્લામ માટે તીવ્ર ધિકકાર ઉત્પન્ન થયો.'

જો અલબિરૂની કે ફર્રૂખ્ખીએ આ ચડાઈની વિગતો ન દર્શાવી હોત તો આપણે આ ઘટનાથી અજાણ હોત. કેમકે, ભારતીય ઈતિહાસ લેખકે વિવેક ખાતર કે પવિત્ર ધર્મસ્થાનની અદબ ખાતર આ શરમજનક પ્રસંગનો ઉલ્લેખ કર્યો નથી.

આ ઈતિહાસકારોના તમામ વર્ણનોને એક સાથે તપાસતાં તેમાંથી આંશિક સત્ય જરૂર તારવી શકાય છે. કોઈપણ ઈતિહાસ સંશોધકોએ સોમનાથ વિશેના આ વર્ણનોને જુદા-જુદા દષ્ટિકોણથી તપાસી, મૂલવીને લખવા જોઈએ.

આમ ઈ.સ. ૧૦૨૬માં મહમૂદના સોમનાથ પર પ્રથમ આક્રમણ બાદ સમયે સમયે તેનું પુનરુદ્ધાર થતો રહ્યો અને છેક ઓરંગઝેબના સમય સુધી વારંવાર આક્રમણકારીઓનો ભોગ બનતું રહ્યું.

અહીં એ પણ અવશ્ય લખવું જ જોઈએ કે એ યુગમાં અમુક વ્યક્તિઓએ જ તેમની શકિત સામર્થ્ય અને સંપતિનો ઉપયોગ આવા દુષ્કૃત્યો પાછળ કર્યો . એટલે એ માટે તેઓએ જે ધર્મનું અનુસરણ કરતા હતા, તેમણે ધર્મના નામે આવા કૃત્યો કર્યા. તે ધર્મની નિંદા પણ કરી શકાય નહીં. તેવા કૃત્યો માટે તે વ્યકિત જ જવાબદાર હતી. તેવું અર્થઘટન વાજબી અને વાસ્તવિક છે.

**પાદનોંધ :-**


૧. દેસાઈ શંભુપ્રસાદ હ., 'પ્રભાસ અને સોમનાથ', બીજી આવૃત્તિ, પ્રભાસપાટણ, ઈ.સ. ૧૯૯૮ પૃ. ૩૯૮

૨. અબ્બાસી મહેબૂબ હુસેન એ. 'ઈસ્લામનો ઉદય અને વિકાસ' પ્રથમ આવૃત્તિ, અમદાવાદ, ૧૯૮૧, પૃ. ૬૮

૩. કયામુદીન અહમદ (સંપાદિત) 'ભારત અલ-બિરૂની' નવી દિલ્હી, બી.આ., ૧૯૯૭, પૃ. ૧૨

૪. દેસાઈ શંભુપ્રસાદ હ., પૂર્વોક્ત, પૃ. ૩૬૦

૫. ખાચર (ડો.) પ્રદ્યુમન ભ., 'પ્રાચીન ભારતના વિદેશીયાત્રી', પ્ર.આ., રાજકોટ, ઈ.સ. ૨૦૦૦ પૃ. ૯૧

૬. ભદ્રકાલી મંદિરનો શિલાલેખ - સોમનાથ

૭. સખાઉ એડવર્ડ સી., ' અલબેરૂનીસ ઈન્ડિયા', વો. ૧ લંડન, ઈ.સ. ૧૯૧૦, પૃ. ૧૦૨,૧૦૩

૮. દેસાઈ શંભુપ્રસાદ હ., પૂર્વોક્ત, પૃ. ૩૬૪

૯. શાત્રી (ડો.) હરિપ્રસાદ ગં., 'ગુજરાતનો પ્રાચીન ઈતિહાસ' બીજી આવૃતિ, અમદાવાદ ઈ.સ. ૧૯૭૩ પૃ. ૧૮૮

૧૦. એજન - પૃ. - ૧૮૯

૧૧. જાની (ડો.) એસ. વી., માણેક કલ્પા, 'સૌરાષ્ટ્રની અસ્મિતા' પ્રથમ આવૃત્તિ, રાજકોટ, ઈ.સ. ૨૦૧૧ પૃ. ૪૬

૧૨. દેસાઈ શંભુપ્રસાદ હ., પૂર્વોક્ત, પૃ. ૩૬૩

૧૩. ગુજરાત ઈતિહાસ પરિષદના ૨૭મા અધિવેશનમાં વલ્લભ વિદ્યાનગર ખાતે રજૂ કરેલ શોધપત્ર.



(આસિ. પ્રોફેસર, ઈતિહાસ, મહાદેવ દેસાઈ ગ્રામસેવા મહાવિદ્યાલય, રાંધેજા, જિ. ગાંધીનગર)


*॥ સંશોધન ॥*

# મલેક ગોપીનાથનું સુરતના વિકાસમાં પ્રદાન


**દીપકભાઈ એમ. પટેલ[1]**

**મનીષાબેન કે. પટેલ[2]**


ગુજરાતના સાંસ્કૃતિક ઈતિહાસમાં અનેક દૃષ્ટિએ સુરત શહેરનું સ્થાન મહત્ત્વનું છે. સુરતની પ્રાચીનતા બીજા બંદરો જેટલી કહી શકાય નહીં છતાં તાપી નદી અને સૂર્યપુર નામને જે પૌરાણિક સ્વરૂપ મળ્યું છે તે જોતાં મુસલમાન સમયની શરૂઆતમાં એ સ્થળને મૂકી શકાય.[1] ગુજરાતના મધ્યયુગ દરમિયાન સુરત જાહોજલાલીની ટોચે હતું. સલ્તનતકાળ દરમિયાન તેની સમૃદ્ધિ ટોચે હતી.[2] કેટલાક લેખકોના મતે સુરત નાનું ગામડું હતું તે મુઝફ્ફરશાહ-૨ના સમયમાં મલેક ગોપીનાથે વધાર્યું અને સમૃદ્ધ કર્યું. સુરત નામ માટે પણ વિચિત્ર વાતો જોડાયેલી છે. પૌરાણિક નામ બાજુએ રાખીએ તો પણ સુરત નામ વિ.સ. ૧૫૧૨ ઈ.સ. ૧૪૫૬માં લખાયાનું કાન્હડે પ્રબંધમાં જોવા મળે છે. એટલે સુલતાન મુઝફ્ફર શાહ-૨ના પહેલાં અર્ધી સદી પહેલાં સુલતાન કુત્બુદ્દીનના સમયમાં હતું એટલું જ નહીં પણ ગુજરાતના સારાં શહેરો પ્રબંધોમાં જણાવ્યાં છે તેમાં રાંદેરની સાથે સુરતનું નામ છે; તે બતાવે છે કે શહેરમાં ગણી શકાય તેવી સ્થિતિ સુરતની હોવી જોઈએ.[3] મૈત્રકકાલ દરમિયાન તે પ્રદેશનું વડું મથક કંતારગામ (કતારગામ) હતું. સુરત શહેરની તેની દક્ષિણે વહેલામાં વહેલું સોલંકી કાલના અંતમાં અથવા સલ્તનતના પ્રારંભે વસ્યું હોય એમ લાગે છે. ૧૫મી સદીથી એ શહેરના નિશ્ચિત નિર્દેશો થયેલા છે.[4] સુરત શહેર ગુજરાતના નગરોમાં સલ્તનતકાળથી મહત્ત્વ પામ્યું હતું. મુઘલકાળ દરમિયાન સુરત ગુજરાતના બંદરોમાં અગ્રિમસ્થાન ધરાવતું હતું.

## મલેક ગોપીનાથનું વતન અને જ્ઞાતિઃ

આ હિંદુ અમીર કોણ અને ક્યાંનો વતની હતો એનો સ્પષ્ટ અને આદારભૂત ઉલ્લેખ મળતો નથી.

મિરાતે સિકંદરીએ તેનો જે ઉલ્લેખ કર્યો છે તે તેની ચડતીને બદલે પડતીનો વિશેષ કર્યો છે. પરંતુ પોર્ટુગીઝ ઉલ્લેખો પરથી સુરતમાં એનું નામ આજે ચિરંજીવ છે અને એને એ શહેરને શણગારી રમ્ય બનાવવામાં ગોપીનાથનો ફાળો બહુ મહત્ત્વનો છે. ગોપીનાથનું ઘર સુરતમાં હતું અને એની દીકરી કે કોઈ સગીબાઈ ત્યાં રહેતી હતી એનો ઉલ્લેખ મુઘલ સમય દરમિયાન આવેલા મુસાફરોએ કરેલો છે. પોર્ટુગીઝ એલચીઓને પોતાના ઘરમાં ઉતારો આપ્યો હતો અને એનો ભાઈ મિયાબાબુ એમનો સત્કાર કરવા રોકાયેલો હતો. પરંતુ આટલા સ્પષ્ટ ઉલ્લેખો છતાં મલેક ગોપીનાથ અસલ સુરતનો વતની હતો એમ સિદ્ધ થતું નથી. ચાંપાનેર, વડોદરા અને અમદાવાદમાં પણ તેના ઘર હતાં અને ચાંપાનેરની પાસે તથા અમદાવાદમાં પણ ગોપીપરાં હતાં એવા ઉલ્લેખો મળે છે. ગોપીનાથના વતન અને જ્ઞાતિ માટે ઉલ્લેખ કરવો મુશ્કેલ છે.

સુરતમાં ગોપીનાથના સ્મરણ ચિન્હો છે તે ઉપરાંત કેટલાક યુરોપીયન મુસાફરોના સુરતના ઉલ્લેખો પરથી પણ એ સુરતનો હતો એમ કહેવા લલચાયા છે. ઈ.સ. ૧૬૨૩માં પીટ્રોડેલાવાલે લખે છે કે ગોપીતળાવ સામાન્ય લોકવાયકા પ્રમાણે એક ખાનગી ધનવાન ગૃહસ્થે બાંધ્યું છે. સુરતનો ઉલ્લેખ કરતાં એ લખે છે કે આ તળાવનો બાંધનાર સુરત શહેરનો હતો, આ પરદેશી ઉલ્લેખો પરથી તે સુરતનો વતની હતો એમ સિદ્ધ થતું નથી. અમદાવાદના પ્રસિદ્ધ દિવેટિયા કુટુંબના ભોળાનાથ સારાભાઈના ચરિત્રમાં સારાભાઈએ લખેલી ઉર્દૂ નોંધોના આધારે એમ સમજાય છે કે એમના કુટુંબના મોસાળ પક્ષમાં ઈ.સ. ૧૫૦૮માં એક ગોપીનાથ નામે મોટો માણસ થઈ ગયો અને મહમૂદ બેગડાના સમયમાં એ મલેક ગોપીના નામે ઓળખાતો હતો તેણે વડનગરથી ચાંપાનેરમાં વેપાર અર્થે વસવાટ કર્યો અને ચાંપાનેર તથા વડોદરામાં મકાનો બંધાવેલા. આમ વેપાર માટે ગોપીનાથ સુરતમાં વસેલા એવી સુરતની પરંપરાને આ વાતથી ટેકો મળે છે. ગોપીનાથ વેપાર અર્થે વડનગરથી નીકળ્યો હોય અને હોશિયારીથી ધનવાન બની રાજદરબારમાં ઊંચી પદવીએ પહોંચ્યો હતો એમાં કંઈ અસંભવ નથી. આ બધું જોતાં મલેક ગોપીનાથ સુરતમાં વસ્યો છતાં અસલ વડનગરનો વતની અને નાગર હતો એમ માનવામાં કોઈ વાંધો નથી.[૫]

સુરતમાં નવસારી બજાર વિસ્તારમાં ઈ.સ. ૧૫૧૬ પહેલાં ગોપીતળાવ બંધાયું હતું. આ તળાવ બંધાવનાર મલેક ગોપીનાથ મૂળે વડનગરનો વતની નાગર બ્રાહ્મણ હતો.[૬] ગોપીનાથ મૂળ વડનગરનો નાગર બ્રાહ્મણ હતો અને વેપાર અર્થે ૧૫મી સદીની અંતિમ પચીસી દરમિયાન સુરત આવીને વસ્યો હતો.[૭] પ્રાચીન સમયથી ભારતમાં નાગર બ્રાહ્મણ જ્ઞાતિએ પોતાની બુદ્ધિમત્તા, વિદ્વતા અને મુત્સદીગીરીથી રાજદરબારમાં મંત્રી, કારભારી, મહાઅમાત્ય, વજીર અને એલચી જેવા મહત્ત્વના ઉચ્ચ પદો પર સ્થાન મેળવ્યું હતું તેથી સંભવે છે કે ગોપીનાથ મૂળ વડનગરનો વતની અને અસલ નાગર બ્રાહ્મણ હોય એમ માની શકાય. ગોપીનાથ શૈવ ધર્મી હતો તેનો પુરાવો તેણે સુરતમાં બંધાવેલ ગોપી તળાવમાં એક શિવ મંદિરનું નિર્માણ કરાવ્યું હતું. વડનગરમાં આજે પણ નાગર બ્રાહ્મણોના ઈષ્ટદેવ ભગવાન હાટકેશ્વરનું પ્રાચીન મંદિર વિદ્યમાન છે તેથી પણ સંભવે છે કે ગોપીનાથ મૂળ વડનગરનો અસલ નાગર બ્રાહ્મણ હોય અને પોતાના ઈષ્ટદેવની સ્મૃતિમાં ગોપીનાથે સુરતના ગોપીતળાવમાં શિવમંદિરનું નિર્માણ કરાવ્યું હોય.

### મલેક ગોપીનાથ વઝીર તરીકે:

ગુજરાતના સુલતાનોના સમયમાં હિંદુઓને રાજદરબારમાં કે વહીવટી તંત્રમાં ઉચ્ચ પદવીઓ મળતી નહીં. પરંતુ સુલતાન મહંમદ બેગડાના સમયમાં પ્રધાનમંડળમાં ઊંચું સ્થાન પ્રાપ્ત કરનાર ગોપીનાથના ચારિત્ર્યથી હિંદુઓને મોટી પદવીઓ મળતી હતી. તેના શાસનના અંત સમયમાં મલેક ગોપીનાથ લગભગ મુખ્યપ્રધાન જેવી સત્તા ધરાવતો હતો. ગુજરાતના સાંસ્કૃતિક ઈતિહાસમાં આ હિંદુ અમીરનું મહત્ત્વનું સ્થાન છે. એનું નામ ગોપીનાથ છે. મહમૂદ બેગડાના સમયમાં એની ચડતી થઈ તેની સુરત અને ભરૂચના ગવર્નર તરીકે નિમણૂક થઈ. સુલતાન મુઝફ્ફરશાહ-રના અમલમાં રાજકારણમાં મલેક ગોપીનાથે ભજવેલો ભાગ મોટી પદવી પ્રાપ્ત કરી હતી. આ હિંદુ અમીર તે સમયે મહત્ત્વનું સ્થાન ધરાવતો હતો.[૮] મિરાતે-સિકંદરી મલેક ગોપીનાથનો ઉલ્લેખ કરે છે. તે મુઝફ્ફરશાહ-રના સમયમાં કરે છે. પોર્ટુગીઝો તેનું નામ વિચિત્ર રીતે લખે છે. મીલે ગોપીન, મલેકોપી અને મીલેકોપી[૯]

અને ગોપીકાકા એવા નામ મળે છે. વૃદ્ધાવસ્થાએ પહોંચેલા આ અમીરને લોકો ગોપીકાકા કહેતા હોય અને વેપારીઓના સંપર્કમાં આવતાં એવું નામ સાંભળ્યું હોય એ સંભવિત છે. સિકંદરી સ્પષ્ટ રીતે ગોપી કે કોપી લખે છે, જ્યારે તબકાત કોબી જુન્નારદાર લખે છે આ બંને તવારીખકારો એ બ્રાહ્મણ હતો એટલું તો સ્પષ્ટ લખ્યું છે.

બાર્બોસા જેવો સમકાલીન તથા ઈતિહાસલેખક બેરોરના લખાણ પરથી એ માત્ર સુરતનો ગવર્નર હતો એમ સ્પષ્ટ થાય છે. સુરતમાં પ્રચલિત ગુજરાતી અને ઉર્દૂ લખાણોએ નોંધેલી પરંપરા પ્રમાણે ૧૫મી સદીના અંત ભાગમાં ગોપીનાથ કે ગોપીનાયક નામે ધનવાન વેપારી હતો અને સુરતમાં વસીને શણગારીને ગોપીનાથે રાંદેરથી સારા મોટા વેપારીઓને સુરતમાં વસાવ્યા હતા. સુરત એ વખતે સામાન્ય શહેર હતું. ગુજરાતના સુલતાન મુઝફ્ફરશાહ-૨એ તેને મલેકનો ખિતાબ આપ્યો હતો. અને એની સ્ત્રી રાણી કહેવાતી એ ઉપરથી સુરતમાં રાણી ચકલું અને રાણીતળાવ પણ હતાં.[૧૦] સુલતાન મુઝફ્ફરશાહ-૨ (૧૫૧૧ થી ૧૫૨૬)ને ગોપીનાથે રાજગાદી મેળવવામાં મદદ કરી તેના બદલામાં તેનું નાઝીમ પદ ચાલુ રહ્યું અને મુખ્ય વઝીર અને મુખ્ય અમીર તરીકે ચાલુ રહ્યો. સુલતાને તેને મલકેનો ખિતાબ આપ્યો. ગોપીનાથ આ સમય દરમિયાન એક વિશ્વાસુ અને લાગવગ ધરાવનારો વઝીર હતો. ગોપીનાથે બે સુલતાનોના સમયમાં સત્તા ભોગવી હતી.[૧૧]

ગોપીનાથ મલેકનું સુલતાન મુઝફ્ફરશાહ-૨ના સમયાં તેના રાજદરબારમાં મહત્ત્વનું સ્થાન હતું એ વાતનો ખ્યાલ એ ઉપરથી આવે છે કે ઈડરના રાજવી રાણાભીમે સાબરમતી નદીના પૂર્વ કિનારાના ભાગ પર લૂંટફાટ કરતાં સુલતાને ઈડર તરફ કૂચ કરી રાણો ભીમ ઈડર છોડી ગભરાઈને વિજયનગરના જંગલોમાં ભાગી ગયો. સુલતાને ઈડરના મહેલો, મકાનો તથા મંદિરોના નાશ કરવાનો હુકમ આપ્યો.[૧૨] રાણા ભીમે સુલતાનના બ્રાહ્મણ પ્રધાન ગોપીનાથ મલેક મારફતે સુલેહ કરવા માટે પ્રયત્નો કર્યા અને તેણે ગોપીનાથ મારફતે સુલતાનને અરજી કરી.

**ગોપીનાથ મલેક અને પોર્ટુગીઝોઃ**

ગોપીનાથ મલકે એક રાજકારણી કરતાં વેપારી વિશેષ હતો. તેના જીવનની ચડતી પડતી સુરતની વેપારી પ્રવૃત્તિઓ સાથે સંબંધ ધરાવે છે. ગોપીનાથના કાર્યકાળ દરમિયાન હિંદના પશ્ચિમકાંઠે પોર્ટુગીઝોની વેપારી પ્રવૃત્તિ વધી હતી. ઈ.સ. ૧૪૯૮માં વાસ્કો-દ-ગામાના કાલીકટ આગમન પછી હિંદ આવવાનો જળમાર્ગ તેમને મળી ગયો. ઈ.સ. ૧૫૦૩માં કોચીન, ઈ.સ. ૧૫૧૦માં ગોવા અને ઈ.સ. ૧૫૧૧માં અગ્નિ એશિયાના મલક્કા ઉપર તેમનું વેપારી સામ્રાજ્ય સ્થપાઈ ચૂક્યું હતું. ગુજરાતકાંઠે તેમનું લક્ષ દીવનો વેપાર હસ્તગત કરવાનું હતું. ઈ.સ. ૧૫૦૯માં ટ્રીસ્ટાઓ ડેગા અને અન્ય પાંચ પોર્ટુગીઝોએ દીવમાં કોઠી પણ શરૂ કરેલી. ગોપીનાથનો મુખ્ય વિદેશ વ્યાપાર અગ્નિ એશિયાના દેશો સાથે હતો અને તે તરફની વેપારી પ્રવૃત્તિ જોતાં તેમજ તેમની નૌકાતાકાત જોતાં નિર્ણય રીતે વહાણોની અવરજવર મુશ્કેલ બની શકે તેમ હતું. ચેવલ અને દીવ પાસે પહોંચેલો તેમનો નૌકા કાફલો જોતાં પોર્ટુગીઝો સાથે તેમની કાયમી દુશ્મનાવટ પોષાય તેમ ન હતી. પરિણામે ગોપીનાથની ઈચ્છા પોર્ટુગીઝોને ગુજરાતના કાંઠે વેપારી પ્રવૃત્તિ માટે સુવિધા પૂરી પાડવાની હતી. આ કારણથી જ તે પોર્ટુગીઝો સાથે સંધિ કરાવવા તથા મૈત્રીપૂર્ણ સંબંધો સ્થાપવા માટે સુલતાન મહમૂદ બેગડાને સમજાવ્યો હતો. પોર્ટુગીઝ ગવર્નર આલ્બુકર્ક સાથે ઈ.સ. ૧૫૧૦માં ગોપીનાથને જે પત્રવ્યવહાર થયો તે દ્વારા ગોપીનાથ અને પોર્ટુગીઝ વચ્ચેના સંબંધો વિશે જાણકારી મળે છે.[૧૪]

ગોપીનાથની વિનંતીને માન આપીને ગુજરાતના સુલતાન મહમૂદ બેગડાએ ઈ.સ. ૧૫૧૦માં પોતાનો એક ખાસ દૂત આલ્બુકર્ક પાસે કાનાનૂર મોકલ્યો હતો, ત્યારે ગોપીનાથે તેની સાથે એક અંગત પત્ર લખીને પણ મોકલ્યો હતો. આ પત્રમાં જણાવ્યા પ્રમાણે ગુજરાતના દરિયા કિનારે પકડાયેલા ૫૦ થી ૬૦ પોર્ટુગીઝોને સિફારસ કરીને છોડાવ્યા હતા અને તેમને ચાંપાનેર રાખ્યા હોવાની વિગત લખી હતી. ઉપરાંત પોર્ટુગીઝો સાથે સુલતાનને સારા સંબંધો બંધાય તે માટે બનતું કરવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. ગુજરાત અને પોર્ટુગીઝોની મૈત્રીથી ગુજરાતના બંદરો સલામત

રહેશે અને વહાણો સમુદ્રમાં નિર્ભય રીતે છૂટથી ફરી શકશે.[૧૫] તેવા ઉદ્દેશ્યથી ગોપીનાથે સુલતાનને પોર્ટુગીઝો સાથે મૈત્રી સંબંધ બાંધવા સમજાવ્યો હતો. તેની પૂર્વભૂમિકારૂપે ગોપીનાથે ઉપરોક્ત પત્રમાં આલ્બુકર્કને જણાવ્યું કે એક વિશ્વાસુ દૂતને સુલતાન માટે ભેટ-સોગાદ સાથે સુરત થઈને શાહી દરબારમાં ચાંપાનેર મોકલશો. ઈ.સ. ૧૫૧૦ના સપ્ટેમ્બરમાં આલ્બુકર્કે ઉપરોક્ત પત્રનો જવાબ ગોપીનાથ પર મોકલી આપ્યો હતો. તેમાં તેણે ગોપીનાથની સૂચના પ્રમાણે દૂતને મોકલવાની અને સુલતાનને મળવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. દરમિયાન સુલતાન મહમૂદ બેગડાનું અવસાન થતાં (૨૩-૧૧-૧૫૧૧) આ કાર્ય થોડું વિલંબાયું. પોર્ટુગીઝોની ઈચ્છા દીવમાં કિલ્લો બાંધવાની હતી અને તે માટે ગોપીનાથ મલેક મદદ કરી રહ્યો હતો, પરંતુ ગુજરાતનો નૌકાસેનાપતિ અને દીવનો ગવર્નર મલિક અયાઝ તેનો વિરોધી હતો. આ મલિક અયાઝનો દીવમાં ખાનગી વેપાર પણ હતો અને વેપારી પ્રવૃત્તિમાં દીવ અને સુરત પરસ્પર હરીફ હતાં. પોર્ટુગીઝોનો કિલ્લો દીવમાં બંધાય તો આપોઆપ આ હરીફાઈનો અંત આવી જાય અને પોર્ટુગીઝો સાોથે મિત્રતા સ્થપાતાં અગ્નિ એશિયાના દેશો સાથેનો ગોપીનાથનો વેપાર નિર્વિઘ્ને ચાલુ રહી શકે. ઈ.સ. ૧૫૧૨ના ડિસેમ્બરમાં આલ્બુકર્કે ગોપીનાથની વિનંતી પ્રમાણે ટ્રીસ્ટાઓડેગાને ગુજરતના શાહી દરબારમાં મોકલ્યો હતો જેથી દીવમાં કિલ્લો બાંધવાની રજા મળી શકે. ગોપીનાથ મલિકે આ ટ્રીસ્ટાઓડેગા સાથે પણ એક પત્ર મોકલ્યો હતો. જેમાં ઉપરોક્ત બાબત જણાવાઈ હતી.[૧૬]

ગોપીનાથ મલેકને એક પત્રમાં આલ્બુકર્કે ખાસ આભાર માન્યો અને પોર્ટુગલ સાથે મૈત્રીનું વલણ બતાવવા માટે બદલો વાળી આપવાની આશા વ્યક્ત કરી હતી. મલિક ગોપીનાથના જીવનના અંતિમ વવર્ષમાં ૧૫ માર્ચ ૧૫૧૪માં ડીએગો ફર્નાન્ડિઝ અને ટેકસીરાના નેતૃત્વ નીચે એક પોર્ટુગીઝ એલચી મંડળ ગોપીનાથ મલકેની વિનંતીથી સુરત ઉતર્યું ત્યારે ગોપીનાથના ઘરે તેનો ઉતારો હતો. ગોપીનાથે તેમના ઉતારાની ખાવા-પીવાની ઉત્તમ વ્યવસ્થા કરી હતી. ફર્નાન્ડિઝે ગોપીનાથ મલેકને આલ્બુકર્કનો પત્ર તેમજ તેને માટે મોકલેલે ખાસ ભેટ આપી હતી.[૧૭] તે સમયે દસ્તુરખાન સુરતનો ગવર્નર હતો. દૂતમંડળના સુરત રોકાણ દરમિયાન એક ખાસ વ્યક્તિ પેરાક્વીમેડો ચાંપાનેર જઈ આવ્યો તેણે દૂતમંડળને એવી માહિતી આપેલી કે ગોપીનાથ મલેકને સત્તા સ્થાનેથી દૂર કરાયો છે અને સુલતાનની તેના પર મહેરબાની નથી. એલચીમંડળ માર્ચ ૧૫૧૪ના રોજ સુરતથી રવાના થયું અને એપ્રિલની ૪ તારીખે ચાંપાનેર પહોંચ્યું ત્યારે સુલતાન અમદાવાદ હતો. ગોપીનાથ, સત્તાભ્રષ્ટ થયેલો હોવા છતાં તેણે એલચીમંડળને યોગ્ય સલાહ-સૂચનો આપી અમદાવાદ મોકલ્યું. જોકે સુલતાને દીવમાં કિલ્લો બાંધવાની પરવાનગી પોર્ટુગીઝોને ન આપી.[૧૮]

પોર્ટુગીઝો સાથે ગોપીનાથ મલેકે કરેલ પત્રવ્યવહાર એ દર્શાવે છે કે તે પોર્ટુગીઝોનો પક્ષપાતી અને મિત્ર હતો જ્યારે મલિક અયાઝની નીતિ ફિરંગીઓ વિરોધી હતી.[૧૯] ગોપીનાથ મલેકનો ફિરંગીઓ તરફનો પક્ષપાત અને મિત્રતાથી એવું ન માની શકાય કે તે રાષ્ટ્રદ્રોહી હતો. આ સમય દરમિયાન ફરંગીઓની નૌકાશક્તિનો ખ્યાલ ગોપીનાથને હતો. આ નાગર બ્રાહ્મણનો ઉદ્દેશ્ય ગુજરાતનો વેપાર ફિરંગીઓ ખોરવી નાખે નહીં, બંદરો સલામત રહે અને વેપાર નિર્ભયપણે ચાલે તેમ હોઈ શકે. તેના પોર્ટુગીઝો સાથેના સંબંધો તેની રાજકીય કુનેહ અને તેની મુત્સદ્દીગીરીનું પ્રતીક હતા.

**ગોપીતળાવ, રાણીતળાવ, રાણીચકલું અને ગોપીપરું:**

ગોપીનાથનું નામ સુરત શહેરના વિકાસ સાથે જોડાયેલું છે. આર્થિક પ્રવૃત્તિની સાથે સુરતનગરના સાંસ્કૃતિક ઈતિહાસમાં પણ તેનું મહત્ત્વનું યોગદાન હતું. સુરતમાં આવેલા ઐતિહાસિક યાદગાર ગોપીપુરા વસાવનાર, ગોપીતળાવનો બંધાવનાર ગોપીનાથ મલેક સુલતાન મહમૂદ બેગડાના શાસનકાળ દરમિયાન ભરૂચ અને સુરતનો દરોગો તથા મુત્સદી રહ્યો હતો અને એ પછીના વર્ષોમાં વઝીર સુધી પહોંચ્યો હતો.[૨૦] સુરત શહેરનો ગોપીપુરા વિસ્તાર તેના નામ સાથે જોડાયેલ છે. ગોપીનાથનું નિવાસ્થાન અને વેપારી પેઢી આ વિસ્તારમાં હતાં. આ વિસ્તારને અડીને સુરતની દક્ષિણ તરફ ગોપીએ શહેરની શોભારૂપ સુંદર તળાવ બંધાવ્યું હતું જે તેના નામે ગોપીતળાવ તરીકે ઓળખાયું તેની પત્ની નામે રાણીતળાવ બંધાવ્યું. તેની સ્ત્રી રાણી કહેવાતી તે પરથી સુરતમાં રાણી ચકલું અને રાણી તળાવ પણ હતાં. વર્તમાન સમયમાં તો ગોપીનાથે

બંધાવેલા તળાવના અવશેષો પણ મળવા મુશ્કેલ છે. આ તળાવના બાંધકામ અને રચના વિષયક માહિતી વિદેશી મુલાકાતીઓ, વેપારીઓ યા અધિકારીઓએ આપી છે. જૈન આચાર્ય વિનય વિજય ઉપાધ્યાયે તેમના ઈન્દ્રદત્ત કાવ્યમાં તળાવની પ્રશસ્તિરૂપ શ્લોક મુક્યો છે. ટોમસ રૉ, ડેલ્લાવાલે, થોમસ હર્બટ, મેન્ડેસ્લો, જહોન ઓજીલ્બી, ઝ્યાં-દ-થેવનો, ડૉ. ફાયર, એલેક્ઝાન્ડર હેમિલ્ટન વિલિયમ ફિન્ચ, જે.એસ. સ્ટેવોરીનસ વગેરેએ ગોપીતળાવ વિશે ઉપયોગી નોંધ લખી છે. તેમના લખાણોનો અભ્યાસ કરવાથી તળાવના બાંધકામ અને તેની વિશાળતાનો ખ્યાલ આવે છે. કલાત્મક જળાશયો બંધાવવાની ગુજરાતના સોલંકી રાજાઓની પરંપરા હતી જે સલ્તનત કાળમાં પણ ચાલુ રહી હતી. ગોપીનાથે સુરતમાં જે તળાવનું નિર્માણ કરાવ્યું હતું તે સ્થાપત્યની દૃષ્ટિએ ચૌલુક્ય શૈલીના બાંધકામનો નમૂનો હતો. આ તળાવનો ઘેરાવો લગભગ એક માઈલનો હતો. સુરત મ્યુનિ. કોર્પોરેશનમાં આ તળાવનો ઘેરાવો ૫૮ એકર (૨૩.૪૭૭ હેક્ટર) દર્શાવ્યો છે. આ વિસ્તારને ધ્યાનમાં લઈએ તો તળાવનો ઘેરાવો ૧ માઈલ જેટલો જ હશે. ડૉ. ફાયરે પણ તળાવનો ઘેરાવો આટલો જ બતાવ્યો છે. જ્યારે થેવનો અને વિલિયમ ફિન્ચે તેમની નોંધમાં પોણો માઈલ ગણાવ્યો છે. તળાવ સોળ ખૂણા અને બાજુઓ વાળું હતું. ઉપરથી તળિયા સુધી ઉતરવા માટે અર્ધા ફૂટ ઊંચાઈવાળાં પગથિયાં હતાં. જ્યારે શહેર તરફની બાજુ પગથિયાં વગરના ત્રણ ઢાળ હતા. જે પાણી ભરવા અને ઘોડાઓને પાણી પાવાના ઉપયોગમાં લેવાતા લળાવના તળીયે પણ પથ્થર જડેલા હતા. તળાવની મધ્યમાં બકસ્થળ હતું અને એની ઉપર શિવમંદિર હતું ત્યાં જવા માટે હોડીઓનો ઉપયોગ થતો.

ગોપી તળાવમાં ચોખ્ખું પાણી ચોમાસા દરમિયાન ભરાતું. પાણી તળાવમાં આવતાં પહેલાં એક અલગ બનેલા નાના તળાવમાં એકત્રિત થતું જ્યાં કચરો માટી તળિયે ઠરી જતા અને ઉપરનું ચોખ્ખું પાણી તળાવમાં એક મોટી નીક દ્વારા લવાતું. તળાવ કાંઠે પાણીના પ્રવેશ માટે ૪ ફીટ વ્યાસના ત્રણ ગરનાળાં હતાં. પાણીના નિકાલ માટે પણ વ્યવસ્થા હતી. પાણીની આ નીક હાલના માછીવાડના કાંઠે કાંઠે પસાર થતી. ૧૭મી સદી દરમિયાન આ તળાવ દુરસ્તીના અભાવે પુરાવા માંડ્યું હતું. ઈ.સ. ૧૬૬૬માં થેવનો સુરતમાં હતો ત્યારે તળાવના તળિયે ૬ ફૂટ કાદવ જામી ગયો હતો. ઈ.સ. ૧૬૮૯માં ડૉ. ફાયરે આ તળાવને સંપૂર્ણ રીતે પુરાયેલી અવસ્થામાં જોયું હતું. ફાધર એન્ટોનિયો મોન્સેરાતે તેમની સુરત મુલાકાત દરમિયાન તેમણે ગોપી તળાવનું ૨૦૦ ફૂટ પહોળા અનેક વિભાગોમાં વહેંચાયેલા પગથિયાં સાથે વર્ણન કર્યું છે.[૨૧] સર ટોમસ રૉએ તેની સુરત મુલાકાત દરમિયાન (ઈ.સ. ૧૬૧૫) તેની નોંધમાં ગોપી તળાવ વિશાળતા અને સુંદર ઈમારતની દૃષ્ટિએ અદ્‌ભુત કામ છે.[૨૨]

સુરત શહેરના સ્થલો જગતભરના સુંદર સ્થળો જેટલા જ આનંદદાયક છે એમ જણાવીને મેન્ડેસ્લો એક અષ્ઠકોણકાર અને ભૂકરા પથ્થરના બનેલા તળાવની માહિતી આપે છે, જે પ્રસિદ્ધ ગોપી તળાવ છે તે આખા શહેરને ઉનાળાના મહિનાઓમાં પણ પાણી પૂરું પાડે છે. તેના વર્ણનમાં ગોપી તળાવ ઉપર બાંધવામાં આવેલા મનોરંજન ગૃહનો ઉલ્લેખ કરીને કહે છે કે લોકો માટે એ જ મોજ મજા રવાનું સ્થળ હતું. ટોમસ હર્બટ જણાવે છે કે નદીનું પાણી પીવા માટે નકામું બની જાય છે ત્યારે લોકો ગોપી તળાવના પાણીનો ઉપયોગ કરતા હતા. ઈ.સ. ૧૬૪૦માં સુરતની મુલાકાતે આવેલા થેવનોટે ગોપીતળાવની બાંધણીનું અને લોકો માટે તળાવ કેવું ઉપગોયી હતું તેનું વર્ણન કર્યું છે.[૨૩] તળાવ ધીરે ધીરે પુરાઈને સંપૂર્ણ નષ્ટ થઈ ચૂક્યું છે. સુરતના નવાબ હૈદર કુલીખાને (૧૭૧૫-૧૭) શહેરને ફરતો કોટ બાંધ્યો ત્યારે ગોપી તળાવના પથ્થરો ઉખાડીને કામમાં લીધા પરિણામે તળાવના સ્થાને માત્ર મેદાન જ રહ્યું.

**ગોપીનાથ મલેકનું અવસાનઃ**

ગોપીનાથે સલ્તનતના રાજકારણમાં ભજવેલા ભાગથી તેનું ચરિત્ર સમજાય છે. એની સત્તા અને ઉડાઉ રીતે રહેવાની રીતથી મુસલમાનો તેની અદેખાઈ કરતા હશે એમ સિકંદરી તથા બીજા ઉલ્લેખો પરથી જણાય છે. ગોપીનાથનો પોર્ટુગીઝો પ્રત્યેનો પક્ષપાત મુસલમાન સુલતાન અને અમીરોને પસંદ નહીં હોય એ પણ ગોપીનું દરબારમાં અપ્રિયતાનું કારણ હોઈ શકે. આ ગોપીનાથ નાચગાન, મોજશોખ તથા દબદબા ભરેલી મિજબાનીઓ માટે જાણીતો હતો. મિરાતે સિકંદરી લખે છે કે તેણે સુંદર વારાંગનાઓ ભેગી કરી

હતી અને નાચગાન અને મિજબાનીની શોખથી કરતો. એમાં ધાર નામની એક વારાંગના તો ઘણી સુંદર હતી. નાચ અને મિજબાની હોય ત્યારે તેના ઘરમાં ગુલાબના એટલા ઢગલા થતા કે શહેરમાં ગુલાબના ફૂલ મળતા નહીં. સુલતાનનો એક સગો અહમદખાન તે આ ધાર વારાગંનાને જોયા વિના એની ઉપર મોહિત થયો હતો. ગોપીનાથના ઘરમાં નાચની મિજબાની સમયે એને જોવા માટે નિમંત્રણ ન હોવા છતાં મશાલચીનો વેશ લઈને ગયો આ વાતની ગોપીનાથને જાણ થતાં એને માર મરાવ્યો પણ વિવેકમાં કહ્યું કે પહેલેથી ખબર મોકલાવી હોત તો નિમંત્રણ આપી માનથી બોલાવત. ગોપીનાથે પાલખીમાં અહમદખાનને ઘેર પહોંચાડ્યો પણ મારથી એનું અવસાન થયું તેના સગાઓએ સુલતાનને ફરિયાદ કરી. એક રાત્રે રસ્તામાં ગોપીનાથને ઘેરી મારામારી કરી ઘાયલ કર્યો. આ વાત કોટવાલે સુલતાનને કરી. સુલતાને અમીરોની કાનભંભેરણીથી તેનું ઘબાર લૂંટી લઈ દરબારમાં હાજર કરવા હુકમ કર્યો. ગોપીનાથે અરજ કરી કે હું તો ગરીબ બ્રાહ્મણ છું અને તમારા પિતાની આ સ્થિતિએ આવ્યો છું, પરંતુ સુલતાન એટલો બધો છંછેડાયો હતો કે ગોપીનાથના શબ્દોની તેના પર કોઈ અસર થઈ નહીં અને તેણે આજ્ઞા કરી કે આ હિંદુથી મુસલમાનોને ઘણો ત્રાસ થયો છે માટે એને મારી નાખવો એ પછી તેને કૂતરાના મોતે મારી નાખવામાં આવ્યો.[૨૪] બાર્બોસા ગુજરાતના વિખ્યાત હિંદુ અમીર ગોપીનાથ વિશે નોંધે છે કે સુરતમાં મલિક ગોપનાથ નામે એક નાસ્તિક સત્તામાં છે અને ખંભાતના રાજા (ગુજરાતનો સુલતાન) એ એને માટે ખરાબ વાતો સાંભળતાં મરાવી નંખાવ્યો છે, જોકે એ પોર્ટુગીઝોનો મિત્ર હતો.[૨૫] ઈ.સ. ૧૫૧૫ની આસપાસ ગુજરાતના સુલતાનની ખફગીનો ભોગ બનવાથી તેને મારી નાખવામાં આવ્યો.[૨૬] આ પ્રમાણે સુપ્રસિદ્ધ હિંદુ પ્રધાનના જીવનનો અંત આવ્યો.

ગુજરાતના સાંસ્કૃતિક ઇતિહાસમાં આ હિંદુ અમીર ગોપીનાથ મલેકનું મહત્ત્વનું સ્થાન છે તે એક વિશ્વાસુ લાગવગ ધરાવનારો વઝીર હતો. તે એક રાજકારણી કરતાં વેપારી વિશેષ હતો. તેના જીવનની ચડતી પડતી સુરતની વેપારી પ્રવૃત્તિ સાથે સંબંધ ધરાવે છે. ગોપીનાથે સુરતમાં ગોપીપરું, ગોપી તળાવ, અને તેની પત્નીના નામે રાણીતળાવ બંધાવીને શહેરની શોભા વધારી. તેણે સુરતનું વહીવટી તેમજ વેપારી મહત્ત્વ વધાર્યું અને સમૃદ્ધ કર્યું. સુરતના સાંસ્કૃતિક ઇતિહાસમાં મહત્ત્વનું યોગદાન આપ્યું છે. ગોપીતળાવ નાશ પામ્યું પરંતુ હાલમાં નવસારી બજાર પાસેનો એક વિસ્તાર જે ગોપી તળાવના નામથી જાણીતો છે. ગોપીનાથના અવસાન પછી સુરતના મુખ્ય વહીવટદાર તરીકે કોઈ હિંદુની નિમણૂક થઈ નથી.

**પાદનોંધ:**


૧. જોટે,ર.ભી., ગુજરાતનો સાંસ્કૃતિક ઇતિહાસ ભાગ-૩ ઈસ્લામયુગ, પૃ. ૮૨૩
૨. રાજગોર,શિવપ્રસાદ , ભારતનાં બંદરો, પૃ .૧૩૨
૩. જોટે, ઉપર્યુક્ત, પૃ. ૮૨૩
૪. ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ ગ્રંથ -૬, મુઘલકાળ, પૃ. ૨૭૮
૫. જોટે, ઉપર્યુક્ત, પૃ. ૬૮૬, ૬૮૭, ૬૮૯
૬. ગુજરાત રાજ્ય સર્વસંગ્રહ, સુરત જિલ્લો, પૃ. ૬
૭. એજન પૃ. ૮૨
૮. જોટે, ઉપર્યુક્ત, પૃ. ૬૮૪, ૬૮૫
૯. Commissariat, M.S. , Studies in the History of Gujarat, P. 101
૧૦. જોટે, ઉપર્યુક્ત, પૃ. ૬૮૮
૧૧. ગુજરાત રાજ્ય સર્વસંગ્રહ, સુરત જિલ્લો, પૃ. ૮૨
૧૨. જોટે, ઉપર્યુક્ત, પૃ. ૬૨૪
૧૩. નાયક,છોટુભાઈ, ગુજરાતમાં ઈસ્લામી સલ્તનતનો ઇતિહાસ, પૃ. ૧૫૮
૧૪. ગુજરાત રાજ્ય સર્વસંગ્રહ, સુરત જિલ્લો, પૃ. ૮૩
૧૫. જોટે, ઉપર્યુક્ત, પૃ. ૬૮૮, ૬૭૩
૧૬. ગુજરાત રાજ્ય સર્વસંગ્રહ, સુરત જિલ્લો, પૃ. ૮૩
૧૭. જોટે, ઉપર્યુક્ત, પૃ. ૬૭૯
૧૮. ગુજરાત રાજ્ય સર્વસંગ્રહ, સુરત જિલ્લો, પૃ.૮૩
૧૯. ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ ગ્રંથ-૫, પૃ. ૧૪૦
૨૦. એજન પૃ. ૨૧૬
૨૧. ગુજરાત રાજ્ય સર્વસંગ્રહ, સુરત જિલ્લો, પૃ. ૮૪, ૧૩૫
૨૨. ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ ગ્રંથ-૫, પૃ. ૪૯૭
૨૩. એજન પૃ. ૪૯૯, ૫૦૧
૨૪. જોટે, ઉપર્યુક્ત, પૃ. ૬૯૧
૨૫. ઓઝા,ઈશ્વરલાલ, પ્રાચીન અને મધ્યકાલીન ગુજરાતના ઇતિહાસની લેખન પ્રવૃત્તિ, પૃ. ૧૦૬
૨૬. ગુજરાત રાજ્ય સર્વસંગ્રહ, સુરત જિલ્લો, પૃ. ૭૨૧.



(૧. જી.ડી. મોદી કૉલેજ ઓફ આર્ટ્સ, પાલનપુર.
૨. એન.પી. પટેલ મહિલા આર્ટ્સ કૉલેજ, પાલનપુર)

## સ્કૂલ ઑફ લૉ ઍન્ડ ગવર્નન્સ

**માધવ મેનન**

**(સમગ્ર દેશમાં કાયદાના શિક્ષણની સર્વપ્રથમ બેંગલોરસ્થિત નેશનલ લૉ સ્કૂલ ઑફ ઈન્ડિયા યુનિવર્સિટીના સંસ્થાપકકુલપતિ ડૉ. એન.આર. માધવ મેનને વલ્લભ વિદ્યાનગર પધારીને આપેલું મનનીય વ્યાખ્યાન અહીં પ્રસ્તુત છે.)**

આ કર્મભૂમિ છે સરદાર વલ્લભભાઈ પટેલની. ડૉ. સન્ની થોમસ અને ડૉ. અરુણાચલમ સાથેની વાતચીતમાં મને જાણવા મળ્યું કે, તેઓ સરદારની આ ભૂમિ પર કામ કરવાનો કેવો ગર્વ અનુભવી રહયા છે. સરદાર પટેલ એક એવી વ્યકિત છે કે જેણે ભારતને એક અખંડ અને સ્વતંત્ર ભારતમાં બદલ્યું જેનો આપ સર્વે આજે ગર્વ અનુભવો છો. તમારામાંથી ઘણાને ખ્યાલ હશે કે સ્વતંત્રતાની લડાઈ વખતે ભારત મુખ્યત્વે અંગ્રજ શાસન નીચે હતું અને ભારતમાં ૬૦૦ થી વધારે અલગ-અલગ પ્રકારનાં રજવાડાં હતાં. દરેક રજવાડાની કાયદાકીય પદ્ધતિ પણ અલગ હતી. તે સમયે હું પણ એક વિદ્યાર્થી હતો અને કેટલીક સંસ્થાઓના સહારે આ ચમત્કાર થઈ શકયો.

ત્રાવણકોરના મહારાજાને પોતાનું રાજય જાતે જ ચલાવવું હતું. તે ભારત કે પાકિસ્તાનમાં જોડાવા માંગતા ન હતા. ત્રાવણકોરના મહારાજાના ખ્યાતનામ દીવાન કાયદાના જાણકાર અને સુપ્રસિદ્ધ શિક્ષણવિદ્ સર સી.પી. રામાસ્વામી ઐયરે મહારાજાને સલાહ આપી કે જો આપ વધારે સમય રકઝક કરશો તો કદાચ તમને પણ કાશ્મીરના મહારાજાની જેમ વધારે સારી સગવડો અને શરતો મળશે. તમે અખંડ ભારતમાં જોડાવા માટે યોગ્ય શરતોની માંગણી કરી શકો છો. સરદારના આગ્રહને વશમાં થવાની ઉતાવળ ના કરશો. તેમણે ઘણો સમય રકઝક કરી પણ સરદાર પટેલે સમયસૂચકતા વાપરીને ઘણા બધા રાજાઓ અને મહારાજાઓને પોતાની કુનેહથી સમજાવી અખંડ ભારતમાં જોડયા. સરદારને ત્રાવણકોર પોલીસની મદદ લેવાની જરૂર ના પડી જેવી તેમને હૈદરાબાદમાં જરૂર પડી.

સરદાર પટેલના દૃઢ નિશ્ચય, સમયસૂચકતા, દૂરંદેશીપણા અને પોતાના દેશ માટે અનહદ લાગણી અને સમર્પણવૃત્તિને કારણે ત્રાવણકોરના મહારાજા ખોટા સાબિત થયા તેવી રીતે ઘણા મહારાજાઓ અને નિઝામ સરદાર પટેલને સમજવામાં ખોટા સાબિત થયા હતા.

હું સરદારનાં વખાણ એટલા માટે કરું છું કારણ કે મેં હમણાં જ સરદારના કરમસદની મુલાકાત લીધી છે. જયાં મેં જોયું કે સરદાર જેવા મહાન નેતા કેટલી સાદગી અને વિનમ્રતાથી જીવ્યા અને તેમના પછી તેમના અનુયાયીઓ જેવા કે શ્રી. સી.એલ. પટેલ પણ તેટલી જ વિનમ્રતા અને સાદગીથી જીવન જીવી રહ્યા છે.

પોતાના દેશ અને તેના વિકાસ અને સલામતી માટે પોતાનું જીવન ઘસી નાંખ્યુ. પોતાના જીવનનાં તમામ સુખને ભૂલીને પોતાના દેશનો ઉદ્ધાર કર્યો. વળતર રૂપે કશી જ અપેક્ષા ન રાખી. આને જ સાચી પ્રેરણા કહી શકાય. તેવી જ પ્રેરણા મને ડૉ. અરુણાચલમ અને સન્ની થોમસમાં પણ જોવા મળે છે. તેઓએ એક વાત પણ કબૂલી છે કે તેઓને દરરોજ સરદાર પટેલમાંથી અવનવી પ્રેરણા મળતી જ રહે છે. હું ઈચ્છીશ કે ભારતના દરેક યુવાનને સરદાર પટેલમાંથી પ્રેરણા મળે અને તેના માટે આપણે ઈતિહાસ વાંચવો પડશે. આપણે એ જાણવું પડશે કે સરદાર પટેલે જે કામ તે સમયે કર્યું તે કેટલું અઘરું હતું તે સમયગાળો આજના કરતાં ઘણોજ અલગ હતો. ભારતમાં તે સમયે ધર્મના નામે ભાગલા પડેલા હતા. ચારે બાજુ લોહીની હોળી ખેલાતી હતી. કોંગ્રેસ પક્ષમાંથી જ સરદારને જે સહારો મળવો જોઈએ તે મળ્યો ન હતો. અંગ્રજો ભાગલા પાડવાની નીતિથી શાસન કરતા હતા. દરેક રાજા, મહારાજા અને નિઝામ પોતપોતાની રીતે શાસન કરતા હતા. તે સમયે ધીરજ અને દિર્ઘદૃષ્ટિ રાખી હતી. આ તમામ લોકો પાસેથી કામ કરાવવું કેટલું અઘરું થઈ પડયું હશે ? આવા હતા લોહ પુરુષ સરદાર પટેલ. સદ્‌નસીબે આપણે તેમને કટોકટીના સમયે ગુમાવી દીધા. પરંતુ જેટલો સમય તે જીવ્યા તેટલો સમય તેમણે અખંડ ભારત અને તેના દરેક નાગરિક માટે પોતાનો સિંહ ફાળો આપ્યો. જો તેઓ અત્યારે હોત તો ભારતની પરિસ્થિતિ કંઈક અલગ જ હોત.

વધારે સમૃદ્ધ અને ખૂબ વિકસીત દેશમાં આપણે ગર્વથી સામેલ થઈ શકયા હોત. આજે આ ઘડીએ

આ જગ્યાએ ઊભા રહી હું સરદાર પટેલને મારી શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું. મને ગર્વ છે કે હું આજે એમના સ્વપ્રરૂપી સંસ્થા સમક્ષ ઊભો છું.




**દેશમાં સૌ પ્રથમ કાયદાની યુનિવર્સિટી બેંગલોર ખાતે સ્થપાતાં તેના સ્થાપક કુલપતિ રહેલા અને અત્યારે ભારત સરકારના કાયદા પંચના સભ્ય ડો. માધવ મેનન સીવીએમસંચાલિત આર.એન.પટેલ ઈપ્કોવાલા સ્કૂલ ઓફ લૉ એન્ડ જસ્ટિસની મુલાકાતે પધાર્યા ત્યારે અધ્યક્ષસ્થાનેથી સંબોધન કરી રહેલા સીવીએમના અધ્યક્ષ ડૉ. સી.એલ.પટેલ.મંચ પર ડૉ. માધવ મેનન(એકદમ જમણે) અને લૉ સ્કૂલના આચાર્ય ડૉ. અરુણાચલમ.**

ડૉ. અરુણાચલમે મને અહીં બોલાવ્યો તેનો મને આનંદ છે. હાલમાં હું અમદાવાદમાં શિક્ષકોને તાલીમ આપવા આવ્યો છું. કાયદાનું શિક્ષણ કેવી રીતે આપવું તે વિષય પર મારે તાલીમ આપવાની છે. કાયદાનાં સંશોધન કેવી રીતે થઈ શકે. નવી કાયદાની કોલેજો કેવી રીતે બનાવી શકાય. આ તમામ વિષયો પર હું ધ્યાન આપવાનો છું. જે રીતે વૈશ્વિકરણ થઈ રહ્યું છે તે પ્રમાણે આપણે કાયદાની જાણકારી રાખવી જરૂરી બને છે.૨૫ વર્ષ જૂના કાયદા અને તેના માળખા અત્યારે ઘણાં જૂના થઈ ગયા છે જેને બદલવાની જરૂર છે. જો આપણે ભારતને વિકસિત દેશ બનાવવા માંગતા હોઈએ તો આપણે કાયદાની કોલેજને પ્રાધાન્ય આપવું પડશે. આ સંવિધાસમાં ઘડવૈયાઓની દીર્ઘદૃષ્ટિ પ્રમાણે આપણે હવે ઘણાં ફેરફારની જરૂર છે. ગરીબી એ ભારતનો સૌથી સળગતો પ્રશ્ન છે. આપણાં સંવિધાનની જોગવાઈ અનુસાર દરેક વ્યકિતને યોગ્ય સમયે યોગ્ય ન્યાય મળશે જ એવી જે ખાતરી આપવામાં આવી છે તે પ્રમાણે આવા લોકો દબાયેલા, કચડાયેલા અને ભેદભાવનો ભોગ બન્યા છે. ભારતમાં પછાત જાતિના લોકો, દલિત સમાજ અને અપંગ બાળકોને યોગ્ય તક અને સુવિધા મળતી નથી. તેનાથી તેઓ વંચિત રહી જાય છે. આવા લોકોને વ્યકિતગત ન્યાય અને પૂરતી તક મળવી જોઈએ. જેથી તેઓ પોતાની વ્યકિતગત છાપ ઊભી કરી શકે.

સામાજિક અને રાજકીય ભારતથી તેઓ અળગા રહી જાય છે આત્મ સન્માનથી અલગ થઈ જાય છે. જે તેઓને મળવા પાત્ર છે.

મને હજી એ નથી સમજાતું કે ગાંધીજી એ કેવી રીતે શ્રીમંત અને ગરીબ વર્ગને એક રાખીને અંગ્રેજો સામે આઝાદીની લડાઈ લડી હતી. આજ બાબતો આપણે આપણી જાતને પૂછવાની છે. જે આપણે કાયદાનો અભ્યાસ કરતી વખતે પોતાની જાતને કહીએ છીએ. આપણે જે સપથ લઈએ છીએ તેમાં આપણે દરેકને સમાજને હક મળે તેની વાત કરીએ છીએ પછી તે ભલેને તે દલિત કે પછાત જાતિનો કેમ ના હોય. તદ્ઉપરાંત ભારતની એકતા અને અખંડતા સર્વોપરી છે. દરેક ભારતવાસીએ આપણાં સંવિધાનનુ સંપૂર્ણ પાલન અને અમલ કરવો જોઈએ. ખરેખર તો આ સમગ્ર ભારતનો સામાજિક મેનીફેસ્ટો છે. આપણે ૧૩૦ કરોડ ભારતીઓ એટલે કે પૃથ્વીવાસીઓનો છઠ્ઠો ભાગ. દરેક ૬૦મો માણસ ભારતીય છે. કેટલી જબરદસ્ત વાત કહેવાય. જે Knowledge Society માં આપણે રહીએ છીએ. તેમાં ૬૦ કરોડ યુવાનોને યોગ્ય શિક્ષણ અને કુશળતા આપવામાં આવે તો ભારત દરેક ક્ષેત્રમાં સર્વોપરી બની શકે છે. કારણ કે જ્ઞાન જ સર્વ શકિતમાન છે. તે જ માણસનું સર્વશ્રેષ્ઠ પાસું છે. ભારત સિવાયના બીજા દેશોની વાત કરીએ તો અમેરિકા કે યુરોપ જેવા મોટા ભાગના દેશોમાં વૃદ્ધોની સંખ્યા આપણા કરતા ઘણી વધારે છે. જયારે ભારતમાં સરેરાશ વયની વાત કરીએ તો ૧૮ થી ૩૦-૪૦ વચ્ચેના યુવાનોની સંખ્યાનો આંકડો અનેક ઘણો છે. પરંતુ બદનસીબીની વાત એ છે કે ભારતે સૌથી શ્રેષ્ઠ ઈજનેરો, ડોકટરો, વકીલો અને વહીવટી કુશળતાવાળા માણસો દુનિયા માટે જ તૈયાર કર્યા છે. આપણું યુવાધન અમેરિકા અને યુરોપમાં જઈને

વસ્યું છે. જો આવા જ લોકોને ભારતમાં જ પોતાની ક્ષમતા બતાવવાનો અને વિકસવાની તક મળે તો દાખલા તરીકે ગુજરાત રાજયોનો જે રીતે વિકાસ થઈ રહયો છે, તે જ રીતે દલિત અને પછાત જાતિઓનો પણ વિકાસ થઈ શકે છે.

આ એક મહત્ત્વનો પ્રશ્ન છે. મારું કહેવું એ જ છે કે અત્યારે આપણે એક એવા તબકકે આવીને ઊભા છીએ કે જયાં આપણું સંવિધાન ભારતને હજી પણ ૧૦૦ થી ૨૦૦ વર્ષ આગળ લઈ જઈ શકે છે. તમે તમારી જાતને ભારતીય કેમ કહો છો ? શું તમે ભારતમાં જનમ્યા છો એટલે ? શું તમને ભારતનું નાગરિત્વ મળ્યું છે એટલે ? કોઈ પણ મદ્રાસી, પંજાબી, રાજસ્થાની, ગુજરાતી કેવી રીતે ભારતીય બને છે ? શું આપણી સંસ્કૃતિ આપણને ભારતીય બનાવે છે ? જો તેમ હોય તો શું પાકિસ્તાન અને બાંગ્લાદેશની સંસ્કૃતિ આપણાં કરતા અલગ છે? આમ, જોઈએ તો આપણે બધાં જ પહેલા એક હતા તો આપણી સંસ્કૃતિ પણ એક જ થઈ કહેવાય. સંસ્કૃતિથી આપણે ભારતીય નથી બનતા. પરંતુ આપણા સંવિધાનથી આપણે ભારતીય બનીએ છીએ. નહીતર આપણે પણ યુગોસ્લાવિયાની જેમ જ દરેક રાજયમાં વહેંચાયેલા હોત. જો સરદાર પટેલ ના હોત તો આપણે કયારનાય નાના - નાના ભાગમાં વહેંચાઈ ગયા હોત. કારણ કે આપણો દેશ વિભન્ન ધર્મો અને સંપ્રદાયનો બનેલો છે. આપણે દરેક બાબતમાં એકબીજાથી અલગ છીએ ભાષા, ખોરાક, ધર્મ, વર્તણૂક દરેક બાબતમાં આપણે એકબીજાથી અલગ છીએ. વિદેશીઓને એ જ વાતનું તો આશ્ચર્ય છે કે આપણે આટલી બધી વિભન્નતા હોવા છતાં એકતાથી કેમના જીવીએ છીએ. તેથી જ તો અંગ્રજોને એવું લાગ્યુ કે આઝાદી પછી પણ આપણે અલગ-અલગ ભાગમાં વિભાજીત થઈ જઈશું. તેથી તો ચર્ચીલે કહ્યું હતું કે ભારત આઝાદીને લાયક નથી. આપણે આમ પણ એકબીજાથી બિલકુલ અલગ છીએ.

લોકો ધાર્મિક પ્રથાને પણ પરંપરા ગણે છે. કારણ કે આપણા દેશમાં દરેક ને બધી જ બાબતની સ્વતંત્રતા છે. આપણને એક બીજાની જોડે જે જોડી રાખે છે તે છે ભારતીય સંવિધાન છે, અને તે જ એક મદ્રાસીને પંજાબી સાથે જોડે છે. આપણે આપણા સ્વતંત્ર સેનાનીઓ અને સંવિધાનના ઘડવૈયાઓનો આભાર માનવો જોઈએ કારણ કે તેમને કારણે જ આપણે ત્યાં વિભિન્નતામાં પણ એકતા રહેલી છે.

આ વર્ષથી આપણી આ લૉ કોલેજ શરૂ થઈ છે. તેના માટે અભિનંદન, અને તમે બધા નસીબદાર છો કે તમે આ લૉ કોલેજમાં ભણો છો. કારણ કે આ લૉ કોલેજના સ્થાપક શ્રી પટેલ સાહેબ, પ્રિન્સિપાલ, સમાજ અને મંડળ બધાની નજર તમારા ઉપર છે. તમે જ આવનારા ભવિષ્યના નેતાઓ છો. તમે લોકો જ આ લૉ કોલેજ, આર.એન. પટેલ ઈપ્કોવાલા સ્કૂલ ઓફ લૉ એન્ડ જસ્ટિસને દેશ અને દુનિયાભરમાં આગળ લઈ જશો. તેથી તમારી વધારે સંભાળ રાખવામાં આવે છે. દરેક શિક્ષક તમારું વધારે ધ્યાન રાખશે. તમને દેશનાં સર્વશ્રેષ્ઠ કાયદાવિદ્ બનાવા માટેના તેમના પ્રયત્નો રહેશે. પરંતુ જો તમે તેમ કરાવમાં નિષ્ફળ ગયા તો આ કોલેજનું નામ અને ખ્યાતિ નીચી આવી જશે. કારણ કે તમે આ કોલેજની પ્રથમ બેચનાં વિદ્યાર્થીઓ છો. તમે આ કોલેજથી ઓળખાશો. તમારે તમારી જવાબદારી પૂરી રીતે નિભાવવી જોઈએ. તમારે સરદાર વલ્લભભાઈ પટેલ અને તેમની કર્મભૂમિને ધ્યાનમાં રાખવી જોઈએ. સરદાર વલ્લભભાઈ પટેલ તેમના કુશળ વહીવટ અને દીર્ઘદષ્ટિને લીધે જાણીતા છે. તેથી મારી ઈચ્છા છે કે આ કોલેજ સ્કૂલ ઓફ લૉ એન્ડ જસ્ટિસને બદલે સ્કૂલ ઓફ લૉ એન્ડ ગવર્નન્સથી ઓળખાય. કારણ કે આજે ભારતમાં જે ઉણપ છે તે સારી વહીવટી સૂઝ અને સારા વહીવટી કુશળ નેતાઓની છે.આપણા કાયદા માટેની જાણકારીની ઉણપ છે. દેશનો કુશળ વહીવટ કરવો એ કોઈ સરળ બાબત નથી. અને ખાસ કરીને ભારતમાં અનેકવિધ વિવિધતા રહેલી છે. આપણા દેશના રાજકારણથી તો આપ સર્વે વાકેફ છો જ.

આપણે કાયદાઓ અને કાયદાની સંસ્થાઓ બનાવવી છે. જે દેશને યોગ્ય પદ્ધતિથી ચલાવી શકે અને નાગરિકોને પૂરતી સગવડ અને સલામતી પૂરી પાડી શકે, આમ કરવામાં કેટલીક બાબતોનું ધ્યાન રાખવું પણ જરૂરી છે. જેવી કે કેન્દ્ર અને રાજય વચ્ચેના વૈચારિક મતભેદો ઉપરાંત કોઈપણ રાજકીય વહીવટી પદ્ધતિમાં ત્રણ લેવલ હોય છે. જેવા કે કેન્દ્ર, રાજય અને ગ્રામ્ય લેવલે આ રીતે કામ કરવું એ એક પડકાર સમાન છે. આ પ્રકારની કાયદાની કોલેજો વિદ્યાર્થીઓને આ પ્રકારે કામ કરવાની રીતો શીખવાડશે. વિદ્યાર્થીઓને કાયદામાં વધારે સંશોધન કરવા પ્રેરિત કરશે. ઉપરાંત સંવિધાનિક રીતે વર્તતા શીખવશે. જેથી કરીને જયારે નદીનાં પાણી બાબતે માથાકૂટ થાય તો એકબીજાનાં માથાં ફોડવાને બદલે સમજણથી મુશ્કેલીનું નિરાકરણ લાવી શકાય.

ઉદાહરણ તરીકે કાવેરી નદીનાં પાણી માટે તામીલનાડુ અને કર્ણાટક વચ્ચે ઘણી બધી માથાફોડ થઈ હતી. એકબીજા સામે કરેલા કોર્ટ કેસને લડવા માટે કરોડો રૂપિયાનું રાંધણ કરી ચૂકયા છીએ. અને નદીનું પાણી વહીને અરબ સાગરમાં ભળી રહ્યું છે. કેટલી મૂર્ખતા ભરેલું કાર્ય કહેવાય. શું આપણે આ મુશ્કેલીનું યોગ્ય રીતે બુદ્ધિથી નિરાકરણ લાવવા આપણે સક્ષમ નથી? તેથી જ વહીવટમાં કાયદાનો બહુ જ મહત્ત્વનો ભાગ છે. કેવી રીતે જરૂરી એવા સ્રોતનો યોગ્ય ઉપયોગ થઈ શકે કે જેથી દરેકને તેનો લાભ મળે. યોગ્ય સંસ્થાઓ સ્થાપવાની જરૂર એટલા જ માટે છે કે જેથી આવી દરેક બાબતોનું યોગ્ય રીતે નિરાકરણ આવી શકે. જેને કારણે આપણે આપણા નાગરિકોને ગુણવત્તાસભર અને સ્થાયી જીવન આપી શકીએ.

આ દીર્ઘદૃષ્ટિની બાબત છે આ બધું જ કરવા માટે બૌદ્ધિકતા કેળવવાની જરૂર છે. તેનાથી જ ઉજવળ ભવિષ્ય મેળવી શકાય. એ દીર્ઘદૃષ્ટિ આપણા સંવિધાનમાં બતાવેલી જ છે. મારા મંતવ્ય અનુસાર આપણે સ્કૂલ ઓફ લૉ એન્ડ ગવર્નન્સની જરૂર છે. કદાચ થોડું મોડું થયું હશે તેમ છતાં તેનું કારણ એ છે કે જો આવી કોઈ કોલેજની સ્થાપના થશે તો તેનો અભ્યાસક્રમ પણ તેને લગતો જ હશે. ભણાવવાની પદ્ધતિ અને શિખવવામાં આવતા પાઠો પણ તેવા જ હશે. તેને લગતા વિષયો પર સંશોધનો થશે અને તેના પરિણામરૂપે અનેક નવા સીમાચિહ્નો પ્રબળ થઈ શકે.

ગઈકાલે ડો. અરુણાચલમે આપેલી આ કોલેજની માહિતી પુસ્તિકાથી મને જાણવા મળ્યું કે સરદાર પટેલે સ્વતંત્ર અને સમૃદ્ધ ભારતનું સ્વપ્ન જોયું હતું જેને માટે તેમણે કેટલીક પદ્ધતિઓ વિશે પણ વિચાર્યુ હતું. જેને મેં આ કોલેજની માહિતી પુસ્તિકામાંથી જાણી. સરદાર પટેલે વિચાર્યું હતું કે ભારતનો આધુનિક વિકાસ કરવા માટે ગામડાનો વિકાસ જરૂરી છે. ગાંધીજીએ પણ આ વાત કરી હતી. તેમણે પણ ગામડાનો વિકાસ કરવાની વાત કરી હતી. આધુનિક શૈક્ષણિક સંસ્થાઓ સ્થાપવી, જ્ઞાન વગર આધુનિક દુનિયામાં કશું જ મેળવી શકાતું નથી. જયારે આપણે વૈશ્વિક દુનિયાની વાત કરતા હોઈએ તો જ્ઞાન પણ વૈશ્વિક હોવું જોઈએ. શિક્ષણ એટલે બીજાને રોજગારી અપાવી શકે, નહીં કે ફકત જ્ઞાન પૂરું પાડવું અને જો આવું થાય તો આપણામાં રહેલી શકિતઓનો વ્યય થયો કહેવાય. ઉચ્ચ શિક્ષણે લોકોને કુશળતા અને કેળવણી આપવાની હોય છે. કહેવાનો અર્થ એ છે કે તમારામાં રહેલી કુશળતાને તમારે બજારમાં વેચવાની છે. દુનિયાના કોઈપણ ખૂણે જાવ તો તમારી કુશળતા અને કેળવણીથી તમને યોગ્ય દિશા ચીંધી શકે. તેથી જ ઉચ્ચ ગુણવતા સભર શિક્ષણ અને કેળવણી જરૂરી છે. પછી જો કોઈ વિષય હોય, મેડિકલ, ઈજનેરી, લૉ, ફિલોસોફી કે ઈતિહાસ. કૃષિનો વિકાસ પણ એટલો જ જરૂરી છે. પણ કયો વકીલ કૃષિ વિશેની વાત કરશે? કયા જજને ખેતી સાથે સબંધ છે ? કાયદાના નિષ્ણાતોને ખેતી વિશે સમજ છે ખરી ? ભગવાનનો આભાર કે આપણે ખેતી અને તેની ઉપજ માટે જરૂરી એવું ધાન્ય ઉગાડીએ છીએ નહીં તો ૧૩૦ કરોડ ભારતીયોને કેવી વિકટ પરિસ્થિતિનો સામનો કરવો પડત. શું આપણે તેની આયાત કરી શકયા હોત. ખેતી દ્વારા તેલનું ઉત્પાદન ન થઈ શકે પણ બાયોગેસ એ ખેતીની જ ઉપજ છે. તેથી જ સરદાર પટેલ ગામડાના વિકાસની સાથે સાથે ખેતીમાં આધુનિકરણને પણ પ્રોત્સાહિત કર્યું. તદ્ઉપરાંત સરદાર પટેલ સહકારી પ્રવૃત્તિના પણ હિમાયતી હતા.

આજકાલ આર્થિક વિકાસનો દોર ચાલી રહ્યો છે અને આર્થિક વિકાસનો આધાર ખૂબ જ મોટી સ્પર્ધા પર રહેલો છે. સરદાર પટેલે સ્પર્ધાત્મક વિકાસને બદલે હકારાત્મક વિકાસની વાત કરી હતી. પરંતુ જયારે આપણી દુનિયા સ્પર્ધામાં ભાગ લેતી હોય તો આપણાથી કેવી રીતે પાછળ રહેવાય. આપણે જે બાબતોમાં સારા સ્પર્ધાત્મક હોઈએ તેમાં તો આપણે આગળ વધવું જ જોઈએ પરંતુ જયારે આપણે જે ગ્રામ વિકાસની વાત કરીએ, કૃષિવિકાસની વાત કરીએ અને સકારાત્મક સમાજની વાત કરીએ ત્યારે આપણે આણંદને કેવી રીતે ભૂલી શકીએ લોકોએ આઈ.આઈ.એમ, અમદાવાદ વિશે સાંભળ્યુ હશે. ઘણા લોકોએ ઈરમા વિશે જાણ્યું હશે. સહકારાત્મક પદ્ધતિથી ઉત્પાદન ક્ષમતામાં વધારો થઈ શકે છે. માણસોમાં રહેલી ક્ષમતામાં વધારો થઈ શકે છે. આ દરેક બાબત આણંદમાં સાચી સાબિત થઈ છે. જેને દુનિયા સફેદ ક્રાંતિથી ઓળખે છે.

મને એવું લાગે છે કે જો આપણે સહકારાત્મક પદ્ધતિથી ડેરીનો વિકાસ કરી શકીએ છીએ. કુપોષણથી આપણા બાળકોને વિકાસ રૂંધાયો છે તાજેતરમાં પ્રધાનમંત્રીશ્રીએ એક અહેવાલમાં જણાવ્યું છે કે ભારતમાં ૩૩% બાળકોમાં કુપોષણની મુશ્કેલી છે. આ ખરેખર ભારત દેશ માટે શરમજનક કહેવાય. કુપોષણને શું સમજશો ? તમારામાં રહેલી ક્ષમતા અને શક્તિઓનો અધૂરો વિકાસ એટલે કુપોષણ. પાંચ વર્ષની ઉંમરે

પહોંચતાં પહેલાં જ અવસાન થવું. કુપોષણ એટલે અધૂરું શિક્ષણ અને જો આપ પાંચ વર્ષથી વધારે જીવી ગયા તો પણ શિક્ષણ અને અભ્યાસ માટે કોઈ પ્રયત્ન નથી કરી શકયા, પાછળથી આપણે પૂરતું પોષણ આપવામાં આવે તો પણ આપણો વિકાસ ન થઈ શકે. આનું કારણ શું હોઈ શકે છે. આપણે પાસે પૂરતા સ્રોત નથી કે જેની આપણે આપણા બાળકોને પૂરતું પોષણ પણ નથી આપી શકતા. શું બાળકોને એટલા માટે શાળાએ મોકલવામાં આવે છે કે તેમને ત્યાં મધ્યાહન ભોજન આપવામાં આવે છે ? આપણી નોલેજ સોસાયટીનો ઉપયોગ ક્યાં થાય છે? શું આપણે માનવ સ્રોતમાં આપણું રોકાણ કરીએ છીએ ? હા તેથી કાયદાનું કામ છે કે સંવિધાનમાં જે કોઈ પણ વાત કરવામાં આવી હોય તે પ્રમાણે કામ થાય છે કે નહી તેની તકેદારી રાખવા હું હંમેશાં જાહેરમાં જ કહું છું. જેનો ઘણાં લોકો અને સમૂહનો વિરોધ પણ કરે છે. પંડિત જવાહરલાલ નહેરૂએ જણાવ્યા અનુસાર સ્વતંત્રતાના ૧૦ વર્ષમાં જ (આર્ટિકલ ૪૪) ભારતનાં તમામ બાળકોને ૧૪ વર્ષની ઉંમર સુધી ફરજિયાત મફત શિક્ષણ આપવું અને તે વખતે બાળકોની સંખ્યા ખૂબ જ ઓછી એવી લગભગ ૧૩૦ લાખ જેવી જ હતી. ખૂબ જ નજીવા રોકાણની મદદથી આ કામ થઈ શકયું હોત. પરંતુ આજે ભારત દુનિયામાં સૌથી વધારે નિરક્ષરો ધરાવતો દેશ છે. નિરક્ષરતા અને કુપોષણની મદદથી આપણે શું કરી શકીશું. આમ શા માટે થયું. નિરક્ષરતા નાબૂદ કેમ ના થઈ શકી ? તે સમયે પંડિત નેહરુ ડેમ અને પાવર પ્લાન્ટ બનાવવા માંગતા હતા તેમા કશું ખોટું ન હતું પરંતુ તેમણે સંવિધાનમાં જણાવવામાં આવેલ મહત્ત્વની બાબત પર પૂરતું ધ્યાન નહોતું આપ્યું.

છેલ્લા ૬૫ વર્ષથી આપણે શિક્ષણ એ આપણો મૂળભૂત અધિકાર છે તેની લડાઈ લડી રહ્યા છીએ અને આપણા સુપ્રીમકોર્ટની અનેક બાબતની દખલગીરીને કારણે જ શકય બન્યું છે. ભણેલા ગણેલા લોકો પોતાની બુદ્ધિનો ઉપયોગ કરીને જ મતદાન કરે છે. તેમને તમે તમારી વોટ બેન્કના ગણી શકો. આ બાબતે ઘણો વિરોધાભાસ પ્રર્વતે છે. આજ કારણે લોકોને નિરક્ષર અને અભણ રાખવામાં આવતા. તેથી જ આપણા શ્રી પટેલ સાહેબ જે કરી રહ્યા છે તે ખૂબ જ ઉમદા કાર્ય છે. ગામે ગામ આ કાર્ય વિસ્તરવું જોઈએ. તો જ નિરક્ષરતા નાબૂદ થશે. શિક્ષણ એ મૂળભૂત અધિકાર છે અને તે દરેકને યોગ્ય રીતે મળવો જ જોઈએ. સમાજે આ બાબતે સક્રિય કામ કરવું પડશે. જો ગુજરાતમાં ૧૦% લોકો પણ અભણ અને નિરક્ષર હશે તો પછી વાઈબ્રન્ટ ગુજરાત સફળ કેવી રીતે થઈ શકે.

મેં ડૉ. અરુણાચલમને જણાવ્યું છે કે આપણે બીજી લૉ કૉલેજ જેવી કે હાવર્ડ લો સ્કૂલને ધ્યાનમાં ન લેતાં આપણી જરૂરિયાત પ્રમાણેનાં સર્જનાત્મક સંશોધનાત્મક અને સમાજ ઉપયોગી થઈ શકે તેવો અભ્યાસક્રમ બનાવવો જોઈએ. જેથી કરીને આપણે અડધાથી વધારે ભારતને મદદરૂપ થઈ શકીએ, જે છેલ્લા ૬૮ વર્ષથી પછાત રહ્યું છે. જે વિદ્યાર્થીઓ મને અત્યારે સાંભળી રહ્યા છે તે કદાચ એવું તો નથી જ સમજતાને કે હું તેમને ગામડામાં જઈને રહેવાનો આગ્રહ કરી રહ્યો છું. તેઓ કદાચ અવું વિચારતા હશે કે શા માટે તેઓ કોર્પોરેટ ક્ષેત્રમાં કામ કરીને રૂપિયા ના કમાઈ શકે. કારણ કે બીજા આ જ કામ કરી રહ્યા છે તો અમે શા માટે પછાત રહીએ. તેમની વિચારસરણી ખોટી નથી. લોકો ગરીબ એટલા માટે છે કારણ કે તેમને યોગ્ય સમયે જરૂરી ન્યાય મળ્યો નથી. આવા લોકો હંમેશાં ધૃણાનો શિકાર બન્યા છે. લોકો ન્યાય ઝંખે છે. ન્યાયધીશો અને વકીલો ફકત પ્રતિનિધિઓ છે, જે કાયદાની મદદ લઈ લોકોને ન્યાય અપાવી શકે છે. જો તમે અર્જુન સેનગુપ્તાનો રીપોર્ટ વાંચશો તો તેમાં એમણે જણાવ્યું છે કે લગભગ ૭૦% લોકો ગરીબી રેખા નીચે જીવે છે. પરંતુ ગરીબી રેખા કયાંથી દોરવી તે પણ સળગતો પ્રશ્ન છે. જો આપણી પાસેના જેટલા સ્રોત છે તેની મદદથી શું આપણે લોકોને પ્રાથમિક સુવિધાઓ આપી શકીએ. જીવન જીવવાની તક ન આપી શકાય. માણસના જીવન જીવવાની પ્રાથમિક જરૂરિયાતો જેવી કે શિક્ષણ આપવાની પ્રવૃત્તિ જરૂરી છે. શું આપણે કાયદાની મદદથી આપણા ભારતવાસીઓને પ્રાથમિક જરૂરિયાતો ના પૂરી પાડી શકીએ? કે પછી આપણે ક્રાંતિ કરવાની જરૂર છે; જેવી માઓવાદીઓ લોકોને મારીને કરે છે. કેટલાંક લોકો અતિશય ગરીબી અને શોષણમાં કેવી રીતે જીવી શકે છે. આવી પરિસ્થિતિ હોવા છતાંય તમારા દેશમાં હિંસકક્રાંતિ કેમ નથી થતી. મેં તેમને કહ્યું કે ભારતીયો ભગવાનથી ડરે છે. જયારે પણ તેમના જીવનમાં કોઈ મુશ્કેલી આવે છે ત્યારે તેઓ એવું વિચારે છે કે પાછલા જન્મમાં તેમણે કોઈ પાપ કર્યું હશે તેના પરિણામે જ તેઓ અત્યારે દુઃખી થઈ રહ્યા છે. આ જન્મમાં બધાં જ દુઃખો ભોગવી લઈશું તો આવતા જન્મમાં સુખેથી જીવી શકીશું. બસ આવું જ આપણને માનતા કરી દેવામાં આવ્યા છે. તેથી જ હું હંમેશાં કહું છુ કે કાયદાના વિદ્યાર્થીઓને ખૂબ જ મહત્ત્વનું કામ કરવાનું છે. હું એ જ નથી કહેતો કે મુશ્કેલીનું નિરાકરણ હોઈ શકે પરંતુ તમારી પાસે ઘણા સારા શિક્ષકો છે જે તમને

હંમેશાં પ્રોત્સાહિત કરશે. ઉપરાંત શ્રી પટેલ સાહેબ અને તેમના સાથીઓ તમને હંમેશાં મદદરૂપ થતા રહેશે.

જયારે ડો. આંબેડકરે સંવિધાનને લોકસભામાં રજૂ કર્યો ત્યારે તેમણે કહ્યું હતું કે આપણે રાજકીય ન્યાય મેળવી લીધો છે. કારણ કે સ્વરાજથી આપણે દરેક વ્યકિતનું યોગ્ય મૂલ્ય આંકીએ છીએ દરેક વ્યકિતને મત આપવાનો અધિકાર મળ્યો દરેક વ્યકિતને ચૂંટણી લડવાનો અધિકાર મળ્યો. દરેક વ્યકિત સડા મેળવી શકે છે. તેથી આપણે કહી શકીએ કે આપણને રાજકીય ન્યાય મળ્યો છે. તેમણે વધુમાં જણાવ્યું કે જો આપણે જેટલી બને તેટલી ઝડપથી આર્થિક ન્યાય અને સામાજિક ન્યાય નહીં મેળવીએ તો આપણા રાજકીય ન્યાયનું અવમૂલ્યન થશે. એમનો કહેવાનો મતલબ એ હતો કે મોટાભાગના લોકોને પ્રાથમિક જરૂરિયાતોથી વંચિત રાખવા જેથી તેઓ કુદરતી રીતે મોતનાં મુખમાં ધકેલાય. આપણે આ આઝાદી અને પ્રજાસત્તાકને લાંબો સમય જાળવી નહીં શકીએ. તેમ છતાં આપણે સારી રીતે આગળ વધી શક્યા છીએ તો તેનો સંપૂર્ણ શ્રેય ભારવાસીઓને જ જાય છે. પરંતુ કાયદાના જાણકારની રીતે આપણાથી આમ ના થઈ શકે; નહીં તો લોકો કહેશે કે જો કાયદામાં અન્યાય થઈ શકે તો બીજા દરેક ક્ષેત્રમાં અન્યાય થતો હતો. ન્યાય એ કેટલાક મુઠ્ઠીભર લોકોની જાગીર નથી કે તે લોકો કાયદાને ખરીદી શકે ભારતમાં કાયદો અને તેના દ્વારા મળતી સગવડોને પ્રાપ્ત કરવા માટે આપણે જસ્ટિસ ભગવતીએ આપેલા ત્રણ 'એ' ને ધ્યાનમાં રાખવા જરૂરી છે. (૧) Awareness - જાગૃતિએ દરેકનો અધિકાર છે તે દાનમાં મળતી વસ્તુ નથી. દરેક નાગરિક તેને મેળવી શકે છે, માંગી શકે છે. લોકોમાં જાગૃતિ નથી. ઘણા ગામડાનાં લોકોને એ પણ ખબર નથી કે ભારત આઝાદ થઈ ગયો છે. આવી પરિસ્થિતિમાં પૂરતી જાણકારી અને જાગૃતિ વગર આપણને એ પણ નથી સમજાતું કે આપણે પરિસ્થિતિનો ભોગ બની રહ્યા છીએ. જો તમે કોઈ કર્મચારીને લઘુત્તમ વેતન ચુકવતા નથી કારણ કે આપણા સમાજમાં બેકારી ફેલાયેલી છે અને ૨૦ રૂપિયા માટે કોઈ પણ વ્યકિત આખો દિવસ કામ કરવા તૈયાર થઈ જશે તે હળાહળ અન્યાય કહેવાય. તે વ્યકિતને ખબર નથી કે તે અજાણતાનો ભોગ બની રહયો છે. તેને એ પણ ખબર હોતી નથી કે તેને તો ખરેખર ૬૦ કે ૭૦ રૂપિયા લઘુત્તમ વેતનરૂપે મળવાપાત્ર છે. આ પરિસ્થિતિમાં વ્યકિત કાયદાથી અજાણ છે માટે તેનું શોષણ થાય છે. આપણી પદ્ધતિમાં કાયદાથી અજાણ રહેલા માટે કોઈ સગવડ નથી. ઉપરાંત જો તમને તમારા મળવાપાત્ર હકોની જાણકારી હોય તો પણ તે હકો કયાંથી અને કેવી રીતે મેળવવા તેનાથી અજાણ હોય છે. આનો અર્થ એ થયો કે ન્યાય મેળવા માટેની લાયકાત કેળવવી પડે.

હું આપણા સંવિધાનના હેતુઓ વિશે વાત કરું તો તે ફકત કાયદાની મદદથી જ પ્રાપ્ત થઈ શકે છે અથવા તો ક્રાંતિથી તે હેતુઓ પ્રાપ્ત થઈ શકે. ભારતનાં ૧૫૦ જીલ્લાઓ માઓવાદીઓના નેજા હેઠળ છે તે ખરેખર શરમજનક કહેવાય. ભારત દેશની આઝાદીનાં ૬૦ વર્ષ પછી પણ ત્યાં કાયદાનો અમલ થઈ શકતો નથી. આ કેમ થયું? કારણ કે ત્યાં કોઈ વિકાસ નથી ન્યાય અને કાયદોવ્યવસ્થા નથી તો લોકોએ ઘણી રાહ જોઈ હશે. જો આપણી જોડે પણ આવું થયું હોત તો આપણે પણ રાહ જોતા હોત. આવો માણસનો સ્વભાવ છે. આ બાબતે આપણે લોકોને દોષ ના દઈ શકીએ. પોલીસ પણ તેમના પર દમન ના કરી શકે. આપણા તે લોકો મરી રહયા છે તો પછી લડતાં - લડતાં મરવુ સારું. જો તમે આપણા દેશમાં કાયદો અને વ્યવસ્થા, લોકશાહી અને માનવાધિકારને જાળવી રાખવા માંગતા હોય તો આ બધી જ બાબતો પર ધ્યાન આપવું પડશે. નહીંતર છેલ્લા ૬૦ વર્ષથી આપણે જે કાંઈ પણ મેળવ્યું છે તેનો નાશ થશે.

આપણા સંવિધાનની પ્રસ્તાવનામાં જણાવવામાં આવેલ વખતો વખતના ફેરફારને ધ્યાનમાં લેવા જરૂરી છે. આપણા રાજકારણીઓ કે જેઓ ચૂંટણીમાં જીત્યા પછી પોતાની ફરજો ભૂલી જાય છે.જેમાના મોટાભાગના નેતાઓએ ભારતીય સંવિધાન કયારેય વાંચ્યું હોતું નથી. આમ તો તેઓ ભારતીય સંવિધાનને ધ્યાનમાં રાખીને સત્તાના શપથ લે છે પરંતુ કેટલાક રાજકારણીઓ ભારતની આઝાદી પછી જનમ્યા હોય છે. જેઓને ભારતીય સંવિધાન વિશે કોઈ જ જાણકારી હોતી નથી. ભારત દેશે આઝાદી કેવી રીતે મેળવી તેનાથી તેઓ અજાણ હોય છે તેઓએ ના તો ઈતિહાસ વાંચ્યો હોય છે ના તો ભારતીય સંવિધાન. કારણ કે તેઓ ફકત રૂપિયા ભેગા કરવામાં જ વ્યસ્ત હોય છે. તેથી હું ભારપૂર્વક કહું છું કે કાયદાના વિષયના વિદ્યાર્થીઓ અને તેને સંલગ્ન લોકોની એ જવાબદારી બને છે કે તે આવા રાજકારણીઓને જ્ઞાન પૂરું પાડે. મને નથી ખબર કે બાર કાઉન્સીલ ઓફ ઈન્ડિયા આ કાર્ય કરવા સક્ષમ છે કે નહીં? શું તેઓ કાયદાના અભ્યાસક્રમમાં કંઈ કરી શકશે જે આવનારા ભારતને મદદરૂપ થઈ શકે. તેથી જ

હું ભારત સરકારને વિનંતી કરું છુ કે તેઓએ લીગલ એજયુકેશન એકટ પસાર કરીને આમ કરવાની જે સત્તા બાર કાઉન્સીલ ઓફ ઈન્ડિયા જોડે છે તે પોતાની પાસે રાખવી જોઈએ. જેથી એક વકીલને લઘુત્તમ લાયકાત કેટલી હોવી જોઈએ તે તેઓ નકકી કરી શકે. આપણે વકીલ કે નોટરીને એક સામાન્ય નાગરિક, રાજકારણી કે પોલિસી એકટ તરીકે અનેકવિધ રોલમાં જોઈએ છીએ. બાર કાઉન્સી જે સમજે છે તેનાથી વિશેષ કામો એક વકીલ કે નોટરીએ કરવાનું છે. જે લોકો કોર્ટ સુધી નથી પહોંચી શક્યા તેઓનો શું વાંક ?

મારું એવું માનવું છે કે આપણે કાયદાને બિલકુલ અલગ દૃષ્ટિકોણથી વિચારવાની જરૂર છે કે જે એવા લોકોને મદદરૂપ થઈ શકે કે જે તે સમયે કાયદાથી અને ન્યાયથી વંચિત રહી ચૂકયા હોય. કાયદાની મદદથી સામાજિક ઉત્થાન થઈ શકે છે આપણે એવા વકીલોની જરૂર છે. જેઓ ઉત્સાહપૂર્વક અને ખંતથી પોતાની ફરજો નિભાવે નહીં કે સામાન્ય વકીલોની જેમ કેસને ગમે તેમ કરીને આગળ ખેચ્યા કરે. આપણો ભવિષ્યના વકીલો વિશેનો આપણો વિચાર બદલવાની જરૂર છે. મને એવું લાગે છે આવનારા ૧૦ થી ૨૦ વર્ષમાં કોર્ટમાં ઓછામાં ઓછા વકીલો જોવા મળશે. અને વધુને વધુ વકીલો સલાહકાર તરીકે, આયોજક તરીકે સરકારને સલાહ આપવાના કામમાં હશે. ઉપરાંત બીજા અનેક કાર્યો હશે જેને કારણે તેમને કોર્ટમાં વકીલાત કરવા જવાની જરૂર પડશે નહીં. જો તે પ્રક્રિયામાં કોઈ મુશ્કેલી ઉદ્‌ભવશે તો આ એ જ વકીલો હશે જે કોર્ટની બહાર સમાધાન અને સુલેહ કરાવશે. જેથી કરીને કોર્ટ કેસના ચક્કરમાંથી સામાન્ય માણસ બચી શકે. અને દેવાદાર થતા અટકી શકે. આમ પણ આપણી કોર્ટમાં ૩ કરોડ કેસ પડ્યા છે અને લોકો કહે છે કે આ બધા કેસનો નિકાલ કરતાં બીજા ૩૦૦ વર્ષ લાગશે. એમાં પાછો આપણે વધારો કરીએ છીએ. લોકોમાં ન્યાય માટેની ખોટી માન્યતા અને વિશ્વાસ રાખવો એ પણ ન્યાયનું અપમાન કર્યા બરાબર છે. પિતાના મૃત્યુ પછી દીકરા કેસને આગળ ચલાવે છે.

અમેરિકાના વકીલોની વાત કરીએ તો ૨૦% વકીલો કયારેય કોર્ટમાં કેસ લડવા જતા નથી આ એક જ એવો વ્યવસાય છે જેમાં પૈસા, પ્રસિદ્ધિ અને સત્તાા મળતી હોય છે. તો આવા ૨૦% વકીલો છે કયા ? તેઓ કોર્પોરેટ ઓફિસોમાં કાયદાકીય સંસ્થાઓ બીજાના વ્યવસાયમાં સલાહકાર તરીકે કામ કરે છે તેઓ દરેક પ્રકારનાં વહીવટી કાર્યો કરે છે. તેઓ સમાજમાં, વ્યવસાયમાં દરેક જગ્યાએ કામ કરે છે. મને ખાતરી છે કે જે રીતે ભારતનો વિકાસ થઈ રહ્યો છે. આવનારા વર્ષોમાં આ પ્રકારે ભારતના વકીલો પણ કાર્ય કરશે. ઉપરાંત ભવિષ્યના વકીલોમાં જે તે વિષયની નિપૂણતા હોવી જરૂરી છે. જૂના જમાનામાં આપણાં કૌટુંબિક ડોકટર હતા અને તે આપણને તમામ દર્દની દવા આપતા પરંતુ આજના જમાનામાં દરેક ડોકટર અલગ - અલગ ક્ષેત્રના નિષ્ણાત હોય છે. જે પ્રકારની તકલીફ હોય તેવા જ ડોકટર જોડે જવું પડે. મને એવું લાગે છે કે આવનારા ૧૦ થી ૨૦ વર્ષમાં આ જ પરિસ્થિતિ વકીલો માટે પણ આવશે. આપણે કાયદેસરની સંસ્થા બનાવવી પડશે. સહકારી સંસ્થાની દરમ્યાનગીરીથી અનેક કેસોનો નિકાલ આવી શકે છે.

મેં ભારતની અનેક લૉ કૉલેજનો અભ્યાસક્રમ જોયો છે. પરંતુ મેં એક પણ કોલેજના અભ્યાસક્રમમાં બાળકોના હકો વિશે કોઈ વિષય જોયો નથી. કારણ કે તેમાં રૂપિયા નથી. બાળ અદાલતમાં કોણ કામ કરવા જશે. ભારતનો ત્રીજા ભાગનો હિસ્સો બાળકોનો હોવા છતાં આપણે તેમના હક્કોને પ્રાધાન્ય નથી આપતા. આમ તો બાળકો માટે સંવિધાનમાં ઘણી જોગવાઈઓ છે. હા, એ વાત તો સાચી છે કે જો કોઈ બાળક શહેરનો હોય અને સારા કુટુંબમાંથી આવતો હોય તો તે છેક સુપ્રિમ કોર્ટ સુધી લડી શકશે. પરંતુ મોટાભાગના બાળકોને શોષણનો સામનો કરવો પડે છે. કેટલાંક મા-બાપ તો બાળકોને વેચી દે છે. બાળકોને ગેરવર્તણૂંકનો સામનો કરવો પડે છે. બાળમજૂરીએ આજનો સૌથી કટોકટીભર્યો પ્રશ્ન છે અને આજ બાળકો આવનાર ભવિષ્યનાં નાગરિકો બનશે. આજ બાળકો દેશને આગળ લઈ જશે. આ ખૂબ જ ગંભીર સમસ્યા છે.

પાંચ વર્ષ પહેલાં કેન્દ્ર સરકારે એક ખરડો પસાર કર્યો છે, જેને ગ્રામીણ ન્યાયાલયથી ઓળખવામાં આવે છે. ગામડાંની સામાન્ય બાબતોના કેસ માટે ગામડાના લોકોને છેક શહેર સુધી નહીં જતાં પોતાના ગામમાં જ કેસનો નિકાલ કરવાની સગવડ પૂરી પાડવા માટે કેન્દ્ર સરકારે ગ્રામીણ ન્યાયાલયનો ખરડો પસાર કર્યો હતો. ગામડાના વ્યકિતને પોતાની રોજગારી બગાડીને શહેરમાં કેસ લડવા ના જવું પડે તે જ મૂળભૂત આશય છે. પહેલાં અમદાવાદ કે આણંદની જિલ્લા અદાલતોમાં કેસ ચાલતા. જે તે દિવસે કેસનો નિકાલ ન થાય તો બીજી મુદત પડતી અનેક વખત આવું થતાં વ્યકિત પોતાની રોજગારી બગાડીને દરેક વખતે કોર્ટમાં

આવતો નહીં તેથી ગ્રામીણ અદાલતની રચના કરવામાં આવી છે. પાર્લામેન્ટમાં પસાર થયેલા ખરડા અનુસાર ન્યાયાધીશોને જે તે ગામની ગ્રામીણ અદાલતમાં જવાનું સૂચન પણ કરવામાં આવ્યું છે. કેટલાક ખૂબ જ સામાન્ય પ્રકારના મુદ્દાઓને જેવા કે સિંચાઈ બાબતોનો કેસ, મહેસૂલ બાબતોનો કેસ વગેરેને જે તે ગામમાં જ નિકાલ કરવામાં આવે. ગ્રામીણ અદાલતને વધારે પ્રાધાન્ય આપવા માટે કેન્દ્ર સરકારે જાહેર કર્યું છે કે આવતા ૬ વર્ષો સુધી જે રાજ્ય સરકાર ગ્રામીણ અદાલતો ચલાવશે તેમને અલગ અલગ પ્રકારની ગ્રાંટ આપવામાં આવશે. મને એ જાણીને દુઃખ થયું કે આખા ભારતમાં ફક્ત ૫૭ ગ્રામીણ અદાલતો કાર્યરત છે. સરકારની વિચારસરણી પ્રમાણે ઓછામાં ઓછી ૫૦૦ ગ્રામીણ અદાલતો કાર્યરત હોવી જોઈએ. વકીલને ગામડાંમાં જવું ગમે છે ક્યાં, ન્યાયાધીશને ગામડામાં જઈને કામ કરવાનું અનુકૂળ આવે છે ? આનું કારણ એ છે કે ગ્રામીણ નાગરિકનો આપણો ખ્યાલ જ ખોટો છે. ૪૦% ભારતીયો શહેરીકરણવાળા વિસ્તારોમાં રહે છે. ગુજરાતમાં પણ ગ્રામીણ ન્યાયાલય કાર્યરત નથી. તેનું કારણ કદાચ એ હોઈ શકે કે સત્તા પરના લોકોને ગ્રામીણ લોકોની મુશ્કેલીઓમાં રસ ન હોય. કદાચ તેમાંથી વધારે રૂપિયા ન કમાઈ શકાય. ફેમિલીકોર્ટ જ્યાં વકીલોનું કોઈ કામ રોકતું નથી. તેમને ફમિલીકોર્ટની બહાર રાખવામાં આવે છે. જેમાં જાતિના ભેદભાવને મહત્તમ ન્યાય આપવામાં આવે છે. ઘરનાં દરેક બાળકોને યોગ્ય ન્યાય આપવામાં આવે છે. ખાનગીમાં આવા કેસો ચાલે છે, ઝડપથી તેનો નિકાલ પણ કરવામાં આવે છે. કુટુંબએ ભારતીય સમાજની સંગઠિતતાનું પ્રતીક છે. આ પ્રકારને કોર્ટમાં કૌટુંબિક બાબતોના કેસોનો ઝડપી નિકાલ કરીને કુટુંબને વિભાજીત થતાં અટકાવવામાં આવે છે અને બાળકોનાં જીવનને બચાવવામાં આવે છે. આજકાલ ફેમિલીકોર્ટની પરિસ્થિતિ દયનીય થઈ ગઈ છે.

કાયદાના અભ્યાસક્રમમાં કૃષિને લગતા કોઈ કાયદા ભણાવવામાં નથી આવતા. તદ્ઉપરાંત ખાતર અને ખેત પેદાશને લગતા કાયદા, સહકારી મંડળીને લગતા કાયદા અને ચા જેવા અનેક કાયદા કોઈપણ લૉ કૉલેજમાં ભણાવવામાં નથી આવતા. કાયદામાં અભ્યાસક્રમમાં આના ઉપરાંત અનેક કાયદા ભણાવવામાં આવે છે. પરંતુ જે પાયાની જરૂરિયાતવાળા કાયદા છે, તે જ આપણા અભ્યાસક્રમમાં નથી. તેથી જ વકીલો ગામડામાં કામ કરવાને બદલે શહેરમાં કોર્પોરેટ સેકટરમાં કામ કરવાનું પસંદ કરે છે કારણ કે તેમને આ પ્રકારના કાયદાનું જ્ઞાન હોય છે. તમે કોઈ પણ કોલેજનો અભ્યાસક્રમ જોઈ લો તેમાં લાંચરુશ્વત વિશે કશું જ ભણાવવામાં નથી આવતું. આંતકવાદ વિશે કશું જ જ્ઞાન નથી આપવામાં આવતું. જ્ઞાતિવાદ વિશે કશું જ સમજાવામાં નથી આવતું. ભારત અત્યારે આ ત્રણ બાબતોથી હેરાન થઈ રહ્યું છે. લાંચરુશ્વત (Corruption), આતંકવાદ (Terrorism) અને જ્ઞાતિવાદ(Casteism) આમાંથી એક પણ બાબત ભારતની એક પણ લો કોલેજમાં ભણાવવમાં આવતી નથી. ભારતની લૉ કૉલેજ માટે તો આ વિષયો પરગ્રહી સમાન છે. મારો કહેવાનો અર્થ એ છે કે આપણે આપણા ભાવિ વકીલોને એ જ શીખવાડીએ જે હાર્વર્ડ યુનિવર્સિટી તેના અમેરિકાના વિદ્યાર્થીઓને શીખવાડી રહયું છે. એક વખત પાલખીવાળા એ કહ્યું હતું કે ભારતમાં વધારે ને વધારે કાયદાઓ છે અને ઓછામાં ઓછો ન્યાય છે. તે ખરેખર સાચું છે એમાં હું થોડું ઉમેરતાં કહું છું કે આપણી પાસે વધારે ને વધારે વકીલો છે અને ઓછામાં ઓછો ન્યાય છે.

શું આપણે એવું કશું કરી શકીએ કે જે આપણા સંવિધાનમાં કહેવામાં આવ્યું છે તેને જ સાચું સાબિત કરી શકીએ શું આપણો નવો લીગલ એજ્યુકેશન એકટ બનાવી શકીએ. જેના દ્વારા સંવિધાનના હેતુઓને આપણે ન્યાયમાં પરિવર્તિત કરી શકીએ ? નવનિર્મિત ભારત માટે આપણે અલગ પ્રકારનો શ્રદ્ધાનો અભ્યાસક્રમ બનાવી શકીએ? શું આપણે આપણા વકીલોને સામાજિક જવાબદારી નિભાવતા કરી શકીએ. વકીલો પણ ન્યાયધીશો કેટલા સામાજિક રીતે જવાબદાર હોય છે. શું આપણે દરેક વકીલને તેની કારકિર્દીનો ૧૦% ભાગ સામાન્ય માણસને મદદરૂપ થવા વાપરતા કરી શકીએ ? અને જો એમ ન થાય તો તેનું લાયસન્સ રદ બાતલ ગણવું. શું આપણે વકીલોને એક વર્ષ ગ્રામીણ અદાલતોમાં કામ કરવા દબાણ કરી શકીએ ? મારી દૃષ્ટિએ આ દરેક બાબત શકય બની શકે. આપણે તેને યોગ્ય અને જરૂરી માનીએ તો આ શકય છે. મને તો એવો વિચાર આવે છે કે આપણે લીગલ એજ્યુકેશનને જ જસ્ટિસ એજ્યુકેશન બનાવી દેવું જોઈએ. જેવી રીતે ડોકટરનો સંબંધ માણસના સ્વાસ્થ્ય સાથે છે, નહીં કે રોગ સાથે. તેવી જ રીતે વકીલનો સંબંધ ન્યાય સાથે હોવો જોઈએ, નહીં કે ઝઘડા કે મતભેદ સાથે. અને જો આમ થાય તો લીગલ એજ્યુકેશનનો મૂળભૂત હેતુ છે તે જ જસ્ટિસ એજ્યુકેશનનો હેતુ બની જાય.

આજના આ આધુનિક અને સ્પર્ધાત્મક જમાનામાં ગ્રામીણ વિસ્તારને છોડી શહેર તરફ વળવું જરૂરી બની ગયું છે. આપણે એવા વકીલોનું ઘડતર કરવું જોઈએ જે વૈશ્વિક રીતે કેસ લડી શકે. ભારતીયોએ વિશ્વભરમાં પોતાના વેપાર ધંધાની શરૂઆત કરી છે. હું નિરમા યુનિવર્સિટીના ચેરમેનને કહેતો હતો કે આજે ભારતનો સૌથી મોટો વ્યાપાર જેની જોડે જોડાઈ રહ્યો છે કે જેમાંથી આપણા લાખો કરોડોનો વ્યાપાર કરી રહ્યા છીએ તે દેશ ચીન છે. પરંતુ કમનસીબી એ છે કે આપણને ચીનના કાયદા અને તેમાં રહેલી આંટીઘૂંટીનું કશું જ્ઞાન નથી. કોઈ પણ વકીલની વાત કરીએ તો, સૌરાબજી, વેણુગોપાલ, નરીમન કે જેઠમલાણી જેવા કાઉન્સીલના નેતાઓ પાસે પણ ચીનના કાયદા અને ન્યાયની પદ્ધતિનું જ્ઞાન નથી. ભારતના વેપારીઓ ચીનમાં કેસ લડવા માટે ઈંગ્લેન્ડના વકીલોનો સહારો લે છે. અને તેમને ફી પેટે પાઉન્ડમાં ચૂકવણી કરે છે. આ એવું બતાવે છે કે ભારતના વકીલોમાં કોઈ જ ટેલેન્ટ નથી જો આપણે ચીન જોડે વેપાર અને વાણિજયનો વ્યવહાર રાખવો હોય તો આપણે તેની કાયદાની પદ્ધતિઓ જાણવી જ પડશે. આપણા વકીલોમાં ચીનના કાયદાની આંટી ઘૂંટીની જાણકારી અને નિપૂણતા કેળવવી જ પડશે. આ વાતની નિરમાના ચેરમેન પર એટલી સરસ અસર થઈ કે હાલમાં ચાલી રહેલા વાઈબ્રન્ટ ગુજરાતમાં નિરમા ચીનની ઘણી યુનિવર્સિટી સાથે વાટાઘાટો કરીને ચીનની કાયદાની માહિતી એકત્ર કરીને નવો અભ્યાસક્રમ જરૂર શરૂ કરશે. કેટલાક વકીલો એલ.પી.ઓ. કરી રહ્યા છે. એલ.પી.ઓ. એટલે લીગલ પ્રોસીજર આઉટસોર્સિંગ આ ખરેખર ખૂબ જ સારી બાબત કહેવાય. પરંતુ આ કામ તેઓ અમેરિકા, ઈંગ્લેન્ડ કે ઓસ્ટ્રેલિયાના વકીલ કે તેની કંપની માટે કરે છે. શું આપણે આ કામ ભારતમાં ના કરી શકીએ ? હું આ સંસ્થાને પૂછું છું કે શું તમે આ પ્રકારના અભ્યાસક્રમને અમલમાં મૂકી શકો છો ? શું તમે એવા વકીલ તૈયાર કરી શકો કે જેઓ કોર્પોરેટ લોયર કે ટ્રાન્સએકશન લોયર તરીકે કંપનીઓ વચ્ચેની સમજૂતીના કરાર કરાવી શકે ? સાયન્સ અને ટેકનોલોજીને આપણે વકીલાત સાથેના જોડી શકીએ ? આઈ.સી.ટી અને સાઈબર ક્રાઈમ માટે આ પ્રકારના વકીલોની ખૂબ જ જરૂર પડે છે. સાઈબર મુશ્કેલીઓ માટે વકીલ પાસે કોઈ જ જવાબ હોતો નથી. ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી, ખડકપુરે પણ નવી લૉ કૉલેજ શરૂ કરી છે. તેમાં ફક્ત 'બી.ઈ.' કે 'બી. ટેક.'ના વિદ્યાર્થીઓને જ પ્રવેશ આપવામાં આવે છે. ત્યાં દર વર્ષે ૫૦ વકીલને પેટન્ટ, બાંધકામને લગતા, ફાર્માસીને લગતા કેસ લડવા માટે આપવામાં આવે તો આજના વકીલો શું કરશે. બાંધકામને લગતા કેસોમાં એન્જિનિયર વધારે સારી રીતે કામ કરી શકશે.

આ ઉપરાંત સ્પેશ લો, એનર્જી લૉ, માઈનીંગ લૉ, પેટ્રોલિયમ લૉ, ટ્રાન્સપોર્ટેશન લૉ,શીપીંગ લૉ વગેરેને અભ્યાસક્રમમાં સમાવવાની જરૂર છે. ટેલિકોમ લો જાણવો જરૂરી છે. 2G સ્પેક્ટ્રમ લૉની માહિતી હોવી જરૂરી છે. આ કેસ ફકત લાંચરુશ્વતનો કેસ નથી તેમાં ઘણી બધી બાબતો જોડાયેલી છે.

દાભોલમાં એક પણ યુનિટની ઈલેક્ટ્રિકસીટીનું ઉત્પાદન કર્યા વગર મહારાષ્ટ્ર સરકારને ૩૦૦ મિલિયન ડોલર્સનું નુકશાન થયું. કારણ એ હતું કે એનરોન કોર્પોરેશન જોડે યોગ્ય રીતે ભાવતાલ કરવામાં ઉણા ઉતર્યા અને તેને કારણે આટલું મોટું નુકશાન થયું. જે રીતે ઈલેક્ટ્રિકસીટીનું ઉત્પાદન થયું હતું તે રીતે તેનો યોગ્ય ભાવ નકકી નહીં કરી શકવાથી આવું બન્યું. જેથી આવનારા ભવિષ્યમાં ટેકનોલોજી કાયદાના વિષય ઉપર હાવી થઈ જશે.

આપણે આપણા કાયદાના વિદ્યાર્થીઓને ટેકનોલોજીથી વાકેફ કરવા પડશે નહીં તો તેમના માટે આવનારો સમય ખૂબ જ મુશ્કેલ બની રહેશે. બાયો સાયન્સીસ, અર્થ સાયન્સીસ, સ્પેસ સાયન્સીસ વગેરે આવનારા ભવિષ્યમાં પડકારરૂપ રહેશે. આપણે આપણા કાયદાના સ્નાતકોને આ પડકારનો બીજો પડકાર એ છે કે એન્જિનિયરિંગ કોલેજ લૉ કૉલેજ સ્કૂલ ચલાવી રહ્યા છે જેથી આવનારા ભવિષ્યમાં એન્જિનિયર અને લૉ ભેગા થઈને વકીલ બનશે.

કાયદાનો અભ્યાસ એ ફકત જ્ઞાનની આપલે જ નથી પરંતુ તેમાં યોગ્ય સંશોધન થવું ૫૦% જેટલું જ જરૂરી છે. ઉપરાંત, કાયદાની કોલેજોએ નવા સીમાચિહ્નો સર કરવાં પડશે. કાયદા કોલેજોએ આવનારા ભવિષ્યમાં થનારા ફેરફારાને યોગ્ય રીતે સ્વીકાર કરવો જરૂરી છે.

બીજી અનેક બાબતો આ સમયે ચર્ચા નથી કરી શકયો. મારી તમામ શુભેચ્છાઓ આ સંસ્થામાં રહેલી છે.

(C/o. Dr. Arunachalam, Principal,
CVM's R N Patel Ipcowala School of Law
and Justice, SCART Building,
Vallabh Vidyanagar – 388 120. M.: 09869624555)

# ભારતી પંકજની કવિતા

**અદમ ટંકારવી**



ભારતી પંકજ

સમકાલીન બ્રિટિશ ગુજરાતી સર્જકોમાં કવયિત્રી ભારતી પંકજનું સ્થાન વિશિષ્ટ અને અપ્રતિમ છે, તે એટલા માટે કે, એમની કવિતામાં નિજી ડાયસ્પોરિક સંવેદન સર્જકપ્રતિભાના સંસ્પર્શે રૂપનિર્મિતિ સાધી કાવ્યમાં રૂપાંતરિત થાય છે. એપ્રિલ ૨૦૧૨માં ડૉ. બળવંત જાની સંપાદિત 'ભારતી પંકજની ડાયસ્પોરા કવિતા'નો સંચય પ્રગટ થયો. તેની સંપાદકીય નોંધમાં બળવંતભાઈએ ભારતીની કવિતામાં નિરૂપિત 'નિષ્કાસિત કવિના વિશ્વદર્શન'નો ઉલ્લેખ કર્યો છે. આ ભાવજગત કેવું છે અને ભારતીબેનની કવિતામાં તે કઈ રીતે અભિવ્યક્ત થાય છે તે તપાસવાનો અહીં ઉપક્રમ છે.

મોડે મોડે પણ આપણે ત્યાં ગુજરાતી ડાયસ્પોરા સાહિત્યની ચર્ચા શરૂ થઈ છે. આમાં ડાયસ્પોરિક સંજ્ઞા વિશે, એ સાહિત્યના વ્યાવર્તક લક્ષણો વિશે, એને તપાસવાના ઉપકરણો વિશે તથા એના મૂલ્યાંકન માટેના માપદંડ સન્દર્ભે કોઈ નક્કર ભૂમિકા રચાઈ નથી. સર્જક વિદેશમાં નિવાસ કરતો હોય અને તેની કૃતિમાં ટેમ્સ કે હડસન આવે, પાત્રોનાં નામ જહોન, જેનિફર હોય એટલામાત્રથી જે તે કૃતિને ડાયસ્પોરિકનું લેબલ લગાડાય છે. ખરેખર તો, ડાયસ્પોરિક કૃતિના વિશ્લેષણ/ રસદર્શન/મૂલ્યાંકન માટે સર્જક જે વિશ્વમાં શ્વસે છે એને તે કેવું સંવેદે છે, એનું કેવું અર્થઘટન કરે છે, એને આત્મસાત્ કરી પોતીકી પદાવલિમાં કઈ રીતે એનું નિરૂપણ કરે છે, અને આ સંવેદનનું ભાવકમાં કેવું/કેટલું સંક્રમણ થાય છે તે તપાસવાનો અભિગમ વધુ રસપ્રદ લાગે છે. આવી તપાસને પરિણામે જે તે ડાયસ્પોરિક કૃતિની વિલક્ષણતા પમાશે અને તેની ડાયસ્પોરિકતા ઉજાગર થશે.

ભારતી પંકજની કવિતાનું ભાવવિશ્વ ભારત, કેન્યા અને બ્રિટનના ત્રિભેટે સ્થિત છે. જન્મ અને ઉછેર જૂનાગઢમાં, લગ્ન પછી કેન્યા મોમ્બાસામાં દાયકા ઉપરનો વસવાટ અને હવે સાડાત્રીસ વર્ષોથી બ્રિટનમાં. આ પરિવેશોના કયા/કેવા સંસ્કારો એમની ચેતનાએ ઝીલ્યા? આ સંદર્ભોનું એમનું દર્શન કેવું? એની સાથેના પ્રત્યાયનનો એમનો પ્રતિભાવ કેવો? આ ભાવલોક એમની કવિતામાં કઈ રીતે નિરૂપિત થાય છે, અને ભાવકમાં કેવું સમસંવેદન જગાવે છે? આ પ્રશ્નોના ઉત્તર ખોળવાની ખાંખતમાંથી ભારતીબેનની ડાયસ્પોરિક કવિતાનો તાગ મળે છે. નરસિંહરાવ કહે છે તેમ, કવિતા એટલે જીવ અને જગતનું સુંદર વાણીમાં અન્વીક્ષણ, નિષ્કાસન પછી સર્જકે સ્વ-ની ઓળખ નવેસરથી કરવી પડે છે. પરિવેશ બદલાય છે જેના સંદર્ભો છૂટી જાય છે. નવા તાણાવાણા વણાય છે. અજાણ્યા સમાજમાં અંગભૂત થવાની મથામણ ચાલે છે. બબ્બેવાર નિષ્કાસનનો અનુભવ કરનાર આ કવયિત્રી અંતરિયાળપણાનું નૈરાશ્ય ત્રિશંકુના કલ્પન દ્વારા વ્યક્ત કરે છેઃ

*આફ્રિકામાં એકત્વ લાગે,*
*એટલી શ્યામલ સુંદરતા નથી વરી મને*

*વિલાયત પોતીકા તરીકે સ્વીકારી લે,*
*એવી શ્વેતલ રમ્યતાએ નથી મારી કને*

*ભારતમાં અપનાપનની અનુભૂતિ થાય,*
*એવી સન્નિષ્ઠ રાષ્ટ્રીયતા પણ નથી મુજ ઉરે.*

વાત રંગભેદની છે. પણ વાનને કારણે સમાજોમાંથી બાકાત થવાની વેદના અહીં કાવ્યોચિત સંયમ સાથે વ્યક્ત થાય છે. તારસ્વરે કે ઊંચા સાદે નહીં, ગુફ્તગૂની આ રીતિને આધુનિકતાનું લક્ષણ ગણાવતાં હર્બર્ટ રીડ કહે છેઃ નેવર લિફ્ટ યૉર વૉઇસ મૉડર્ન પોએટ્રિ હેઝ એન ઇનૂઓડિબલ વેવલૅન્થ — ઊંચા સ્વરે ન બોલો. આધુનિક કવિતાનો તરંગયામ અશ્રાવ્ય હોય છે.

અસ્મિતાની આ ખોજ 'મારું સ્વરૂપ શું છે?' એ પ્રશ્ન પાસે અટકતી નથી. આત્મભાનની કો'કો ક્ષણે કવયિત્રી પૂછે છે:

*દેશ તજ્યો ને વેશ તજ્યો*
*અસ્મિતા ને ઓજસનું શું થાશે?*

ભારતી પંકજના સર્જનમાં અસ્મિતા અને આત્મખોજની પ્રક્રિયા જ કવિતા બને છે. કાટ્સન કહે છે તેમ, પોએટ્રિ ડઝ નોટ ઓફર એનિ એન્સર્સ, ધ ફન ઈઝ ઈન ધ ઈન્વેસ્ટિગેશન – કવિતા ઉકેલો આપતી નથી, ખોળવામાં જ રસાનુભૂતિ થાય છે.

કવયિત્રી બે ભિન્ન સંસ્કૃતિઓની અધવચ્ચ ઊભી છે – દુવિધાયુક્ત

*સૂઝ નથી કે –*
*કઈ દિશામાં જાવું છે*
*નાઈધર્ હિઅર નોર્ ધેર* – ન અહીં ન ત્યાંના આ અધ્ધરતાલપણામાં પ્રત્યેક નિષ્કાસિતની મૂંઝણ વ્યક્ત થાય છે.

કવયિત્રીની નારીચેતના પર બ્રિટનનિવાસનો પ્રભાવ અનેક રચનાઓમાં અર્થપૂર્ણ રીતે વ્યક્ત થાય છે. આ ઉપરછલ્લી ફેશનપ્રેરિત 'વિમેન્સ લિબ્'ની વાત નથી. ડાયસ્પોરિક સંદર્ભે આ કવયિત્રીને નારીત્વને જોવાની નવી દૃષ્ટિ બક્ષી છે. આ વ્યક્તિ સ્વાતંત્ર્યની ... છે. એ દીકરી, પત્ની, માતા તરીકેના પોતાના રોલને રિ-ડિફાઈન કરે છે. આળપંપાળ અને ટાયલાને બાજુ પર હડસેલી પોતાની ઈન્ડિવિડ્યુઆલિટી – વ્યક્તિતાના અસર્શન સાથે – હકદાવા સાથે કવયિત્રી કહે છે:

*હું પત્ની – નથી દાસી, નથી દેવી*

આ કવયિત્રી એની કવિતામાં ડાયસ્પોરિક સર્જક જ કરી શકે એ રીતે પૌરાણિક પાત્રો – સીતા, દ્રૌપદી, અહલ્યાને રિ-ઈન્ટર્પ્રિટ કરે છે પુરુષપ્રધાન સંદર્ભોને પડકારતાં માત્ર ભાષા જ નહીં તેના વ્યાકરણ સામે બંડ પોકારી કહે છે કે,

*હું એટલે –*
*પહેલો પુરુષ એકવચનનું ખાનું*
*તેં યુગો સુધી ત્યારે જ હવાલે ભર્યું*
*તને કોણ સમજાવશે?*
*હવે પહેલી સ્ત્રી એકવચન શરૂ થયું છે*

ભારતી પંકજની કવિતાના કેન્દ્રમાં છે પોતાનું વજૂદ, હોવાપણું પુનર્પ્રાપ્ત કરવાની ખેવના બધાં અવલંબન, સંદર્ભો ગાળી નાંખીને પોતાને જાવાની આરત. પુરુષે પોતે પોતાની જાતને આપેલા પરવાના રદબાતલ કરતાં એ કહે છે:

*મારા તાળાને મતલબે વાસી દેવાનો*
*કે મનસૂબે ખોલી લેવાનો*
*પરવાનો તને કોણે આપ્યો?*

બ્રિટનવાસી કવયિત્રી નારીના સ્થાન વિશે વાત કરતાં ડૉરમૅટ – પગલૂછણિયાનો ઉલ્લેખ કરે એ તો ઠીક, પણ અહીં યંત્રયુગનાં કલ્પનો - ઝેરોક્ષ, ટ્યૂબલાઈટ, માઈક્રોફોન, કમ્પ્યુટરનો વિનિયોગ આરવાદ્ય બને છે.

ડાયસ્પોરિક સાહિત્યમાં ઝુરાપાની વાત તો હવે ઘસાઈપીટાઈ જૂનીપુરાણી થઈ. પણ જે બેપાંચ બ્રિટિશ ગુજરાતી સર્જકોએ ભાષાઝુરાપાની વાત કરી છે તેમાંનાં ભારતી પંકજ એક છે. બ્રિટનમાંથી ગુજરાતી ભાષા જવા બેઠી છે. એની તીવ્ર સભાનતા અહીં વ્યક્ત થાય છે – કાવ્યરૂપ પામીને. કવિતા ભાવપરિસ્થિતિને મૂર્તરૂપ આપે છે. એવું ઉમાશંકરે કહ્યું છે. આ મૂર્તરૂપમાં ભારતી અને પંકજે (એમના કવિ પતિ) ગુર્જરીનો દીવો પ્રકટાવ્યો છે, અને એમાં તેલ પૂરવાનું છે એમનાં પૌત્રો દોહિત્રો – અનુષ્કા, આકાશ, આર્જવ, આશકા એન્ડ કંપનીએ. કવયિત્રી કહે છે કે ગૉડ વિલિંગ – આ બધાં તેલ પૂરી દીવાને પ્રજ્વલિત રાખશે –

*નહિતર પછી*
*છેલ્લો ગુજરાતી*
*જતાં જતાં ફૂંક મારી*
*થથરાતા દીપને ઠારી નાંખશે.*

કવયિત્રી બ્રિટનમાં ગુજરાતી આવચ્ચંદ્રદિવાકરો રહેશે જ એવી શેખાઈ કરતી નથી કે જશે જ એવું પ્રલયકથન ભાખતી નથી. એ જો અને તો ની રચનારીતિથી કાવ્યને ઓપન-એન્ડેડ રાખે છે.

બે દાયકા અગાઉ સુમન શાહે એમના બ્રિટનપ્રવાસ દરમિયાન નિરીક્ષણ કરેલું કે, અહીંનો ગુજરાતી સર્જક પોતાને પ્રાપ્ત તમામ સંદર્ભોમાં વ્યક્ત થતો નથી. ભારતી પંકજની કવિતામાં આ મહેણું કંઈક અંશે ભાંગે છે. આ કવયિત્રી નિજી ડાયસ્પોરિક અનુભૂતિને શબ્દાડંબર વિના સ્વભાવોક્તિમાં વ્યક્ત કરે છે, અને આ પોતીકી મુદ્રા જ એની કવિતાને નોખી, અપ્રતિમ બનાવે છે.

(Adam Ghodiwala, 200 Halliwell Road, Bolton – BLT3QJ)

*// વિજ્ઞાન //*

# બ્રહ્માંડ કિરણો(Cosmic Rays)ની સદી

**નિમિષા વૈદ્ય**

બાહ્યાવકાશમાંથી પૃથ્વીના દર ચોરસ મીટરે હર ક્ષણે લાખો ઈલેક્ટ્રોન વૉલ્ટ ઊર્જા ધરાવતાં લગભગ ૨૦૦ કૉસ્મિક કણો આપાત થાય છે. આ કણોની ઉત્પત્તિ શેમાંથી થાય છે? તેમના પ્રકાર કયા કયા હોય છે? બ્રહ્માંડમાં ચોતરફ વ્યાપેલાં આ કિરણોની પૃથ્વીના વાતાવરણ અને જીવસૃષ્ટિ પર શું અસર થાય છે? આ બધા મુંઝવતા પ્રશ્નોની હારમાળા આજથી સો વર્ષ પહેલાં ઊભી થઈ જ્યારે સૌ પ્રથમ વિક્ટર હેસ નામના ભૌતિકવિદ્દે ૧૯૧૨માં તે શોધ કરી. તેમણે ઈલેક્ટ્રોમીટરને બલુન દ્વારા પૃથ્વીની સપાટીથી ૫૩૦૦ મીટરની ઊંચાઈએ પહોંચાડીને ત્યાં નોંધાતાં આયનીકરણ પરથી દર્શાવ્યું કે અતિ તીવ્ર વિભેદનશક્તિ ધરાવતા કણો બ્રહ્માંડમાંથી પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશ કરે છે. વળી આ પ્રયોગ સૂર્યગ્રહણ વખતે કરીને તેમણે એ પણ સાબિત કર્યું કે આ કણોની ઉત્પત્તિ સૂર્યમાંથી થતી નથી. બલુન જેમ જેમ વધુ ઊંચાઈ પ્રાપ્ત કરતું ગયું તેમ તેમ કણોની સંખ્યા વધતી ગઈ; તેથી એ ફલિત થયું કે આ કણો પૃથ્વીના વિકિરણો દ્વારા ઉત્પન્ન થયાં નહોતાં. હેસને તેની "બ્રહ્માંડ કિરણો"ની શોધ માટે ૧૯૩૬માં નૉબેલ પુરસ્કાર આપવામાં આવ્યો.

૧૯૨૦માં પ્રસિદ્ધ ભૌતિકશાસ્ત્રી રૉબર્ટ મિલિકને આ કિરણોનો ઊંડો અભ્યાસ કર્યો અને આ કિરણોને "બ્રહ્માંડ કિરણો" તેવું નામ આપ્યું. તેમણે આ કિરણો દ્વારા ઉત્પન્ન થયેલાં આયનીકરણનો સમુદ્રના પેટાળથી લઈને વાતાવરણમાં ખૂબ ઊંચાઈ સુધી અને પૃથ્વીની બધી દિશાઓમાં અભ્યાસ કર્યો. બ્રહ્માંડ કિરણોની તીવ્રતા પૃથ્વીના ચુંબકીય ધ્રુવ પર મહત્તમ જ્યારે વિષુવવૃત્ત પર લઘુત્તમ જોવા મળી. આ અસરને "ચુંબકીય અક્ષાંશ અસર" કહેવાય છે. વળી વધુ અભ્યાસ દ્વારા એ પણ પ્રસ્થાપિત થયું કે પૃથ્વી પર આવતા બ્રહ્માંડ કિરણો મુખ્યત્વે પૂર્વ કરતાં પશ્ચિમ દિશામાંથી વધુ આવતા હતા. આ અસરને "પૂર્વ-પશ્ચિમ અસર" કહેવાય છે. મિલિકનના મતે બ્રહ્માંડ કિરણો મુખ્યત્વે ગામા કિરણ હતાં. પણ કલે નામના વૈજ્ઞાનિકે પ્રતિપાદિત કર્યું કે આ કિરણો પૃથ્વીનાં ચુંબકીય ક્ષેત્રનાં પ્રભાવ હેઠળ પોતાની દિશા બદલતાં હતાં. માટે આ કિરણો ગામા કિરણો જ ન હોતાં વીજભાર ધરાવતા કણ પણ હોઈ શકે. પૂર્વ-પશ્ચિમ અસર દ્વારા એ સાબિત થયું કે કૉસ્મિક કણો મુખ્યત્વે ધન વીજભાર ધરાવતા પ્રોટોન હતા. ૧૯૩૦-'૪૫ દરમ્યાન બ્રહ્માંડ કિરણો પર ખૂબ જ સંશોધન થયું અને સાબિત થયું કે કૉસ્મિક કણો મુખ્યત્વે પ્રોટોન (૯૦%), ઈલેક્ટ્રોન (૯%) અને મ્યુઓન (૧%) હોય છે.

સમુદ્રની સપાટીથી વાતાવરણમાં ખૂબ ઊંચાઈ સુધી બ્રહ્માંડ કિરણોની તીવ્રતાનો અભ્યાસ હાથ ધરતાં એ જાણવા મળ્યું કે વાતાવરણના સૌથી ઉપરના સ્તર કરતાં થોડી ઓછી ઊંચાઈએ તીવ્રતા મહત્તમ હતી. તેનાથી ઓછી ઊંચાઈએ તીવ્રતા ઘટતી હતી. આ અભ્યાસ દ્વારા સાબિત થયું કે વાતાવરણના ઉપલા સ્તર પર પ્રાથમિક બ્રહ્માંડ કિરણો બહારના આવકાશમાંથી પ્રવેશ કરતાં હતાં. વાતાવરણમાં પ્રવેશ કરતાંવેંત તેઓ તેમાં રહેલા વાયુઓ સાથે ક્રિયા કરતાં હતાં. અને દ્વિતિયક (Secondary cosmic rays)ને જન્મ આપતાં હતાં. આથી તે ઊંચાઈ પર કણોની સંખ્યા મહત્તમ મળી. તેનાથી નીચે આવતા વાતાવરણ વધુ ઘટ્ટ થતાં તે કણો શોષાઈ જતાં હતાં. આથી પૃથ્વીની સપાટીની નજીક તીવ્રતા ઘટી જતી હતી. આ અસર "ઉન્નતાંશ (ઑલ્ટીટ્યુડ) અસર" કહેવાય છે.

બ્રહ્માંડ કિરણોના અભ્યાસમાં ભારતીય વૈજ્ઞાનિક ડૉ. હોમી ભાભાનું પણ ખૂબ મહત્ત્વનું પ્રદાન છે. ૧૯૩૩માં હોમી ભાભાને ડૉક્ટરેટની પદવી મળી, તે અરસામાં તેમણે પોતાનું પહેલું સંશોધન પત્ર "બ્રહ્માંડ કિરણોનું શોષણ" એ શીર્ષક હેઠળ પ્રકાશિત કર્યું. આ સંશોધન પત્રમાં બ્રહ્માંડ કિરણોનું વાતાવરણમાં થતું શોષણ અને તેમના દ્વારા ઉત્પન્ન થતાં ઈલેક્ટ્રોનના ફુવ્વારા-શાવરને સમજાવવામાં આવ્યાં હતાં. તે પછી તેમણે ઈલેક્ટ્રોન દ્વારા થતાં પોઝીટ્રોનના પ્રકીર્ણન પર અભ્યાસ હાથ ધર્યો. આ $e^{-}$-$e^{+}$ પ્રકીર્ણન (scattering) "ભાભા પ્રકીર્ણન" નામથી પ્રચલિત થયું. ડૉ. ભાભાના અથાગ પ્રયાસોથી બેંગાલુરુના પ્રખ્યાત ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ (IISc)માં "કૉસ્મિક કિરણ સંશોધન એકમ" સ્થાપવામાં આવ્યું. તેમાં ભારતમાં ન્યુક્લિયર વિજ્ઞાનનો પાયો નંખાયો. આ કારણથી ડૉ. ભાભા "ભારતના ન્યુક્લિયર કાર્યક્રમના પિતામહ" તરીકે ઓળખાય છે.

હવે આપણે કૉસ્મિક કિરણોનું વિજ્ઞાનની દૃષ્ટિએ શું મહત્ત્વ છે તે જોઈએ:

૧. કૉસ્મિક કિરણો વાતાવરણમાં રહેલા નાઈટ્રોજન અને ઑક્સિજન વગેરે અણુઓનું આયનીકરણ કરે છે.

૨. કૉસ્મિક કિરણો આડકતરી રીતે કાર્બન-૧૪ જેવા અસ્થાયી સમસ્થાનિક (આઈસોટોપ) પૃથ્વીના વાતાવરણમાં ઉત્પન્ન કરતાં રહે છે. લગભગ છેલ્લા ૧ લાખ વર્ષથી પૃથ્વીના વાતાવરણમાં કાર્બન-૧૪નો જથ્થો એકધારો ૭૦ ટન જેટલો જળવાઈ રહ્યો છે. આ C-14 કાર્બન ડાયોક્ટાઈડ રૂપે વનસ્પતિમાં પ્રવેશે છે. આના કારણે ઉત્ખનન દ્વારા પ્રાપ્ત થયેલ અશ્મિઓની વય રેડિયોકાર્બન ટેકનિક વડે નક્કી કરી શકાય છે.

૩. કૉસ્મિક કણોની ઊર્જા એટલી વધુ હોય છે કે ફક્ત કૃત્રિમ ઉપગ્રહોમાં રહેલા વિદ્યુત પરિપથ જ નહીં, પણ પૃથ્વી પર રહેલ વિદ્યુત પરિપથોને પણ નુકસાન પહોંચાડી શકે છે. વળી હવામાં વધુ ઊંચાઈએ ઊડી રહેલા વિમાનોના વિદ્યુત પરિપથોને પણ બ્રહ્માંડ કિરણો દ્વારા નુકસાન થઈ શકે છે. અંતરિક્ષ યાનોની વિદ્યુત પ્રણાલિને પણ આ કિરણો નુકસાન પહોંચાડી શકે છે.

૪. એ તો હવે જગજાહેર છે કે ઉત્તર-દક્ષિણ ધ્રુવો પાસે જોવા મળતા પ્રકાશિત પડદા જેવા દૃશ્યો, કે જેને "ઓરોરા" (Aurora) ના નામથી આપણે ઓળખીએ છીએ, તે પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશ કરતાં બ્રહ્માંડ-કિરણો અને સૌર-પવન કણોની પૃથ્વીનાં ચુંબકીય ક્ષેત્રની અસર હેઠળ બનતી ઘટના છે.

૫. પૃથ્વીના હવામાનમાં થતાં ફેરફારો પણ અમુક અંશે કૉસ્મિક કિરણોને કારણે થતા હોવાનું જાણવા મળ્યું છે. આ વિષય પર હજુ સંશોધન ચાલી રહ્યું છે.

૬. કૉસ્મિક કિરણોના "શાવર"ની ઘટનામાં ઘણાં નવાં કણોની શોધ થઈ. તે સમય પૂર્વે માત્ર પ્રોટોન, ન્યુટ્રોન, ઈલેક્ટ્રોન એ જ પ્રાથમિક અથવા મૂળભૂત કણો જાણીતાં હતાં, અને તેના આધારે જ પરમાણુનું મૉડેલ રચાયું હતું. નવા પ્રકારના જુદાં જુદાં દળ ધરાવતાં અસંખ્ય કણોને કારણે "particle physics" – કણોનું ભૌતિકવિજ્ઞાન એવી નવી શાખા શરૂ થઈ. આ શાખામાં ઘણા સંશોધનો થયાં અને થઈ રહ્યાં છે.

(ક્રાઈસ્ટ કૉલેજ, રાજકોટ)

*// Key-note //*

# Innovations in School Science and Language Education

**G. Srinivas**

**(Key-note Address delivered at CVM's Nalini-Arvind Arts College, Vallabh Vidyanagar on 29 September 2012 )**

Respected Dr C L Patel, Hon'ble Chairperson of Charutar Vidya Mandal (CVM), Hon. secretaries, Prin R P Patel and Prin S M Patel, Principal of Nalini Arvind and TV Patel Arts College, Dr G N Gadhavi, IQAC Coordinator and Secretary of this important Seminar Dr MG Mansuri, faculty members of different intuitions of Charutar Vidya Mandal, participants and teachers from different intuitions of Gujarat and other places. Prof Hari Desai, the Director of CERLIP, was very keen that I should come here and interact with you.

I always look upon CVM with a keen interest. For example when we were trying to get freedom, we had national leaders like Sardar Patel , Dr Ambedkar and others like Swami Vivekanand even in Gujarat; Swaminarayan and others who can be called religious leaders. But India, somehow, has very few leaders in education. But one of them when we look around is Dr C L Patel, because we have national leaders, religious leaders, and political leaders. But we need many more educational leaders in this country of the caliber of Dr C L Patel. Long ago, Dr CL Patel and his colleagues have proved by creating New Vallabh Vidyanagar, a separate township for education right from primary to secondary to higher education and research. I think we often see these days the political capital in Delhi, economic capital in Mumbai but we do not have any educational capital. But you can say Vallabh Vidyanagar is the educational capital under the leadership of Dr C L Patel. Otherwise, I think, Anand, Vallabh Vidaynagar and Patels are known for agriculture; probably, agriculture, to entrepreneurship to education is the evolution of the people in this part of the country which is largely lead by the people like Dr C L Patel and his group of colleagues. If this type of full dedication and commitment is there, I think, you can create many more Vidyanagars in Gujarat and other places.

Today this college is organizing a national seminar sponsored by the UGC on a very important issue like **Strategies for Innovation in Social Science and Language Education**. So let me tell you what is the difference between the education in India and the education in the USA. Earlier we always looked at the USA for any good thing. You know people in Gujarat know about the USA more than anybody else in this country. Now apart from the USA, we think of China also, which is our immediate neighbour and our competitor also. So what is the difference between the education here and education there in China or in the USA? One basic difference is that we Indians are good at knowledge. We have a lot of knowledge. We are good at theoretical learning. In Indian education, we rely more on books, so we are very good at theory. The Indian education is highly theory based or knowledge based. When we move to China, they have knowledge as well as skills. This is the difference between India and China's education. Then you go to the USA, they have knowledge plus skills plus imagination or creativity. So, the real education needs all these three; knowledge, skills and imagination or creativity. It does not mean that we do not have imagination, it does not mean we do not have skills, This is in a relative manner.

So the question is how to strengthen our education. For example, you take Charutar Vidya Mandal. Here, we have diversity of academic disciplines. We have engineering institutions, we have arts and social sciences, we have exclusive institution for English studies headed by Dr Jadeja. I have not seen such English institutions in public sector. There are lots of coaching centres of English, because there is a huge starving for English in this country, even today. It is very difficult to survive in one way or the other without English. We have also very good arts and science institutions. These institutions should begin to share their resources. Let's take the example of Nalini Arts College. These days, one of the major problems is that there is huge engineering demand in this country. But they do not have any social science background, they do not have any humanities exposure. It is not an exaggeration, I tell you. It was, once, asked a software engineer, coming from Gujarat; "Narmada flows in which state?" He did not answer. Because, he does not bother to know much about Mahamta Gandhi, Sardar Patel and other leaders. If you ask him about Dr H M Patel, he may not be aware. Because, he thinks, he knows about some softwares like Java etc and his job is done. He is not connected to Indian Culture, and cultural practices. This is where, the social science has to play a very important role. Humanities will make you to understand humans, that is why it is called humanities. Social science teaches us how to interact with the rest of the society. Before becoming a software engineer, a doctor or something else, first you need to become a good human being. You need to be a good social person. So for this purpose, social science is one of the areas which makes you well acquainted with these matters.

I have observed that people coming from humanities and social sciences, interact with the rest of people in the society very well. They are also good orators; they speak very well because of their educational background. You might have observed that many scientists and engineers speak very rarely. They are very reserved in nature , because this comes through their academic training. They are more into the facts and figures. They are more into the data, more action oriented. So social sciences and arts can broadly be considered theory and science and technology practical. Unless you integrated these two, I do not think we will go further ahead.

What has happened in this country is, first we started with arts and social science education only, because in good old days, somebody who wrote BA or MA with his name was respected, but if somebody writes the same today, people may not feel respect for that person. Then came science and technology and medical sciences and today there are a large number of institutions in this country, even the government is keen to increase this number. Getting admission in engineering is also not difficult, but getting admission in the engineering colleges run by Charutar Vidya Mandal is prestigious. So, it is good to have better rank in the entrance examinations. And moreover, there will be some choice of some branch or specialization like electronics and computer science. Entrance examinations are no longer for the simple admissions. It is for the choice of the students. There are so many colleges in Anand and in Gujarat, why should the students come to Nalini College only? It is not that students should come to you. The days are changing now-a-days; you should go to students and answer their question of why should they come to your college. Students are the real ambassadors. Actually what happens in Indian situation is that we do not give much importance to our alumni. Once you are out of the

college, you are out and probably you may not be coming back to the college. 90 % of the students will never come back to the college, even just to see the college. So you need to bridge this gap. In the USA and Europe, colleges function through liberal donations; and donations do not mean cash or money; one can give through any manner.

Once I brought my son to the college where I studied long ago. When we came back, he said, “You took me to your college, you always say that it is my college, my college, but nobody called you, nobody bothered for you, nobody asked you to sit and have a cup of tea. Nobody asked me my name, what am I studying, nobody gave me a chocolate. So there is a huge gap between the alumni and the institutions. The connectivity is lost. Many alumni are very keen to contribute to your institutions but now they are at very senior positions, their egos are high, they feel that the college has not bothered to contact me, now I am very big man in the USA or Ahmedabad or Delhi. The college never turned back to me. Why should I bother for them. We do not bother about his importance because we do not have any records of the alumni and we do not have such a kind of data management; where they are from, how they are, what do they do now. This needs to be improved upon. This gulf needs to be bridged in the India situation. Then you will have the institutions with excellence. How do you differentiate yourself from the rest of the institutions, is very important. Today CVM’s institutions have great respect in Gujarat state but now you need to take your reputation beyond Gujarat, you need to have students from other states as well.

Of course, this is a tall order but at least, you should have this objective in your mind. At present, we have very unique institutions, for example, H M Patel Institute of English. There is a huge rush of students to go for TOEFL and GRE training . Our educational institutions are compelled to teach Shakespeare and John Keats. Once the student goes out, he needs something else. This is the gap which we need to bridge.

Once I was trying to learn some computer skills, because I am from science back ground, so I joined a six month course in a computer training centre. There, a student sitting next to me, was from B Tech Computer Engineering. I said , you spent four years in computer engineering and again you are attending these classes like me. There is a justification for me because I have not studied computer science, I studied biological science and I get something more from this institution. A guy like you studied four years of computer engineering and still he is learning computer in a small class of a commercial area for six months by paying some fees in the evening. Why? He replied, “What I am learning now has not been taught to me in the class room. This skill is essential to get a job. So there is a gap between what we are teaching in the class rooms and what is sought in the society or at the job market.

You need to bridge the gap between societal expectations or requirements and what is taught in the class room. If I am BA English but I cannot get through TOEFL. This is a very sad part. This kind of situation needs to be improved. We have an excellent college in H M Patel Institute of English. CVM’s students should be good at English. Why is H M Patel Institute limited to the students of B.Ed., MA or Research in English? Even engineering students should come and do some kind of modular course for three months in the evening to improve his language. You need to learn English for your Global survival. Particularly people coming from Gujarat, have a long history, even before the freedom, of going abroad and doing many innovative and challenging tasks. In good old days, if you knew your mother tongue than your job was done, but today you cannot survive. Without knowing three languages, you go nowhere.

Sometime ago, I was thinking, what is mother tongue? Why is it called a mother tongue? As a student, you get many questions and you may get the answers from your teachers and text books. This way you become a perfect learner. Let me share my experience. I was studying social sciences; I was studying about West Bengal. But it is located in the eastern part of the map. I did not understand whether I was incorrect or my teacher or the text book was incorrect. A lot of debate went into my mind; West Bengal, West Bengal… Nowhere did I find the history behind that.. I realized after a lot of reading and interaction that earlier there was a greater Bengal, which was divided into two parts, and the east Bengal became Bangladesh and the Bengal on the western side is now called West Bengal. But when we look at India, it is on the eastern side. Even then, it is popularly known as West Bengal. It creates more confusion for the new generation of students like me.

Then there was the other issue about the mother tongue. I always wonder…Why do we call it a mother tongue, what about father tongue, brother

tongue, sister tongue?. Why do we call it a mother tongue? Then, I found an answer to that; I think the language experts can correct me. After a lot of thinking I found that when a child is born, he is in the arms of the mother. The first language, the sign language, the words whatever the child learns, it is from his mother. Children do not learn from fathers. It is the mothers from whom they learn the primary learning. Initial learning, whatever you call, is from the mother. That's why it is called the mother tongue. That's why it creates an emotional bondage with us. So now, you may call Hindi or English the father tongue, or brother tongue or sister tongue.

How to bridge the gap? This is where institutions like H M Patel Institute can help the society. This is a very good vision that you have established a very good English institution. It should fulfill all the needs of English for the students who study in CVM. It may be running MA program. But apart from that you should be able to run a large number of modular programs and small certificate programs also. Another problem is, these days, due to global pressure, and also of the entrance examinations in science subjects, the languages are left at plus 2 levels only. The language education is in danger. We need to address several other things. But one problem before the language and the humanities is the declining public interest. Majority of the people do not want to study these subjects. How to address this issue is a challenge. In Indian higher education, we have sharp walls like arts and social sciences, pure science, engineering and technology. You can say it is like the caste system. We need to bridge the gap. For example; if I am studying in the engineering college, I may not be good at social sciences. But some basic principles of social sciences, some basic principles of language studies are necessary for me. That is why in the first year of engineering, we should have Maths, Economics, English and all that. In India, of course, it is not a college level issue but, it is a national issue.

The students of humanities and social sciences need some basic exposure to science and technology. Similarly, the students of science and technology need some basic exposure to humanities and social sciences. We should restructure the humanities and social sciences. I may not have basic quantitative, aptitude knowledge but I should have just basic knowledge of computer, software and its usage. Nowadays, of course, computers are the top priority with all the disciplines. I need to use it for my research; I would be able to do things myself rather than calling somebody from engineering college or science college, asking him to run SPSSR. But at childhood level, you should do it yourself. So humanities and social sciences need to have some exposure to the science and technology and similarly, the science and technology should have some courses of humanities and social sciences.

Recently, I noticed an institute called Indian Institute of Information Technology in Hyderabad; they have introduced a four year engineering course, with humanities components about 30 to 40 %. It has affiliation of engineering through humanities education. Recently, you might have heard about Azim Premji of Wipro, who has established a private university in Bangalore, Karnataka. It does not have any engineering component. He has started MA in Developmental Studies, MA in Policy Research, MA in Economics and Developmental Patterns of Society and many more innovative programs in Humanities and social sciences. In India we are over- regulated by the universities and the governments. Regulation is good for controlling but it also simultaneously affects the creativity of good institutions. For example, colleges of CVM may want to rise above the minimum level, but may be, you are not permitted. Because the rules are normally made keeping in mind the minimum level of the institutions. They do not offer opportunity for the maximum level. It stifles the creativity. At least within CVM, you have on the one hand arts and social sciences, on the other hand pure sciences, you have engineering and language training and research. These institutes should interact and go beyond the normal level. So they can flourish well.

The other thing is that at least for the majority of the institutions, you should have autonomy. You should opt for autonomy. So that you can come out with certain innovative programs. For example, I may be studying engineering from your college; by end of engineering, I should come out with some certificate course in functional English, and some course offered by a Science College, something offered by Fine Arts College and so on. Some kind of integration among the colleges would be wonderful. Integration here means, it is just like a railway compartment, attached with one another, where you are allowed to move. I know that integration is not possible because theory of integration is something different. Let's say interaction. At least interaction is possible. There should be better coordination among the academicians to bring up something innovative.

In Hindi or Gujarati or any Indian language, we call a school '*pathshala*', than there is a college called '*mahavidyalaya*' and there is university called '*vishwavidyalaya*'. The university is the centre of all the disciplines. Even a college, to some extent is like that. Many of you must not be knowing the principal of engineering college and vice versa. Because they do not find any need of it. But academically, I request CVM to promote this kind of culture where a student of science is able to go to any engineering college and do some experiment there. He can do some project work in any other institute. Such things are very essential. Moreover, these institutions, of course CVM has that, should have a good connectivity with the society, through different means; through academic programs and non academic programs, community services and extension work. If possible, start new programs; first you can try out a certificate course or a diploma course. If they are successful, convert them into the graduate or post graduate programmes.

Recently, I was talking with somebody from the USA. I asked him, "What are you doing there?". He replied, "Apart from my job, I have joined one course." I asked, "What is that course?" He said, "I have joined a course of Voice Modulation". In India, if you are a Gujarati and if you speak English, it sounds more of Gujarati than English. Generally, it applies to everybody including me. The flavor of the mother tongue will not go away. That's okay. Voice modulation is the program where you may be speaking as the US real citizen. From time to time, the academic program should change to meet the needs of the students. Of course, in Indian situation, this is a huge challenge because everything is regulated and there is limited opportunities to change according to the needs. These courses in arts and social sciences and language education, unless they are restructured, there would be difficulty in long term for the survival. They cannot run in the solo fashion the way they are now continued. I request all the academicians of this college and wider community at the S P University and the CVM level to rediscover the fact that the students' needs are changing with time. Accordingly, we have to tailor our education. Of course, every academic program will not guarantee the job, but similarly right things will be provided to our students.

Computers have arrived in this country. Earlier the people of engineering started using it, then science people started using it. Now everybody including arts and social science people use computer. Today, a computer is more of a tool than education. Even, the simple development cannot be completed without computer. Exposure to the other institutions should be there. If I am doing MA in English from H M Patel Institute of English, at least I should visit EFLU and other similar institutes. You should go to some higher institutes for research. There are 3 to 4 elements coming up fast in our higher education. First is Research and Development. Every teacher should do that. Second is accreditation, every institute must undergo the accreditation. Third is autonomy. Most of the institutions should be autonomous, at least academically. Fourth is women education. Women enrolment is picking up fast. These are the four major new directions coming up in our higher education. Language education and social science education are also impacted through these factors. There is some kind of feeling of interiority in the people of language education and humanities. This needs to be removed.

I tell you, there is no short cut in life. Even though you study engineering, it does not mean that it will make you a good student, unless you make an effort to be a good student. You may be MA (Gujarati), people might laugh at you saying that this fellow has learnt Gujarati. But if you are able to write some poetry in Gujarati, it will inspire and motivate the entire Gujarati population irrespective of the religion, caste, creed and the academic discipline. If I have passed MA (Gujarati) and I am not able to write creatively one paragraph or one poem independently, than education has no use, because our education is highly exam centric, because of the frame of the syllabus. The students are all the time burdened to complete the syllabus to get good marks. I used to wonder when it comes to language education. All of you are aware with the films and movies. If you see, most of the film writers, story writers, script writers and dialogue writers, they are not highly educated. I do not criticize anybody because I am a part of the system. But still I always wonder what are our M A and Ph D of Hindi, Gujarati or Telugu doing? There is a huge gap between what society needs and what is taught in the class rooms. That needs to be bridged. I have seen B Com students who are not able to fill up the IT returns and even do not know certain other things which are expected from the commerce students. A student of B Sc or M Sc (Botany) comes out and if s/he is asked about the name of a common plant, and how it is useful to a human being, s/he may say that his/her

field is different. The society does not bother about your specialization. It expects something straight from you.

We cannot ignore the education in language and social science. Unfortunately, being in the poor country, our education is highly employment centric. As a result of this, it pushes some disciplines to be dominant. But in the long run, these disciplines are also important. But I would request the students to respect your respective academic discipline yourselves. If I am studying BA (History), first I must respect the history as an academic discipline. I must feel that this is a good discipline; I can contribute a lot to the society through this. I can make my life out of this discipline. First, he should respect it. If he himself does not have confidence and if he studies History, Economics or Political Science, he does not have any future. That is very important.

The teachers should also inspire the students in this direction. You know MA (Political Science) can go in public administration. People may say that it's a very easy and simple study. From last academic year, IIM, Bangalore has started a program on Leadership Management. In Pune also, one institution has brought out some Post-graduate program in Leadership Management. On one hand, we do not have students in Political Science and on the other hand, these kinds of institutions are charging 3 to 4 lakhs. Students are coming from all over the country and study the program. I mean to say that there is a scope. You need not have so many disciplines, it should be one or two but it should be systematic and should be deep into that study. Then only it would function.

Further, we need to bring lot of changes in our arts and social sciences, the way the society view it, it should change. Arts and social science has some inferior look, science and technology has a better look and medical means the best look. That kind of system needs to be changed. We need all kinds of education. If we have all engineers, all doctors, it does not work. We need a lot of diversity. But we respect the diversity because it is very important. A large part of population studies in arts and social science, because the other education like medical and engineering are likely expensive and the students do not have that caliber. That's why a large number studies in arts and social science. That is the challenge. Most of them are first generation learners. From that also, we should bring at least some amount of students coming out with brilliant creativity and imagination. I have seen many arts, social science and language courses. For example, I did MA (Economics or History), where exam is conducted once in a year ie the end of the academic year. I will have 5 papers in first year. 100 marks each, and that means a total 500 marks. Second year again 500 marks. Total 1000 marks. I am given a degree. The exam is conducted at the end of the year. There is no semester, no project work, no field work, nothing. There is no significant exposure to the students except the annual examination. What happens in the annual examination? 8 questions are given and 5 are to be answered. The students keep on writing. I do not know how much of it is relevant. This model of education particularly in humanities and language learning needs to change. Unless, you bring in some creativity or some critical thinking, it will not do. For example; UGC NET examination, the way the examination is conducted, is entirely different from the MA or M Sc examinations that we conduct in our college under any university. Here you are asking answer 5 out of 8 questions and there, each question paper was in three parts. Now it is changed into objective type ,because of certain logistic reasons.

When I was a student, there were three parts of each question. The first question addresses the introductory part of the particular subject, the second question is on its application and the third question is futuristic. You do not have the answer of the third question in any text book. There will be a few hints directly or indirectly. You have to interpret yourself and write the answer. Why don't you give a project to a MA (Political Science) student? How the scenario is going to be in the coming assembly elections in Gujarat. He can carry out certain study. He can go around and bring out some study reports. Prof Hari Desai would know well that the political analyzers are highly respected. They are in great demand by all the politicians irrespective of the political parties. Where do they come from? They are Political Science or Public Administration students only. But you need to have the final skills. Only MA (Political Science) does not help. How many political analyzers do we have and how many political science students do we have? There are hundreds and thousands of political science students, but the political analyzers are only in 10s or 20s. This kind of situation needs to be changed. This can be changed through humanities and social sciences only. The students in arts and social sciences are highly dependent on the government jobs. This is another problem. These days the government jobs are declining at the high

rate. Here you should encourage your students for self-employment and the private sector. That is very important. One of my relatives studied MA (Linguistics) and she works in a software company. She told me that she was in high demand. She has to train all the newly recruited people with regard to voice and speech because they have to interact with the clients living in the USA. Because when they speak, it should not sound like they are speaking in Gujarati or some other language. She trains all the newly recruited employees. She has to conduct some training programs, workshops and so many things for them. But the question is that how many of our language students can do that? Many students of MA (English) themselves are not good at English. If you are not good at your own subject, you cannot give justice to the rest of the society or to the job. There are lot of opportunities in the humanities, social sciences and languages also but you need to put a little extra efforts.

The students and the teachers of humanities and social sciences should not feel interior. Every academic discipline has its own importance. People should respect the humanities, social sciences and language education. People should feel that the subject they have studied is equally good. Humanities and social sciences people should also have some mathematical reading. Some mandatory mathematical and statistical training is a must. Such kind of hybrid model of education is very important in the future. Many students want to study biology so they cannot study mathematics and vice versa. A student of BA (Economics) wants to study certain other science subject also but s/he cannot. I, personally, do not like the formation of B A, B Com and B Sc. Rather they should be called bachelor degree or bachelor's program of graduate degree. Make it mandatory to study 20 papers for the entire degree program of 3 years. When all the papers are completed successfully, s/he will be awarded the graduate degree. Now it is mandatory to study for 3 years. Examinations are at the end of the year. If someone is not able to appear into the examination, s/he can appear next year. But the system should be like that a student can appear in the examination whenever s/he is ready for the particular paper. In the populated country like India, it may be slightly difficult. But future is going to change in that way. So we have to encourage our teachers and particularly our students who want to go beyond the curriculum. Because we are highly curriculum exam oriented. Unless this system changes, we cannot move forward. Particularly our teachers do not do the required teaching at the jobs. Do not think that you just go into the class, and teach for one hour and your job is done. Your job is for 24 hours. How you motivate your students and how you encourage your students off campus also are important. Most of us, when we think of our past, we were influenced by our teachers even more than our parents at that time. Parents provide material sources. They provide emotional love. But the real training takes place in the class rooms.

Teachers should not think like the other employees of state or central government. This is the best profession. A lot of autonomy and freedom is there in education. You are the people who are going to train and influence the generations together. If the primary teacher of mine or yours comes in front of us, we simply stand up and respect him/her. This is the uniqueness of the teaching profession. But unfortunately some teachers think about salary only. Of course it is important. Without that, we cannot survive. A teacher should not stay away from teaching as well as research work. Doing that only, you can increase your knowledge. Your students will respect you more. You should be ready to take up the academic assignment. You should think beyond your regular class rooms. For example, once a NAAC team asked the IQAC coordinator what is the full form your college. He could not answer that. He was working in that college for last 10 to 15 years and he was not able to say the full name of his college in correct manner. What type of job we are doing is very important. If you are a good teacher, your job does not end in the class rooms. Rather, it starts from the class rooms. Most of the students are influenced by a teacher, outside the class room then inside the class room.

There is a lot of diversity in this teaching profession. You must be happy and proud that you are associated with Charutar Vidya Mandal which is one of the best public-private management model in higher education in this country. I have observed a lot of discipline, dedication and best practices in its institutions. The faculty members and the students of CVM should have some interaction and intra-interaction. Because in coming days the higher education is also going to be as competitive as the industries and business. It is not that the government is going to protect you for the longer time.

The teachers need to change themselves. They need to be good learners as well as continuous learners. Then they can be good teachers. The members of board of studies and academic councils should bring out some changes in the syllabus and

examination patterns in the manner which should suit the students for their better future. I have observed that the syllabus and examination pattern of MA is entirely different from the syllabus and the examination pattern of NET examination. So where will the students go? As the teachers, why don't you correct this gap to a possible extent. The teachers should be more accredited. They should take care of the practical requirements of the students. The students should not be feared by you. The teachers should give love and affection to the students. I see many students do not sit in the front rows fearing their teacher a lot. This kind of situation should not be there. A teacher must realize that in the class room all the students will not be good. Few students will be good academically, some must be good non-academically. Some students are not good for some strength reasons of their socio-economic back ground. We have to touch upon all those things, not simply the textual lessons for a day or next day. A teacher is a multi-dimensional personality in the unique profession.

Please try to see how the humanities, social science and language education is strengthened keeping in mind the requirement. You should ask a student of Gujarati to write a creative poem. You conduct examination on the memorization basis. So the creativity is lost. There are some good practices in engineering and other disciplines. You can copy some of them. There is no problem in copying some good things like project work and field work. Why don't you ask one of your MA (English) students to go and teach in the rural area or teach *Hamlet* in any other discipline? CVM students should be made to be different from the rest of the crowd in the society. Do whatever best you can do within the accepted norms, rules and regulations of the university and the state government.

In the end, I wish to thank honorable Dr C L Patel and his colleagues for bringing out this excellent seminar in this college. And also for giving me an invitation to be present here and interact with you. I also thank Principal Dr Gadhvi, IQAC coordinator Dr Mansuri and all the faculty members. This is a very important seminar and I am happy that UGC has sponsored this seminar.

Thank you once again.

(Joint Secretary,University Grants Commission-UGC,
University of Pune Campus,Ganeshkhind,Pune)

*// Key-note //*

## New Trends in Mechanical Engineering

**Jiju Antony**

Actually I have spent my initial life in India and right now I am in UK. So you can say I am half European and half Indian. So for me it's coming home. It's my great pleasure to be here as part of this International Conference ICETME 2013. It's my great pleasure to be here as a Chief Guest of this fascinating event organised by Department of Mechanical Engineering of G. H. Patel College of Engineering & Technology. I am honoured to be a part of this international event in a beautiful city of Anand.

The reason for my presence here today is intimate and close academic friendship with Dr. Darshak Desai. For last 6 years we have been working in number of papers on topic of six sigma, which resulted in number of research publications in top notch journals. The aim of this international conference is to provide a forum for researcher, academician and engineers from India and abroad to discuss and promote research and technological advancement in engineering and technology. The main focus of this conference is on discussion of information experience and research results on the current topics of interest through discussion and participation from all over the world. This would definitely provides solution for the challenges we face today at the global level. I would expect this event would develop a platform which provide national and international forum for researchers, scientists, industrialists and academicians to exchange ideas for various aspects of theories, analysis, experimentations and computational methods in mechanical

engineering sciences. It's not only that it also provides an excellent forum for many practices in academics from around the world to present their ideas and discuss the latest technological advancements as well as future directions and trends as a true profession.

The Department of Mechanical Engineering of G. H. Patel College of Engineering & Technology stride in 2008 to organise 1st National Conference and with encouragement and support of management body Charutar Vidya Mandal the journey continued for three consecutive National Conferences. And keeping the same trend the department has ventured the 1st International Conference ICETME 2013. The chief patron of these entire events is Dr. C. L. Patel Chairman of Charutar Vidya Mandal. His motivation coupled with efforts of department brought laurels to the institute. By such events, department wishes to cater to the research and development needs of the academics and industries across the globe. I am sure everyone here will get an opportunity to network with similar minded scholars, whether in academics or in industry in the field of mechanical engineering. I truly wish the very best of luck for this international conference to be a great success not only this but also for the forth coming years to come.

(Department of DMEM, University of,
Strathclyde, Glasgow, UK)

• • •

*// Key-note //*

## Global Challanges

**S. Channiwala**

Dignitaries on the dais , Dr. C. L. Patel – A Legendary Educationalist of Charutar Region, Dr. Jiju Antony – An authority in process excellence, Dr. Himanshu, Dr. Darshak Desai, Prof. Vivek and adorable Mukesh Bulsara, Dignitaries off the dais, Learned speakers, foreign delegates which I can see, the delegates from the country, the media people and my beloved students.

I will first appreciate and congratulate the entire team who has taken the tremendous efforts to organise this first International Conference on Emerging Trend in Mechanical Engineering. When I use a word "emerging trend" I will highlight few emerging realities. As per the world energy horizon 2020 the present energy consumption is $13.62 \times 10^{12}$ watt, in 2020 it will rise to $19.035 \times 10^{12}$ watt. And if we continue to consume the energy in the same way , probably by 2060 we will be out of petroleum reserves. This is the threat on energy crisis associated with the threat on environmental pollution. If I give a figure, because of this massive energy consumption, the green house gas emissions are 30.6 GT of $CO_2$ equivalents. This is not only responsible for global warming but as per World Health Organisation there are 8 lacs death per annum because of this pollution, 4.8 million lost lives per year because of the environmental pollution. What is the way out?

I will use shloka of our own Bhagwad Gita

"Vigyanam Sarathi Dhasya" - Means - **"let scientific knowledge lead us"…**

…To find the sustainable green solution and socially responsible human beings. What I mean by socially responsible human being is if I am installing an AC of 2 ton in my room, I must grow at least one tree. If I am buying one car, at least I go for planting four trees to maintain the carbon cycle.

I wish that this conference on emerging trends will plough a little way forward towards this direction. I wish you all the success. JAI HIND

(Professor, Mechanical Engineering Department, Ex-Director-In Charge, SVNIT, Surat, Ex-Head, Mechanical Engineering Department, S. V. National Institute of Technology, Surat)

# સ્ત્રીનાં વિવિધ સ્વરૂપ

**પારુલટીના દોશી**

(શિક્ષણમહર્ષિ ડૉ. સી.એલ. પટેલના વડપણ હેઠળના ચારુતર વિદ્યામંડળે ભારતીય મહિલા વિશ્વકોશ તૈયાર કરવાનું ભગીરથ કાર્ય હાથ ધર્યુ છે. આ પ્રકલ્પ હેઠળ વેદકાલીન સ્ત્રીઓ વિશે સંશોધનકાર્ય શરૂ થઈ ચૂક્યું છે. અહીં વૈદિક યુગની સ્ત્રીનાં વિવિધ પાસાઓ શ્રેણીબદ્ધ કરાયાં છે. આપનાં સૂચનો અને પ્રતિભાવોની પ્રતીક્ષા છે. - તંત્રી)

સ્ત્રી... નારી માટે આ શબ્દ સૌથી વધુ પ્રચલિત છે. નારીની શરમાળ પ્રકૃતિને કારણે તેને સ્ત્રી કહે છે. તેનામાં ગર્ભની સ્થિતિ રહેલી હોય છે એટલે પણ તેને સ્ત્રી કહે છે. પતંજલિ અનુસાર શબ્દ-સ્પર્શ-રુપ-રસ-ગન્ધાનાં ગુણાનાં સ્ત્યનં સ્ત્રી । અર્થાત્ શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને સંધના વિકાસનું નામ જ સ્ત્રી છે કારણ કે સ્ત્રી તેને વહન કરે છે![૧]

વેદગ્રંથોમાં આ સ્ત્રીનાં વિવિધ સ્વરૂપનું વર્ણન કરવામાં આવ્યું છે. તેમાંથી કેટલાક સ્વરૂપો આ પ્રમાણે છેઃ

૧) નારીઃ ઋગ્વેદમાં નૃનો પ્રયોગ વીરતાનું કામ કરવા, દાન આપવા તથા નેતૃત્વ કરવાના અર્થમાં થયેલો છે. નર શબ્દનો પ્રયોગ વીર, દાન આપનાર તથા નેતાના રૂપમાં પ્રયોજાયેલો છે. સ્ત્રીનું નારી નામ પણ આ વિશિષ્ટતાઓને કારણે પડ્યું હશે એમ કહી શકાય. ઉપરાંત નારી યુદ્ધમાં તથા શિકારમાં વીરોની સહાયક બનતી હશે.[૨]

૨) મેનાઃ આ શબ્દ ઋગ્વેદમાં નારી અર્થનો પર્યાયવાચી છે. યાસ્કના મતે પુરુષો સ્ત્રીઓનો આદર કરે છે[૩] એટલે તેમને મેના કહે છે.

૩) ગ્નાઃ ઋગ્વેદમાં ગ્ના શબ્દનો પ્રયોગ ખાસ કરીને દેવપત્ની માટે કરવામાં આવ્યો છે. યાસ્કના મતે સ્ત્રીને ગ્ના એટલા માટે કહે છે કે પુરુષ સંસર્ગની કામનાથી[૪] તેની પાસે આવે છે.

૪) યોષાઃ વૈદિક સાહિત્યમાં સેવા કરનારી સ્ત્રીને યોષા[૫] કહે છે.

૫) જાયાઃ સ્ત્રીના પત્ની સ્વરૂપ માટે જાયા[૬] શબ્દ પ્રચલિત છે. પુરુષ સ્વયં તેનામાં પુત્રરૂપે જન્મે છે એવી માન્યતાના આધારે સ્ત્રીને જાયા કહે છે.

૬) સુન્દરી કે સૂનરીઃ ઋગ્વેદમાં ઉષાદેવી માટે સૂનરી[૭] શબ્દપ્રયોગ કરવામાં આવ્યો છે. સૂનરીનો અર્થ છે શોભા વધારનાર. પોતાના સૌંદર્યથી સામી વ્યક્તિના હૃદયને ઝંકૃત કરનાર સ્ત્રીને પણ સૂનરીનું સંબોધન કરાયું છે.

૭) વધૂઃ વેદગ્રંથોમાં નવવિવાહિતાને વધૂ[૮] કહે છે. તેનો અર્થ છે સહચરી અથવા ગૃહિણી.

૮) પત્નીઃ સહધર્મિણીને પત્ની[૯] કહે છે.

૯) સતીઃ જે મન, વચન અને કર્મથી પતિપરાયણ રહે છે તેવી સાધ્વી સમાન સ્ત્રીને સતી[૧૦] કહે છે.

૧૦) સ્નુષાઃ વૈદિક સમાજમાં પુત્રવધૂને સ્નુષા[૧૧] કહેતા.

૧૧) સ્વસાઃ બહેન માટે વેદકાળમાં સ્વસા[૧૨] શબ્દ પ્રચલિત હતો.

૧૨) માતાઃ ઋગ્વેદમાં માતૃ શબ્દ માન અને તૃચની સંધિથી બન્યો છે. માનનો અર્થ આદર છે. તેથી માતા[૧૩] શબ્દનો અર્થ છે આદરણીય.

૧૩) જામિઃ વેદકાળમાં બહેનને સ્વસા ઉપરાંત જામિ[૧૪] પણ કહેતા.

૧૪) શ્વશ્રૂઃ સાસુને વેદકાલીન સમાજમાં શ્વશ્રૂ[૧૫] કહેતા.

૧૫) નનાન્દૃઃ પતિની બહેન એટલે કે નણંદને નનાન્દૃ[૧૬] કહીને સંબોધવામાં આવે છે.

૧૬) યમસૂઃ જોડિયા બાળકોને જન્મ દેનારી સ્ત્રીને યમસૂ[૧૭] કહે છે.

૧૭) અમાનુષીઃ અપ્સરા માટે અમાનુષી[૧૮] શબ્દ પ્રયોજાયો છે.

૧૮) ગુહાચરન્તીઃ ઋગ્વેદમાં મરુતોની ચમકતી સ્વર્ણિમ કટારની તુલના ગુહાચરન્તી[૧૯] કે ગુપ્ત રીતે મળતી સ્ત્રી સાથે કરવામાં આવી છે.

૧૯) પુંશ્ચલીઃ કામાતુર થઈને પરપુરુષની પાછળ દોડતી સ્ત્રીને પુંશ્ચલી[૨૦] કહેવામાં આવી છે.

૨૦) હસ્રાઃ હસતી સ્ત્રીને ઋગ્વેદમાં હસ્રા[૨૧] કહેવામાં આવી છે.

૨૧) સુવાસાઃ સુંદર વસ્ત્રો પહેરનારી સ્ત્રીને સુવાસા[૨૨]ની ઉપમા આપવામાં આવી છે.

૨૨) સાધારણીઃ ઋગ્વેદમાં સ્ત્રીને સાધારણી[૨૩]ના વિશેષણથી નવાજીને તેની તુલના વીજળી સાથે કરવામાં આવી છે.

૨૩) સમનગાઃ મનને અનુકૂળ હોય તેવી સ્ત્રી માટે સમનગા[૨૪] શબ્દ પ્રયોજવામાં આવ્યો છે.

૨૪) પ્રવીતાઃ ગર્ભધારણ કરનારી અથવા ગર્ભિણી સ્ત્રીને પ્રવીતા[૨૫] કહી છે.

૨૫) અતિત્વરીઃ અથિકુલટા સ્ત્રી માટે અતિત્વરી[૨૬] શબ્દ પ્રયોજાયો છે.

૨૬) મહાનગ્નીઃ આચારભ્રષ્ટ સ્ત્રીને અથર્વવેદમાં મહાનગ્ની[૨૭] કહેવામાં આવી છે.

૨૭) પ્રફર્વીઃ વેદકાળમાં વિલાસી જીવન જીવનારી સ્ત્રીને પ્રફર્વી[૨૮] કહે છે.

૨૮) સંવયન્તીઃ સુંદર રંગોવાળું કપડું વણતી સ્ત્રીને સંવયન્તી[૨૯] કહી છે.

૨૯) ઋતુપાઃ ઋતુને અનુકૂળ ભોજન અને જલપાન કરતી સ્ત્રીને ઋતુપા[૩૦]નું સંબોધન કરાયું છે.

૩૦) રત્નધાઃ રત્ન ધારણ કરનારી સ્ત્રીને રત્નધા[૩૧] કહી છે.

૩૧) અગ્રેપાઃ પુરુષોથી પહેલા જે સ્ત્રીઓનું આતિથ્ય કરવામાં આવે છે તેને અગ્રેપા[૩૨] કહે છે. આ સ્ત્રીઓ સૌથી પહેલાં સોમપાન કરતી હતી.

સ્ત્રીનાં આવાં વિવિધ સ્વરૂપોને અનુલક્ષીને જ કહેવાતું હશે કે, નારી તારાં નવલાં રૂપ!

**સંદર્ભોઃ**


૧. વૈદિક સંહિતાઓં મેં નારી, ડૉ. માલતી શર્મા, પૃ. ૩૭,૩૮ ઋગ્વેદ ૮.૩૩.૧૯
૨. એજન, પૃ. ૩૪
૩. એજન, પૃ. ૩૬ ઋગ્વેદ ૧.૬૨.૭, ૧.૯૫.૬, ૨.૩૯.૨
૪. એજન, પૃ. ૩૭ ઋગ્વેદ ૧.૧૫.૩, ૧.૨૨.૧૦, ૫.૪૩.૬
૫. એજન, પૃ. ૩૬ ઋગ્વેદ ૪.૫.૫., ૩.૫૨.૩, ૩.૫૬.૫, ૧.૪૮.૫
૬. એજન ઋગ્વેદ ૩.૫૩.૪, ૩.૫૩.૬
૭. એજન, પૃ. ૩૮ ઋગ્વેદ૧.૪૮.૫, ૧.૪૮.૧૦
૮. એજન ઋગ્વેદ ૮.૨૬.૧૩, ૧૦.૮૫.૩૩
૯. એજન, પૃ. ૩૯ ઋગ્વેદ ૧૦.૮૫.૩૯ અથર્વવેદ ૯.૩.૭
૧૦. એજન
૧૧. એજન, પૃ. ૪૫
૧૨. એજન, પૃ. ૫૦ ઋગ્વેદ ૩.૫૪.૭, ૧૦.૧૦.૧૧, અથર્વવેદ ૩.૩૦.૩
૧૩. એજન, પૃ. ૪૬ ઋગ્વેદ ૪.૧૮.૧૧, ૪.૧૮.૪, ૭.૪૩.૨
૧૪. એજન, પૃ. ૫૨ ઋગ્વેદ ૩.૩૧.૨
૧૫. એજન ઋગ્વેદ ૧૦.૮૫.૪૬
૧૬. એજન, પૃ. ૫૩ ઋગ્વેદ૧૦.૮૫.૪૬
૧૭. એજન, પૃ. ૫૫
૧૮. એજન, પૃ. ૫૬ ઋગ્વેદ ૧૦.૯૫.૮
૧૯. એજન ઋગ્વેદ૧.૧૬૭.૩
૨૦. એજન
૨૧. એજન ઋગ્વેદ ૧.૧૨૪.૭
૨૨. એજન ઋગ્વેદ ૧.૧૨૪.૭
૨૩. એજન
૨૪. એજન, પૃ. ૫૭ ઋગ્વેદ૧.૧૨૪.૮
૨૫. એજન ઋગ્વેદ ૩.૨૯.૩, ૩.૫૫.૫
૨૬ એજન
૨૭. એજન અથર્વવેદ ૧૪.૧.૩૬, ૨૦.૧૩૬.૫
૨૮. એજન ઋગ્વેદ ૧૦.૮૫.૨૨ અથર્વવેદ ૫.૨૨.૭
૨૯. એજન, પૃ. ૫૮ ઋગ્વેદ૫.૪૭.૬
૩૦. વેદોં મેં નારી, ડૉ. કપિલદેવ દ્વિવેદી, ડૉ. ભારતેન્દુ દ્વિવેદી, પૃ. ૬૮, ઋગ્વેદ ૪.૩૪.૭
૩૧. એજન
૩૨. એજન


(ક્રમશઃ)

(સીવીએમ બંગલો-૧૧, ગો.જો. શારદા મંદિર સામે, ભાઈકાકા સ્ટેચ્યૂ પાસે, વલ્લભ વિદ્યાનગર ૩૮૮ ૧૨૦, જિ. આણંદ. મો.: ૯૮૯૮૦૭૦૨૦૫)

## ભાઈકાકા સ્મારક વ્યાખ્યાન

ચારુતર વિદ્યામંડળ આદ્યસ્થાપક ભાઈકાકાએ નિહાળેલા નર્મદા યોજનાના સ્વપ્નને સાકાર થતું જોતાં સમગ્ર ગુજરાતનો સકારાત્મક માનવીય વિકાસ શક્ય બની રહ્યો હોવાનું જાણીતા અર્થશાસ્ત્રી અને સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાતના કુલાધિપતિ(ચાન્સેલર) ડૉ.યોગીન્દર કે.અલઘે જણાવ્યું હતું. આ યોજના માત્ર તાંત્રિક(ટેકનોક્રેટિક) નથી, પરંતુ માનવીય અભિગમ ધરાવતી યોજના હોવાનું તેમણે જણાવ્યું હતું.

ચારુતર વિદ્યામંડળના ઉપક્રમે સીવીએમના અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલના અધ્યક્ષપદે ખીચોખીચ ભરાયેલા બીવીએમ સભાગૃહમાં ડૉ.અલઘે ૪૦મું ભાઈકાકા સ્મારક વ્યાખ્યાન આપતાં નર્મદા યોજનાના પ્રારંભથી લઈને વર્તમાન સુધીની વિકાસગાથા વર્ણવી હતી. તેમણે કહ્યું હતું કે ટીકાકારો ભલે ટીકા કરે, પરંતુ નર્મદા યોજનાને પ્રતાપે જ ગુજરાતે વિકાસની હરણફાળ ભરી છે એ હકીકતને કોઈ નજરઅંદાજ કરી શકે તેમ નથી. નર્મદાનું પાણી જ્યાં જ્યાં પહોચ્યું છે ત્યાં ગરીબી દૂર થઈ છે અને કૃષિનો વિકાસ પણ ૬%ના દરે આગળ વધતો રહ્યો છે.

અધ્યક્ષસ્થાનેથી સીવીએમના અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલે પૂજ્ય ભાઈકાકાને મહી-કડાણા અને નર્મદા યોજનાના સ્વપ્નદ્રષ્ટા તેમ જ ચારુતર વિદ્યામંડળના મહાન શિક્ષણયજ્ઞના પ્રણેતા તરીકે આંતરરાષ્ટ્રીયકક્ષાએ યોગદાન કરનાર વિભૂતિ લેખાવ્યા હતા. કેન્દ્રમાં ડૉ.અલઘ વિજ્ઞાન અને ટેકનોલોજીના રાજ્યમંત્રી હતા ત્યારે તેમણે ચારુતર વિદ્યામંડળની સિકાર્ટ સંશોધન સંસ્થાની સ્થાપના માટે ભારત સરકારના આર્થિક અનુદાનની પહેલ કરી હોવાનો પણ ઉલ્લેખ કર્યો હતો.

સમારંભમાં મંચસ્થ મહાનુભાવોમાં ચરોતર ગ્રામોધ્ધાર સહકારી મંડળના અધ્યક્ષ શ્રી વિક્રમભાઈ પટેલ તથા ચારુતર વિદ્યામંડળના માનદ કાર્યકારી મંત્રી પ્રિ.શનુભાઈ પટેલ હતા. કાર્યક્રમનું સૂત્રસંચાલન સેરલિપના નિયામક પ્રા.હરિ દેસાઈએ કર્યું હતું. ઉપસ્થિત મહાનુભાવોમાં જાણીતા અર્થશાસ્ત્રી ડૉ.મહેશભાઈ પાઠક, ચારુતર વિદ્યામંડળના માનદ સહમંત્રીઓ શ્રી વી.એમ.પટેલ, ડૉ.એસ.જી.પટેલ, શ્રી મયૂરભાઈ પટેલ અને ડૉ.જે.ડી.પટેલ, પૂર્વ કુલપતિ અને સિકાર્ટના માનદ નિયામક ડૉ.વી.એસ.પટેલ, સીવીએમના પૂર્વ માનદ મંત્રી પ્રિ.આર.સી.દેસાઈ, સીવીએમનાં દાતા શ્રીમતી વાસંતીબહેન ચંદુભાઈ પટેલ, વિવિધ શિક્ષણસંસ્થાઓના નિયામકો, આચાર્યો તેમજ અધ્યાપકો, શિક્ષકો અને વિદ્યાર્થીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત હતાં.

## ગુજરાત ઈતિહાસ પરિષદનું અધિવેશન

ગુજરાતના સૌથી વિશાળ એવા શિક્ષણસંકુલ ચારુતર વિદ્યામંડળ(સીવીએમ)ના આદ્યસ્થાપક પૂજ્યશ્રી ભાઈકાકાની પ્રેરણાથી સ્થપાયેલી ગુજરાત ઈતિહાસ પરિષદનું ૨૭મું અધિવેશન સીવીએમસંચાલિત 'સેન્ટર ફોર સ્ટડીઝ એન્ડ રિસર્ચ ઓન લાઈફ એન્ડ વર્કસ ઓફ સરદાર વલ્લભભાઈ પટેલ(સેરલિપ)'ના યજમાનપદે ગત ૧૧ અને ૧૨ જાન્યુઆરી ૨૦૧૩ દરમિયાન વલ્લભ વિદ્યાનગર ખાતે સફળતાપૂર્વક યોજાયું હતું. પૂજ્ય ભાઈકાકાના સવોસોમા જન્મજયંતી વર્ષ નિમિત્તે આ અધિવેશન યોજાયું હતું.

અધિવેશનના ઉદ્ઘાટન સત્રના અધ્યક્ષસ્થાને ચારુતર વિદ્યામંડળના ૭૮ વર્ષીય અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલ ઉપસ્થિત રહ્યા હતા. મુખ્ય અતિથિ તરીકે નાગપુરથી ૯૨ વર્ષીય ઈતિહાસકાર અને ભારતીય સંરક્ષણ મંત્રાલયના ડીઆરડીઓમાં મનોચિકિત્સા વિષયક સંશોધનના નિયામકપદેથી નિવૃત્ત થયેલા ડૉ.નીલકંઠ રઘુનાથ વરાડપાંડે ઉપસ્થિત રહ્યા હતા. ગુજરાત ઈતિહાસ પરિષદના ૯૩ વર્ષીય સંસ્થાપક પ્રમુખ ડૉ.હરિપ્રસાદ શાસ્ત્રીની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. આ ઉપરાંત મંચસ્થ મહાનુભાવોમાં ગુજરાત ઈતિહાસ પરિષદના પ્રમુખ ડૉ.જગદીશ ચૌધરી, ચારુતર વિદ્યામંડળના માનદ મંત્રી પ્રિ.આર.પી.પટેલ, કાર્યકારી મંત્રી પ્રિ.શનુભાઈ પટેલ, માનદ સહમંત્રીશ્રીઓ શ્રી વી.એમ.પટેલ, ડૉ.એસ.જી.પટેલ, શ્રી મયૂરભાઈ પટેલ, ડૉ.જે.ડી.પટેલ, ભૂતપૂર્વ માનદ મંત્રી પ્રિ.આર.સી.દેસાઈ, સીવીએમના દાતા શ્રીમતી વાસંતીબેન સી. પટેલ, તેમ જ સુશ્રી ચંદનબેન પટેલ તેમ જ ગુજરાતની વિવિધ યુનિવર્સિટીઓમાંથી પધારેલા અધ્યાપકો, વિદ્યાર્થીઓ, સંશોધકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ગુજરાત અને ગુજરાત બહારની અલિગઢ મુસ્લિમ યુનિવર્સિટી સહિત ૧૧ યુનિવર્સિટીઓના અધ્યાપકો- સંશોધકોએ ભાગ લઈ ૩૬ શોધનિબંધ રજૂ કર્યા હતા.

આ અધિવેશનના ઉદ્ઘાટન સમારંભમાં ઈતિહાસ પરિષદમાં ઈનામી-બિનઈનામી સ્પર્ધા માટે પ્રાપ્ત થયેલા નિબંધો તેમજ સેરલિપનાં એમ.ફિલ.-પીએચ.ડી.નાં વિદ્યાર્થીઓએ તૈયાર કરેલા નિબંધોના પુસ્તક'ઈતિહાસની કેડીએ' અને 'આદિવાસી લગ્નપરંપરા'નું લોકાર્પણ મહાનુભાવત્રિવેણીના હસ્તે અને સીવીએમના અધ્યક્ષ ડૉ. સી.એલ.પટેલની અધ્યક્ષતામાં થયું હતું.

અધિવેશનમાં ગુજરાત ઈતિહાસ પરિષદના પ્રમુખ ડૉ. જગદીશ ચૌધરીએ પ્રમુખકીય પ્રવચન રજૂ કર્યું હતું. મુખ્ય અતિથિ તરીકે પધારેલા ઈતિહાસકાર ડૉ.નીલકંઠ રઘુનાથ વરાડપાંડેએ ચાવીરૂપ વ્યાખ્યાન આપ્યું હતું. સીવીએમના અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલે અધ્યક્ષીય ઉદ્બોધનમાં જણાવ્યું હતું કે પૂજ્ય ભાઈકાકાની પ્રેરણાથી ઈતિહાસ પરિષદની સ્થાપના થઈ હતી અને તેનું અધિવેશન સેરલિપના યજમાનપદે યોજાઈ રહ્યું છે તે માટે આનંદની લાગણી વ્યક્ત કરું છું. જ્યારે પણ ઈતિહાસ પરિષદને આવાં અધિવેશનો યોજવાં હોય ત્યારે યજમાનપદ સ્વીકારવાની અમારી તૈયારી છે તેવું તેમણે કહ્યું

હતું. ઉદ્‌ઘાટન સત્રમાં મહેમાનોનું શાબ્દિક સ્વાગત અને પરિચય સેરલિપના નિયામક પ્રો.હરિ દેસાઈએ કરાવ્યો હતો. આભારદર્શન સેરલિપના અધ્યાપક અને ગુજરાત ઈતિહાસ પરિષદના મંત્રી ડૉ.વસંત પટેલે કર્યું હતું.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન સેરલિપનાં અધ્યાપિકા ડૉ.પારુલટીના દોશીએ કર્યું હતું. પ્રાર્થના અને ઈતિહાસની ગૌરવગાથાને વ્યક્ત કરતું ગીત 'ઈતિહાસ ગા રહા હે' સેરલિપનાં એમ.ફિલ.નાં વિદ્યાર્થીઓએ રજૂ કર્યું હતું.

અધિવેશનના પ્રથમ સત્રમાં વિજેતા નિબંધનું વાંચન થયું હતું. મંચસ્થ મહાનુભાવોમાં ગુજરાત ઈતિહાસ પરિષદના પૂર્વ પ્રમુખો ડૉ.થોમસ પરમાર અને ડૉ.કે.સી.બારોટ, વર્તમાન ઉપપ્રમુખ શ્રી નરેશ અંતાણી ઉપસ્થિત રહ્યા હતા. આ સત્રમાં કુલ ૧૧ નિબંધ રજૂ થયા હતા. અને વિવિધ વિષયો પર વિસ્તૃત ચર્ચાઓ થઈ હતી. સત્રનું સંચાલન સેરલિપના અધ્યાપક ડૉ.વસંત પટેલે કર્યું હતું. અધિવેશનના બીજા સત્રમાં બિનઈનામી નિબંધોનું વાંચન થયું હતું. મંચસ્થ મહાનુભાવોમાં ગુજરાત ઈતિહાસ પરિષદના પૂર્વપ્રમુખ ડૉ.મકરંદ મહેતા, વર્તમાન ઉપપ્રમુખ ડૉ.ધર્મેશ પંડ્યા, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના આર્ટ્સ ફેકલ્ટીના ડીન ડૉ.લલિત એસ.પટેલ ઉપસ્થિત રહ્યા હતા. સત્રમાં કુલ ૧૦ નિબંધ રજૂ થયા હતા. વિવિધ વિષયો પર વિસ્તૃત ચર્ચાઓ થઈ હતી. સત્રનું સંચાલન ગુજરાત ઈતિહાસ પરિષદના કાર્યાલય મંત્રી ડૉ.હસમુખ પટેલે કર્યું હતું.

અધિવેશનના ત્રીજા સત્રમાં બિનઈનામી નિબંધો રજૂ થયા હતા. મંચસ્થ મહાનુભાવોમાં ગુજરાત ઈતિહાસ પરિષદનાં પૂર્વપ્રમુખ ડૉ.શિરીન મહેતા, ગોધરા આર્ટ્સ કોલેજના પૂર્વ આચાર્ય ડૉ.બી.એન.ગાંધી હતા. આ સત્રમાં કુલ ૧૧ નિબંધ રજૂ થયા હતા. વિવિધ વિષયો પર વિસ્તૃત ચર્ચાઓ થઈ હતી. આ સત્રનું સંચાલન ગુજરાત ઈતિહાસ પરિષદના મંત્રી ડૉ.નરેશ પરીખે કર્યું હતું.

અધિવેશનના પ્રથમ દિવસની રાત્રે વિદ્યાનગરના જાણીતા કવિઓ ડૉ.મણિલાલ હ.પટેલ અને શ્રી હરીશ મીનાશ્રુ દ્વારા કવિતાઓનું રસપાન કરાવાયું હતું.

બીજા દિવસના ચોથા સત્રમાં મંચસ્થ મહેમાનોમાં સરદાર પટેલ યુનિવર્સિટીના ઈતિહાસ વિભાગના અધ્યક્ષ ડૉ.જિગીશ પંડ્યા અને નલિની-અરવિંદ આર્ટ્સ કોલેજના ઈતિહાસ વિભાગના અધ્યક્ષ પ્રા.વિનુભાઈ તળપદા ઉપસ્થિત રહ્યા હતા. સત્રમાં કુલ ૬ નિબંધ પ્રસ્તૃત થયા હતા તેમ જ ઉચ્ચ પ્રકારની ચર્ચાઓ થઈ હતી.

અધિવેશનના સમાપન સત્રના અધ્યક્ષસ્થાને ચારુતર વિદ્યામંડળના માનદ મંત્રી પ્રિ.આર.પી.પટેલ ઉપસ્થિત રહ્યા હતા. મુખ્ય અતિથિ તરીકે એમ.એસ.યુનિવર્સિટી ઓફ બરોડાના આર્કિયોલોજી વિભાગના પૂર્વ અધ્યક્ષ અને જાણીતા પુરાતત્ત્વવિદ્ ૬૬ વર્ષીય ડૉ.વિશ્વાસરાવ સોનાવણે ઉપસ્થિત રહ્યા હતા. ગુજરાત ઈતિહાસ પરિષદ દ્વારા ઈતિહાસ, સંસ્કૃતિ, પુરાતત્ત્વના ક્ષેત્રમાં વિશિષ્ટ યોગદાન આપવા બદલ રસિકલાલ છોટાલાલ પરીખ સુવર્ણચંદ્રક ડૉ.વિશ્વાસરાવ સોનાવણેને સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિ ડૉ.હરીશ પાઢને હસ્તે એનાયત થયો હતો. માનવંતા મહેમાન તરીકે સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિ ડૉ.હરીશ પાઢ અને સીવીએમના માનદ કાર્યકારી મંત્રી પ્રિ.શનુભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. આ સત્રમાં ઈતિહાસ પરિષદના કુલ ઈનામી ૧૨ નિબંધોને પ્રાપ્ત કરનારને ચંદ્રકો એનાયત થયા હતા ૧. કનૈયાલાલ ભાઈશંકર દવે રૌપ્યચંદ્રક - ડૉ.રાકેશ ડી. પરમાર(ગુજરાત યુનિ.) ૨. મહાગુજરાત સાપ્તાહિક રૌપ્યચંદ્રક - કામિની આચાર્ય (સેરલિપ) ૩. શ્રી મફતલાલ પટોળાવાળા રૌપ્યચંદ્રક - ડૉ.તરલિકા એન.ગુર્જર (નવગુજરાત કોલેજ) ૪. સ્વ.તુલસીદાસ મૂળજીભાઈ શેઠ સુવર્ણચંદ્રક - ડૉ.નીતા ઉદાણી (સૌરાષ્ટ્ર યુનિ.) ૫. પ્રા.કેશવલાલ હિંમતરામ કામદાર રૌપ્યચંદ્રક - ડૉ.કલ્પા માણેક (સૌરાષ્ટ્ર યુનિ.) ૬. ડૉ.કાંતિલાલ ફૂલચંદ સોમપુરા રૌપ્યચંદ્રક - પ્રીતેશ ડી. સંગાડા(સેરલિપ) ૭.ડૉ.હરિપ્રસાદ શાસ્ત્રી સુવર્ણચંદ્રક - ચેતન જી.ચૌધરી (સેરલિપ) ૮. શ્રીમતી સરયૂ વસંત ગુપ્તે રૌપ્યચંદ્રક- હિતેશકુમાર બી.ચૌધરી(સેરલિપ) ૯. કિરીટકુમાર જે. દવે સુવર્ણચંદ્રક- સંજયકુમાર એન.મેડા (સેરલિપ) ૧૦. શ્રી સી.એલ.બારોટ સ્મૃતિ પારિતોષિક - દિવ્યેશકુમાર આર.પટેલ(સેરલિપ) ૧૧. પ્રો. મૌર્ય સ્મૃતિ પારિતોષિક-૧- ડૉ.બાબુભાઈ જે. દેસાઈ (આર.એચ.પટેલ કોલેજ) ૧૨.પ્રો. મૌર્ય સ્મૃતિ પારિતોષિક-૨- કીર્તિબેન એન. પટેલ(સેરલિપ). આ સત્રમાં મહેમાનોનો પરિચય અને સ્વાગત સેરલિપના નિયામક પ્રો.હરિ દેસાઈએ કર્યું હતું. આભારદર્શન ગુજરાત ઈતિહાસ પરિષદના ઉપપ્રમુખ અને વ્યારા કોલેજના ઈતિહાસ વિભાગના અધ્યક્ષ ડૉ.ધર્મેશ પંડ્યાએ કર્યું હતું.કાર્યક્રમનું સંચાલન સેરલિપનાંઅધ્યાપિકા ડૉ.પારુલટીના દોશીએ કર્યું હતું.

## પ્રો. એસ.વી. વૈષ્ણવનું બહુમાન

ન્યૂ વલ્લભ વિદ્યાનગરની એ.ડી. પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજીના ભૂતપૂર્વ માનદ આચાર્ય અને ચારુતર વિદ્યામંડળના નિવૃત્ત માનદ સહમંત્રી ડૉ. સૂર્યકાંત વી. વૈષ્ણવને ટેકનિકલ શિક્ષણ અને તેના વિકાસમાં પ્રસંશનીય પ્રદાન કરવા બદલ ઈન્ડિયન સોસાયટી ફોર ટેકનિકલ એજ્યુકેશન(ISTE)ના હૈદરાબાદ મુકામે તાજેતરમાં યોજાયેલા વાર્ષિક અધિવેશનમાં માનદ ફેલોશિપ એનાયત કરવામાં આવી હતી. ભારત સરકારના રક્ષામંત્રીના સલાહકાર ડૉ. વી.કે. સારસ્વતના વરદ હસ્તે શાલ ઓઢાડીને પ્રશસ્તિપત્ર આપી તેમનું બહુમાન કરવામાં આવ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે અગાઉ ડૉ. વૈષ્ણવને વઢવાણની એન્જિનિયરિંગ કૉલેજની સ્થાપના અને તેના વિકાસમાં યોગદાન કરવા બદલ 'વઢવાણ રત્ન'નું માનદ બિરુદ પણ અર્પણ થયું હતું.



ગુજરાત ઈતિહાસ પરિષદનું ૨૭મું અધિવેશન ચારુતર વિદ્યામંડળસંચાલિત સેન્ટર ફોર સ્ટડીઝ એન્ડ રિસર્ચ ઓન લાઈફ એન્ડ વર્ક્સ ઓફ સરદાર વલ્લભભાઈ પટેલ(સેરલિપ)ના યજમાનપદે વલ્લભ વિદ્યાનગર ખાતે યોજાયું હતું. સીવીએમના અધ્યક્ષ ડૉ. સી.એલ. પટેલના અધ્યક્ષસ્થાને તથા નાગપુરનિવાસી ૯૨ વર્ષીય ઈતિહાસકાર ડૉ. નીલકંઠ રઘુનાથ વરાડકરના મુખ્ય અતિથિપદે યોજાયેલા આ અધિવેશનના ઉદ્‌ઘાટન સમારંભમાં ગુજરાત ઈતિહાસ પરિષદના ૯૩ વર્ષીય સંસ્થાપક પ્રમુખ ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રીની વિશેષ ઉપસ્થિતિ હતી. આ પ્રસંગે 'ઈતિહાસની કેડીએ' અને 'આદિવાસી લગ્નપરંપરા' એ બે ગ્રંથોનું લોકાર્પણ મહાનુભાવ ત્રિપુટીએ કર્યું હતું. મંચસ્થોમાં સીવીએમના માનદ મંત્રી પ્રિ. આર.પી. પટેલ, માનદ કાર્યકારી મંત્રી પ્રિ. એસ.એમ. પટેલ, ગુજરાત ઈતિહાસ પરિષદના યુવાપ્રમુખ ડૉ. જગદીશ ચૌધરી, સેરલિપના નિયામક પ્રા. હરિ દેસાઈ અને ઈતિહાસ પરિષદના મંત્રી તથા આયોજન મંત્રી ડૉ. વસંત પટેલનો સમાવેશ હતો.




સીવીએમસંચાલિત અને સેન્ટ્રલ બૉર્ડસંલગ્ન વાસંતીબેન એન્ડ ચંદુભાઈ પટેલ ઈંગ્લિશ સ્કૂલના વાર્ષિકોત્સવમાં શાળાનાં બાળકોએ રાષ્ટ્રભક્તિપ્રેરિત વિવિધ કાર્યક્રમો રજૂ કર્યા હતા.

V-Vidyanagar
P.O.Reg. No. AND/318/2012-14
Valid upto 31-12-2014
Date of Posting 25th of Every Month
Posted at Vallabh Vidyanagar

ISSN 0976 - 9809 V-Vidyanagar
RNI No.Guj/2009-11/5433
February 2013

# Illuminating Love




**Photo by Vasant Patel, Agra 8-12-12**

Editors: Dr. Rajendrasinh Jadeja, Prof. Hari Desai
Printed at Anand Press, Anand 388 001.
Printed, Published and owned by: Prin. R.P. Patel, Hon. Secretary, Charutar Vidyamandal and Published at Vallabh Vidyanagar 388 120., Gujarat